©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVII ]    THURSDAY, 30th JULY, 2026/SRAVANA 08, 1948    [ Issue No. 31**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| PART | Pages |
|---|---|
| **PART - I**<br>Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appointments etc., | 469-520 |
| **PART - I - A**<br>Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil |
| **PART - I - B**<br>(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - II**<br>Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 7433-7856 |
| **PART - III**<br>Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# Government Notifications, Orders Appointments, etc.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### Miscellaneous Notifications appointments etc.

---

### અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા
**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું**

**વંચાણે :** ડાયરેક્ટર જનરલશ્રી, NTA, નવી દિલ્હીના Letter No. D.O.No.NTA/NEET-UG/2026, Dt. 06-04-2026

### જાહેરનામું

નં. મજસ-૧/NEET પરીક્ષા/૨૦૨૬/વશી-૨૩૬૯ થી ૨૩૮૫.-ડાયરેક્ટર જનરલશ્રી, NTA, નવી દિલ્હીના ઉક્ત વંચાણવાળા પત્રની વિગતે નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા આગામી તા. ૦૩-૦૫-૨૦૨૬ના રોજ યોજાનાર NEET-૨૦૨૬ પરીક્ષા અંગે જરૂરી આનુષાંગિક કાર્યવાહી કરવા તથા પરીક્ષાના સુચારૂ વ્યવસ્થાપન માટે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા જણાવેલ છે.

વાસ્તે હું, કે. આર. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ અમોને મળેલ અધિકારની રૂઈએ સુરેન્દ્રનગર જિલ્લાના આ સાથેના સામેલ પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં તેની સામે દર્શાવેલ પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાર્થીઓ શાંતિથી પરીક્ષા આપી શકે તે માટે તા. ૦૩-૦૫-૨૦૨૬ ના રોજ પરીક્ષાના દિવસે નીચે મુજબના પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા મને જરૂરી જણાય છે.

૧. પરીક્ષા દિવસના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રો (સ્થળો)ની આજુબાજુમાં આવેલી તમામ ઝેરોક્ષ મશીનોની દુકાનોના સંચાલકો દ્વારા પરીક્ષા સમય દરમિયાન થતી ગેરરીતિઓ અટકાવવા સારૂ તમામ ઝેરોક્ષની દુકાનો ચાલુ રાખવા પ્રતિબંધ ફરમાવવામા આવે છે.

૨. પરીક્ષા કેન્દ્રમાં સેલ્યુલર/મોબાઈલ/ઈલેક્ટ્રોનીક ગેઝેટસ જેવા તમામ ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો ઉપયોગ કરવા તથા લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે તથા કેલ્ક્યુલેટર પરિક્ષા કેન્દ્રમાં ઉપયોગ કરવા કે લઈ જવા અંગે નેશનલ ટેસ્ટીંગ એજન્સીની અધ્યતન સૂચનાઓ અનુસાર પાલન કરવાનું રહેશે.

૩. પરીક્ષાના રોજ સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્ર (સ્થળો) ની આજુબાજુમાં ૪ (ચાર) કે તેથી વધુ વ્યકિતઓએ ઉભા રહેવા પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

૪. પરીક્ષાના દિવસે વિજપુરવઠો ખોરવાઈ નહી તે માટે પરીક્ષાના દિવસે સવારે ૧૦-૦૦ થી ૧૫-૦૦ કલાક દરમિયાન ખોદકામ (Digging) કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી/જે તે વિસ્તારમાં પોલીસ દ્વારા લાઉડ સ્પીકર વાહનોથી પ્રસિધ્ધિ/સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેરાત કરી પ્રસિધ્ધિ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોકત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરાવવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલથી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૯ માહે એપ્રિલ સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે.

---

| State | City | Centre Name | Centre Address | Capacity |
|---|---|---|---|---|
| Gujarat | Surendranagar | Shri K. P. Girls High School Wadhawan | 60 Feet Road, Behind Gandhi Hospital, Near Law College, Wadhawan, Surendranagar-363035 | 240 |
| Gujarat | Surendranagar | PM Shri School Jawahar Navodaya Vidyalaya | Ishdra Road, Haripar Village, Dhrangadhra, Dist. Surendranagar, Gujarat-363310 | 240 |
| Gujarat | Surendranagar | PM Shri Kendriya Vidyalaya Army Area Dhrangadhra | Army Area Dhrangadhra Taluka-Dhrangadhra, Dist. Surendranagar-363035. | 240 |
| Gujarat | Surendranagar | Shree R A Patel Boys High School, Wadhwan City | 60 Feet Road, Kadava Patidar Boarding, Near Law College, Wadhwan City, Surendranagar, Gujarat-363035. | 240 |
| Gujarat | Surendranagar | R.P.P. Girls' High School Surendranagar | Near C.J. Hospital, Vadipara Road, Surendranagar, Gujarat-363001. | 192 |

સુરેન્દ્રનગર, ૨૯ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

## જુના વાહનો લે-વેચ કરતા લોકો પાસે આઈડેન્ટિટી ચકાસી નામ, સરનામાની માહિતીનું રજિસ્ટર રાખવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

વંચાણ : પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૬-૦૫-૨૦૨૬ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૪૫૦/૨૬

## જાહેરનામું

ક્રમાંક : મજસ-૧/જુ.વા. લે-વેચ જાહેરનામુ/૨૦૨૬/વશી-૨૬૬૧ થી ૨૬૯૦.-ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લા કેટલાક સમયથી આંતકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ-અલગ રાજ્યોમાં આંતક ફેલાવવાનાં હેતુથી રજીસ્ટર ન થયા/થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનોના ઉપયોગ કરતા હોવાનું જણાયેલ છે. આંતકવાદી કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ નોંધ નહી હોવાના કારણે તેના મૂળ માલિક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખૂબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે અથવા જૂના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પૂરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ તથા લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. તાજેતરમાં છેલ્લા થોડાક વર્ષોથી દેશના મોટા શહેરોમાં બનેલ બોમ્બ બ્લાસ્ટના બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટર ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનોની ખરીદી કે ભાડેથી મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતીને નુકશાન પહોચે તેવી કોશીષ કરી રહયા હોઈ પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર દ્વારા ઉકત વંચાણવાળા પત્રથી સદરહુ બાબતે તા. ૦૧-૦૬-૨૦૨૬ થી તા. ૩૧-૦૭-૨૦૨૬ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે હું, કે. આર. પટેલ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, મને મળેલ અધિકારની રૂએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા અસામાજીક તત્વો રજીસ્ટર ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનોની ખરીદી/લે-વેચ અથવા ભાડેથી મેળવી સ્થાનીક પરીસ્થિતીથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતીઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર તથા આવા જૂના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણ મુકવું મને જરૂરી જણાય છે. જેથી રજિસ્ટર ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ તેમજ વાહનોનું વેચાણ કરનારા તથા આવા જુના વાહનોની લે-વેચ કરનાર તથઆ આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ જ્યારે-જ્યારે આવા નવા/જૂના વાહનોનું વેચાણ કરે, રજીસ્ટર થયેલ હોય તેવા જૂના વાહનોની લે-વેચ કરે કે વાહનો ભાડે આપે ત્યારે જે વ્યકિતને આવું વાહન વેચાણ કરેલ હોય અથવા આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી જરૂરી માહિતી/આધાર પૂરાવા મેળવીને નીચે દર્શાવ્યા પ્રમાણે કોલમ વાઈઝના રજીસ્ટરની સ્થાનિક પો.સ્ટે. ના સહી સિકકા કરાવી નિભાવણી અવશ્યપણે કરવા આથી જણાવવામાં આવે છે.

**જુના વાહન લે-વેચ કરતી વખતે દુકાન ધારક/વેપારીએ નીભાવવાના થતા રજીસ્ટરનો નમુનો**

| ક્રમ | વાહન કોને વેચાલ છે/કોની પાસેથી ખરીદેલ છે/કોને ભાડે આપેલ છે. તેનું પૂરૂ નામ, જ્ઞાતી (જાત), ઉંમર, સરનામું કોન્ટેક નંબર | વાહનનો નંબર/ પ્રકાર, એન્જીન નંબર તથા ચેસીસ નંબર | રજુ કરેલ આધાર પુરાવા જેવા કે, રેશનકાર્ડ/ ચુંટણીકાર્ડ/ડ્રાઈવિંગ લાયસન્સ/બેન્કની પાસબુક/ પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેકટ્રીક બીલ/ટેલીફોન બીલ (ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.) | વાહન કોને વેચેલ છે./ કોની પાસેથી ખરીદેલ છે./ કોને ભાડે આપેલ છે. તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ |
|---|---|---|---|---|
| | | | | |

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧-૦૬-૨૦૨૬ થી તા. ૩૧-૦૭-૨૦૨૬ સુધી (બંન્ને તારીખો સહિત) અમલમાં રહેશે અને આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાન પત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૩૦ માહે, મે, સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩૦ માહે મે, સને ૨૦૨૬.

---

## મકાન ભાડે આપવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

વંચાણ : પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૬-૦૫-૨૦૨૬ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૪૪૮/૨૬.

## જાહેરનામું

ક્રમાંક : મજસ-૧/ભાડે મકાન જાહેરનામુ/૨૦૨૬/વશી ૨૬૯૧ થી ૨૭૨૦.-ત્રાસવાદી/અસામાજિક તત્વો શહેરોમાં ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ આંતકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જિંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતિને નુકસાન પહોંચે છે અને આ વિસ્તારનો સરવે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. જેથી સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે

મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડે ન આપે તેમજ ભાડે આપેલ મકાનની વિગત જે તે પોલીસ સ્ટેશન ખાતે માહિતી આપવા અંગેનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ નો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ગણવા તા. ૦૧-૦૬-૨૦૨૬ થી તા. ૩૧-૦૭-૨૦૨૬ સુધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા વંચાણવાળા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના પત્રથી દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, કે. આર. પટેલ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, અમોને મળેલ અધિકારની રૂઈએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં કોઈ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીક કે ખાસ સત્તા આપેલ વ્યક્તિ, જ્યારે મકાન ભાડે આપે ત્યારે તે વિસ્તારના સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહીં. મકાન માલીકે ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબની જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

| અ. નં. | મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં આવેલ છે તેની પુરેપુરી વિગત તથા કેટલા ચો. મી. બાંધકામ | મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યકિતનું નામ | મકાન ભાડે આપ્યાની તારીખ તથા માસિક ભાડાની રકમ રૂપિયા | કોઈ વ્યકિતઓને ભાડે આપેલ છે. તેમના પાકા નામ સરનામા ફોટા સાથે આપવા | મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર દલાલ/ઓળખાણ આપનાર વ્યક્તિનું નામ સરનામું |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧-૦૬-૨૦૨૬ થી તા. ૩૧-૦૭-૨૦૨૬ સુધી (બંન્ને તારીખો સહીત) અમલમાં રહેશે અને આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર, વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોકત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૩૦ માહે મે સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩૦ માહે મે, સને ૨૦૨૬.

---

**ભંગાર લે-વેચ કરતા લોકો પાસે માહિતીનું રજીસ્ટર રાખવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું**

**વંચાણ :** પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૬-૦૫-૨૦૨૬ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૪૪૭/૨૬.

## જાહેરનામું

ક્રમાંક : મજસ-૧/ભંગાર લે-વેંચ જા.નામુ/૨૦૨૬/વશી-૨૭૨૧ થી ૨૭૫૦.-જિલ્લામાં ચોરીઓના અવાર-નવાર બનાવ બનતા હોય જે બનાવોમાં ઘણા કિસ્સાઓમાં ચોરી કરનાર ઈસમો ચોરેલી ચીજ વસ્તુઓ ભંગારની લે-વેચ કરતા વેપારીઓને સસ્તા ભાવે વેચી દેતા હોય છે અને તપાસ દરમિયાન ભંગારનો લે-વેચનો ધંધો કરતા વેપારીઓનો સંપર્ક કરતા ભંગારની લે-વેચ કરતા વેપારીઓ પાસે ભંગાર વેંચવા આવેલ કે ખરીદ કરનારની કોઈ વિગત મળતી નથી કે તેઓ દ્વારા આવા કોઈ રજીસ્ટરો નિભાવવામાં આવતા નથી. જેથી ચોરી કરનાર ગુનેગારો સુધી પોલીસ સહેલાઈથી પહોચી શકતી નથી. જેથી આવા ભંગારની લે-વેંચ કરતા વેપારીઓએ ભંગાર વેંચવા આવનાર તેમજ ખરીદ કરવા આવનાર વ્યક્તિના નામ સરનામા તથા આઈ.ડી. પ્રુફ સાથેની સંપુર્ણ વિગત દર્શાવતુ રજીસ્ટર રાખવુ જરૂરી છે. જેથી પોલીસ વિભાગને જરૂર પડે ત્યારે સંપુર્ણ વિગત મળી રહે અને આરોપી સુધી સહેલાઈથી પહોચી શકાય જેથી નીચે જણાવેલ કોલમ મુજબનું રજીસ્ટર નિભાવવા ભંગાર લે-વેંચનો ધંધો કરતા વેપારીઓને અમલ કરાવવા સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર દ્વારા ઉકત વંચાણવાળા પત્રથી તા. ૦૧-૦૬-૨૦૨૬ થી તા. ૩૧-૦૭-૨૦૨૬ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે હું, કે. આર. પટેલ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો મને મળેલ અધિકારની રૂઈએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લો વિસ્તારમાં ભંગાર લે-વેંચ કરનાર વેપારીઓને ભંગાર વેંચવા આવનાર તથા ખરીદ કરવા આવનાર વ્યકિતના નામ, સરનામા તથા આઈ.ડી. પ્રુફ સાથેની સંપુર્ણ વિગત દર્શાવતું રજીસ્ટર નિભાવવા માટે ભંગારનો સમાન લે-વેંચ કરનારા વેપારીઓ ઉપર નિયંત્રણ મુકવું મને જરૂરી જણાય છે. જેથી ભંગારનો સામાન ખરીદવા આવનાર તથા વેંચવા આવનાર વ્યકિત પાસેથી નામ, સરનામા તથા આઈ.ડી. પ્રુફ જેવી જરૂરી માહિતી/આધાર પૂરાવા મેળવીને નીચે દર્શાવ્યા પ્રમાણે કોલમ વાઈઝના રજીસ્ટરની સ્થાનિક પો.સ્ટે.ના સહી સિક્કા કરાવી નિભાવણી અવશ્યપણે કરવા આથી જણાવવામાં આવે છે.

**ભંગારનો સામાન લે-વેચ કરતી વખતે દુકાન ધારક/વેપારીએ નિભાવવાના થતા રજિસ્ટરનો નમુનો**

| ક્રમ | તારીખ | ભંગારનો પ્રકાર/વર્ણન તથા અન્ય વિગત | ભંગાર જેની પાસેથી ખરીદેલ હોય તેનું નામ, સરનામુ, એક આઈ.ડી. પ્રુફ તથા તેનો તાજેતરનો ફોટો | ભંગાર જેને વેચેલ હોય તેનુ નામ, સરનામુ, એક આઈ.ડી. પ્રુફ તથા તેનો તાજેતરનો ફોટો |
|---|---|---|---|---|
| | | | | |

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧-૦૬-૨૦૨૬ થી તા. ૩૧-૦૭-૨૦૨૬ સુધી (બંન્ને તારીખો સહીત) અમલમાં રહેશે અને આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર, વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૩૦ માહે મે સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩૦ માહે મે, સને ૨૦૨૬.

---

## વિદેશી નાગરીકો/પરપ્રાંતિય લોકોને કામે/મજુરી માટે રાખવામાં આવે ત્યારે નાગરીકતાના પુરાવા તથા ગુનાહીત ઈતિહાસની જરૂરી ખાતરી કરવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

વંચાણ : પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૬-૦૫-૨૦૨૬ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામું/૪૪૯/૨૬

## જાહેરનામું

ક્રમાંક : મજસ-૧/મજુર ઠેકેદાર જાહેરનામું/૨૦૨૬/વશી ૨૭૫૧ થી ૨૭૮૦.-અત્રેના સુરેન્દ્રનગર જિલ્લામાં મિલકત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા હોય અને આવા ગુન્હાઓની તપાસ કરતાં મોટા ભાગના કિસ્સાઓમાં જાણવા મળેલ છે કે ગુજરાત બહારનાં રાજ્યોમાંથી આવેલ મજુરો પ્રાથમિક ધોરણે રોડ પર ખાડા ખોદવાનાં તેમજ ઔદ્યોગિક એકમોમાં મજુરી કામ મેળવી તથા ખેતી કામ કરી સ્થાનિક પરીસ્થિતીથી વાકેફ થઈ મોટી ઘરફોડ ચોરી, લુંટ તથા અન્ય મિલકત વિરૂધ્ધના ગુન્હા આચરી પરત પોતાનાં વતનમાં જતા રહે છે અને આવા ગુન્હા વણશોધાયેલ રહે છે.

તાજેતરમાં અત્રેના રાજ્યમાં ગેરકાયદેસર રીતે ખોટા પુરાવા/દસ્તાવેજો બનાવી રહેતા હોય તેવા અન્ય દેશોના નાગરીકો પકડાયેલ છે આ નાગરીકો પૈકી અમુક નાગરીકો આતંકવાદી પ્રવૃતિઓમાં જોડાયેલ હોય તેવુ પણ જણાઈ આવેલ છે. આ નાગરીકો ઔદ્યોગિક એકમોમાં મજુર તરીકે/સોનાચાંદીના વેપારીને ત્યાં કારીગર તરીકે તથા અન્ય મજુરી કામ કરતા હોય છે આવા લોકોને મજુર કે કારીગર તરીકે રાખતા પહેલા જે તે ઔદ્યોગિક એકમોના સંચાલકો/વેપારીઓ કોઈપણ જાતના નાગરિકતાના પુરાવા કે ગુનાહીત ઈતિહાસની માહીતી મેળવ્યા સિવાય કામે રાખતા હોય છે જે દેશની સુરક્ષા સંદર્ભે ખૂબજ ગંભીર બાબત છે.

જેથી અત્રેના જિલ્લામાં જે પણ ઔદ્યોગિક એકમો/દુકાનો/ખેત મજુરો/અન્ય કોઈ રીતે વિદેશી નાગરીકો/પરપ્રાંતિય લોકો કામે/મજુરી માટે રાખવામાં આવે ત્યારે જે તે ઔદ્યોગિક એકમ સંચાલક/દુકાનના માલિક/મજુર ઠેકેદારો/સપ્લાયર્સ/કોન્ટ્રાકટરોએ કામે/મજુરી માટે રાખવામાં આવનાર ઈસમના નાગરીકતાના પુરાવા તથા ગુનાહીત ઈતિહાસની જરૂરી ખાતરી કર્યા બાદ જ કામે રાખવા તેમજ નીચે જણાવેલ ફોર્મ મુજબની માહિતી સબંધિત પોલીસ સ્ટેશન ખાતે પુરી પાડે તે અંગે પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર દ્વારા ઉકત વંચાણવાળા પત્રથી સદરહુ બાબતે તા. ૦૧-૦૬-૨૦૨૬ થી તા. ૩૧-૦૭-૨૦૨૬ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે હું, કે. આર. પટેલ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો મને મળેલ અધિકારની રૂઈએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં આવી પ્રવૃતિ અટકાવી શકાય તે માટે કોઈ પણ મજુર ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટરો જ્યારે જ્યારે મજુરો કામે રાખે ત્યારે નીચે જણાવેલ ફોર્મ મુજબની માહિતી સબંધિત પોલીસ સ્ટશેન ખાતે રજુ કરવા આથી જણાવવામાં આવે છે.

**મજુરો ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટરો જ્યારે જ્યારે મજુરો કામે રાખે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનમાં માહીતી આપવાનું ફોર્મ**

| | | |
|---|---|---|
| ૧. | લેબર કોન્ટ્રાકટર/મુકાદમ (સપ્લાયર)નું પુરૂ નામ, સરનામું, મોબાઈલ નંબર સહિત | |
| ૨. | મજુરનું નામ તથા ઉંમર વર્ષ | |
| ૩. | મજુરનું હાલનું સરનામું તથા મોબાઈલ નંબર | |
| ૪. | મજુરનું મુળ વતનનું સરનામું ગામ, તાલુકો, જિલ્લો | |
| ૫. | હાલની મજુરીનું સ્થળ/કંપનીનું નામ | |
| ૬. | મજુરના વતનનાં સ્થાનિક પો. સ્ટે.નું નામ તથા જિલ્લો અને ટેલીફોન નંબર | |
| ૭. | મજુરના વતનના આગેવાનનું નામ, સરનામું, સંપર્ક નંબર | |
| ૮. | મજુર અગાઉ કોઈ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત | |
| ૯. | કયારથી મુકાદમે/કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે | |
| ૧૦. | મજુરનું ઓળખ માટેનું આઈ.ડી. પ્રુફ (ફોટા સાથેનું) | |
| ૧૧. | સુરેન્દ્રનગર જિલ્લામાં કઈ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ? | |
| ૧૨. | સુરેન્દ્રનગર જિલ્લામાં નજીકના સંબંધી હોય તો તેનું નામ સરનામું અને સંપર્ક નંબર | |

| | | |
|---|---|---|
| ૧૩. | મજુરના ભાઈ / બહેનના નામ / સરનામા / મોબાઈલ નંબર | |
| ૧૪. | મજુરના કાકા / માસાનાં નામ / સરનામા / મોબાઈલ નંબર | |
| ૧૫. | હાલમાં જયાં રહે છે ત્યાં તેના ગામના કોણ છે ? તેના નામ, સરનામા, મોબઈલ નંબર | |
| ૧૬. | આધારકાર્ડ નંબર | |
| ૧૭. | નાગરીકતાના પુરાવા અન્ય પુરાવા (નકલ સાથે) | |
| ૧૮. | અન્ય માહિતી | |

મજુરનો તાજેતરનો ફોટો

મજુરના અંગૂઠાનું નિશાન : ..........................................................................

મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહી : ......................................................

નામ : ...............................................................................................

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧-૦૬-૨૦૨૬ થી તા. ૩૧-૦૭-૨૦૨૬ સુધી (બંન્ને તારીખો સહીત) અમલમાં રહેશે અને આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર, વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોકત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૩૦ માહે મે સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩૦ માહે મે, સને ૨૦૨૬.

---

**મોબાઇલ ફોનના ટ્રેકીંગ કરવામાં હાલમાં પડતી મુશ્કેલીઓનું નિરાકરણ કરવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું**

**વંચાણ :** પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૬-૦૫-૨૦૨૬ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૪૫૧/૨૬.

## જાહેરનામું

ક્રમાંક : મજસ-૧/મો. ફો. ટ્રેકિંગ જા.નામુ/૨૦૨૬/વશી-૨૭૮૧ થી ૨૮૧૦.-રાજ્યમાં બનતા વિવિધ ગુન્હાઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થાય છે અને મોબાઈલ ચોરીઓના ગુન્હાનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશ કરનાર સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી.

પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા કાઢવા નીચે મુજબની માહિતી ઉપયોગી થાય છે.

૧. કોઈપણ (જુના કે નવા) મોબાઈલ વપરાશ ધારકે તે મોબાઈલ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વહેંચેલ છે ? તે જાણવું જરૂરી છે.

૨. જે અંગે કોઈપણ (જુના કે નવા) મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વહેંચારનું તથા મોબાઈલ વેંચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરૂ નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવામાં આવે તે જરૂરી છે.

મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાનાં મુળ સુધી પહોંચે ત્યારે આવું જાણવા મળે છે કે મોબાઈલ કોઈ અજાણી વ્યકિતએ મને આપેલ છે અને તેને હું ઓળખતો નથી તેમ જાણવા મળે છે. પરીણામે તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળી શકતી નથી. જેથી આ બાબતે કોઈપણ વ્યકિતઓ મોબાઈલ/હેન્ડસેટ વિગેરે ફોટા સાથેના કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેંચનારની જવાબદારી નકકી કરવામા આવતું જાહેરનામું બહાર પાડવામા આવે તો આવા મોબાઈલ ચોરીના ગુન્હાઓ અટકાવી શકાય અને ગુન્હાઓનાં મુળ સુધી પહોંચી શકાય તેમ હોય, પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર દ્વારા ઉકત વંચાણવાળા પત્રથી તા. ૦૧-૦૬-૨૦૨૬ થી તા. ૩૧-૦૭-૨૦૨૬ સુધી સદરહુ બાબતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે હું, કે. આર. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, મને મળેલ અધિકારની રૂઈએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં આવી પ્રવૃતિ અટકાવી શકાય તે માટે સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ તમામ જુનાં કે નવા મોબાઈલ લે-વેચ કરતા દુકાન ધારકોએ ગ્રાહકો પાસેથી ઓળખ અંગેનું પુરૂ નામ, સરનામું રજીસ્ટરમાં નોંધવુ ફરજીયાત બનાવવા નીચે મુજબના રજીસ્ટર નિભાવવા આથી જણાવવામાં આવે છે.

**જુના કે નવા મોબાઇલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :**

| અ.નં. | મોબાઇલ ફોનની વિગત/ કંપની/મોડલ નંબર | IMEI નંબર | મોબાઇલ કોની પાસેથી ખરીદ કરેલ છે તેનું પુરુ નામ સરનામું, મોબાઇલ નંબર સહીત | ID પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

જૂના કે નવા મોબાઈલ વેંચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

| અ.નં. | મોબાઈલ ફોનની વિગત/ કંપની/મોડલ નંબર | IMEI નંબર | મોબાઈલ કોને વેચેલ છે તેનું પુરૂ નામ સરનામું, મોબાઈલ નંબર સહીત | ID પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧-૦૬-૨૦૨૬ થી તા. ૩૧-૦૭-૨૦૨૬ સુધી (બંન્ને તારીખો સહીત) અમલમાં રહેશે અને આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર, વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોકત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૩૦ માહે મે સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩૦ માહે મે, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ જાહેર સ્થળો ખાતે સી.સી.ટી.વી. કેમેરા અંગેનું**

**સંદર્ભ :** પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૬-૦૫-૨૦૨૬ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૪૪૬/૨૬

## જાહેરનામું

ક્રમાંક : મજસ-૧/સી.સી.ટી.વી. કેમેરા જા.નામું/૨૦૨૬/વશી-૨૬૩૧ થી ૨૬૬૦.-ભૂતકાળમાં અમદાવાદમાં બનેલ આંતકવાદી તત્વો દ્વારા અલગ અલગ જગ્યાએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તેમજ મિલકતોને મોટા પાયે નુકશાન કરવામાં આવેલ તે ધ્યાને લેતા તથા રાષ્ટ્રીય ગુપ્તચર સંસ્થાઓ તરફથી વખતો વખત આ અંગે મળતી માહિતી મુજબ આવી રાષ્ટ્ર વિરોધી આંતકવાદી પ્રવૃતિ કરતી ગેંગ રાજ્ય તેમજ બહારથી આવે છે અને વાહનોનો ઉપયોગ કરે છે. હાઈવેની હોટલોમાં નાસ્તો અથવા જમવા માટે રોકાય છે. તેમજ પેટ્રોલપંપમાં પેટ્રોલ/ડીઝલ પુરાવવા પણ ઉભા રહેતા હોય અને ગુનો આચરતા પહેલા સ્થાનિક જગ્યાઓનું સર્વેક્ષણ કરતા હોય છે. જેથી આવી બાબતોને ધ્યાને રાખી આતંકવાદી/ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવા હોટલો, રેસ્ટોરન્ટો, પેટ્રોલ પંપ, ટોલપ્લાઝા, શોપિંગ મોલ/કોમ્પલેક્ષ હોસ્પિટલ, રેસ્ટહાઉસ, સોનીની દુકાનો, બેન્કો, આંગડીયા પેઢી, ઢાબા, ટી સ્ટોલ, ખાણીપીણીના સ્થળો, ધર્મશાળાઓ/મુસાફીરખાના, મનોરંજનના તમામ સ્થળો, આંગડીયા પેઢી, વિગેરે જાહેર સ્થળો ખાતે હાઈ ડેફીનેશન તથા નાઈટ વિઝનવાળા સી.સી.ટી.વી. કેમેરા લગાવવા જરૂરી છે.

જેથી સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ હોટલો, રેસ્ટોરન્ટો, પેટ્રોલ પંપ, ટોલપ્લાઝા, શોપિંગ મોલ/કોમ્પલેક્ષ હોસ્પિટલ, રેસ્ટહાઉસ, સોનીની દુકાનો, બેન્કો, આંગડીયા પેઢી, ઢાબા, ટી સ્ટોલ, ખાણીપીણીના સ્થળો, ધર્મશાળાઓ/મુસાફીરખાના, મનોરંજનના તમામ સ્થળો, આંગડીયા પેઢી, વિગેરે જાહેર સ્થળો ખાતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાને રાખી હાઈ ડેફીનેશન તથા નાઈટ વિઝનવાળા સી.સી.ટી.વી. કેમેરા તમામ સ્થળો ખાતે અંદર તથા બહાર બન્ને પ્રિમાઈસીસ સંપુર્ણ કવર થાય તે મુજબ લગાવવા, જેમાં ઓછામાં ઓછુ એક માસનું બેક-અપ રહે તેવા ડીવીઆર સાથે લગાવવા તથા આ સી.સી.ટી.વી. કેમેરા પૈકી એક સી.સી. ટી.વી. કેમેરો રોડ/રસ્તાની મુવમેન્ટ તથા એન્ટ્રી/એક્ઝીટ સંપૂર્ણપણે કેપ્ચર થાય તે રીતે લગાવવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ તા. ૦૧-૦૬-૨૦૨૬ થી તા. ૩૧-૦૭-૨૦૨૬ના સમયગાળા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા સંદર્ભવાળા પત્રથી પોલીસ અધિક્ષકશ્રી સુરેન્દ્રનગર દ્વારા દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે.

વાસ્તે હું કે. આર. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, મને મળેલ અધિકારની રૂએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે (૧) સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા/શહેરમાં આવેલ તમામ ઢાબા, ટી સ્ટોલ, ખાણીપીણીના સ્થળો, આંગડીયા પેઢી, મનોરંજનના તમામ સ્થળો ખાતે હાઈ ડેફિનેશન તથા નાઈટ વિઝનવાળા સી.સી.ટી.વી. કેમેરા લગાવવા જેમાં ઓછામાં ઓછું એક માસનું બેકઅપ રહે તેવા ડી.વી.આર. સાથે લગાવવાના રહેશે. (૨) હોટેલ, રેસ્ટોરન્ટો, પેટ્રોલપંપ, ટોલપ્લાઝા, શોપીંગ મોલ/કોમ્પ્લેક્ષ, હોસ્પીટલ, રેસ્ટહાઉસ, સોનીની દુકાનો, બેંકો, આંગડીયા પેઢી, ઢાબા, ટી-સ્ટોલ, ખાણીપીણીના સ્થળો, ધર્મશાળા/મુસાફિરખાના, મનોરંજનના તમામ સ્થળો ખાતે અંદર તથા બહાર બંને પ્રિમાઈસીસ સંપૂર્ણ કવર થાય તે મુજબ સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે. (૩) ઉપરોકત સ્થળો ખાતે રાખવામાં આવેલ સી.સી.ટી.વી. કેમેરા પૈકી એક સી.સી.ટી.વી. કેમેરા રોડ/રસ્તાની મુવમેન્ટ તથા એન્ટ્રી/એકિઝટની જગ્યા સંપૂર્ણપણે આવરી લેવાય તે રીતે લગાવવા મુજબની વ્યવસ્થા કરવા આથી આદેશ ફરમાવું છું.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧-૦૬-૨૦૨૬ થી તા. ૩૧-૦૭-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાં નો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૩૦ માહે મે સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩૦ માહે મે, સને ૨૦૨૬.

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું વંચાણ :**

૧. ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરના તા. ૦૨-૦૫-૨૦૨૬ પત્ર નં. ગુ.પ્રા.ક.બો.પ્રશા/કટમ/૧૦૭(૮૫)/૧૯૯૫૨૦૯૬/૨૦૨૬

૨. સભ્ય સચિવશ્રીપ્રાણી કૃરતા નિવારણ સમિતિ-સુરેન્દ્રનગર-વ-નાયબ પશુપાલન નિયામક જિ.પં.સુરેન્દ્રનગરના તા. ૨૫-૦૫-૨૦૨૬ના પત્ર નં. સુજીપં/નાપની/ટેક/વશી-૧૨૯૮-૧૨૯૯/૨૦૨૬.

## જાહેરનામું

નં. મજસ-૩/ગ્લુ ટ્રેપ પ્રતિબંધ જા.નામું/૨૦૨૬/વશી ૧૦૮૧ થી ૧૧૦૬.-

૧. વંચાણ-(૧)વાળા ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરના પત્રથી ઉંદર પકડવાની જાળ(ગ્લુ ટ્રેપ) જેને ગ્લુ-બોર્ડ અથવા સ્ટીકી તરીકે પણ ઓળખવામાં આવે છે. જે બિન-ઘાતક તથા પ્રતિબંધિત છે અને તેનો ઉપયોગ મોટાભાગે ઉંદરોને પકડવા માટે થાય છે. જયારે ઉંદર ગ્લુ ટ્રેપ વાળી સપાટી પર ચાલે છે અથવા ઉતરે છે ત્યારે ગુંદરની જાળમાં પકડાયા પછી પોતાની રીતે મુકત કરવા અસમર્થ બને છે, જેના પરિણામે ડિહાઈડ્રેશન, ભુખમરો અને ગુંગળામણના કારણે આખરે પીડાદાયક મૃત્યુ પામે છે. નામ. ગુજરાત હાઈકોર્ટમાં write Petition (PIL) 28/2024 થયેલ સંદર્ભે તા. ૧૮-૦૫-૨૦૨૪ ના ઓરલ ઓર્ડરથી પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૧ મુજબ કોઈપણ પ્રાણીની બિનજરૂરી પીડા, વેદના ન આપવા અંગે જોગવાઈ થયેલ છે.

૨. વંચાણ-(૨)વાળા સભ્ય સચિવશ્રી પ્રાણી કૃરતા નિવારણ સમિતિ-સુરેન્દ્રનગર-વ-નાયબ પશુપાલન નિયામક જિલ્લા પંચાયત, સુરેન્દ્રનગર દ્વારા પ્રસ્તુત બાબતે પ્રાણી કૃરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૧ મુજબ ઉંદર પકડવાની જાળ (ગ્લુ ટ્રેપ)ના ઉત્પાદન, વેચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ અંગેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

૩. સદરહું બાબતે પુખ્ત વિચારણા કરતા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ અમોને મળેલ સત્તાની રૂઈએ અત્રેના સુરેન્દ્રનગર જિલ્લામાં ઉંદર પકડવાની જાળ(ગ્લુ ટ્રેપ)ના ઉત્પાદન, વેચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું બહાર પાડવું યોગ્ય જણાય છે.

૪. વાસ્તે હું, કે. આર. પટે (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, ફરમાવું છું કે, સમગ્ર સુરેન્દ્રનગર જિલામાં ઉંદર પકડવાની જાળ (ગ્લુ ટ્રેપ) ના ઉત્પાદન, વેચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ મુકવા આદેશ કરૂ છું.

૫. જો કોઈ ઈસમ ઉપરોકત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરાવવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલથી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

૬. આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ દ્વારા લાઉડ સ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ જાહેરનામુ ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

૭. આ જાહેરનામું તા. ૨૫-૦૫-૨૦૨૬ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૬ માહે મે સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૨૬ માહે મે, સને ૨૦૨૬.

**કે. આર. પટેલ, GAS**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
સુરેન્દ્રનગર જિલ્લો

---

## ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

**ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું**

## જાહેરનામું

નાં. મેજી/પોલ-૧/જાહેરનામું/૩૭(૧)/૦૩/૨૦૨૬.-કચ્છ જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો/મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી નજરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું નિકુંજ પરીખ, (જી.એ.એસ.) ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૧૯-૦૩-૨૦૨૬ થી તા. ૦૨-૦૪-૨૦૨૬ સુધી બન્ને દિવસો સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહીં.

(જ) જો છટાદાર ભાષણ આપનાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવો નહીં.

**આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજા કોઈ વ્યક્તિઓને.

**અનુસૂચિ : ''સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર''**

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે. આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૧૮-૦૩-૨૦૨૬ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૧૮ માહે માર્ચ, સને ૨૦૨૬.

**નિકુંજ પરીખ**
ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ-ભુજ

---

## પોલીસ કમિશ્નર દ્વારા

### ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) મુજબ અન્વયે કાઢેલ હુકમ

## હથીયારબંધી જાહેરનામું

ક્રમાંક:એસબી/જાહેરનામું/૨૫૨૦/૨૦૨૬.-રાજકોટ શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવાં પગલાં લેવા જરૂરી છે. તેમજ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હુકુમત વિસ્તારમાં બનતાં ગુનાઓમાં છરી, ચપ્પા, ખંજર, રામપુરી ચપ્પા શસ્ત્રો, તલવાર, ભાલા, બંદૂકનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુના બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબ મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એક્ટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છુ અને નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**: પ્રતિબંધિત કૃત્યો :**

(૧) કોઈપણ શસ્ત્ર કે શસ્ત્રો, બંદુક, તલવાર, ભાલા, ખંજર, તથા છરી/ચપ્પા તથા શારીરીક હિંસા પહોંચાડવામાં, ઉપયોગ કરી શકાય તેવા કે હિંસા કરવાના આશયથી ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો જાહેરમાં લાવવા-લઈ જવા કે પ્રદર્શન કરવા કે અન્ય રીતે જાહેરમાં સાથે રાખીને ફરવા ઉપર.

(૨) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા કે કોઈની સામે તાકવા પર કે તાકવાનો પ્રયત્ન કરવા પર તેમજ સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમુદાયમાં લાવવા-લઈ જવા ઉપર.

(૩) કોઈ પણ શરીરને હાનિ પહોચાડે તેવો સ્ફોટક પદાર્થ/ચીજ વસ્તુ લાવવા-લઈ જવા ઉપર.

(૪) પથ્થરો અથવા બીજા શસ્ત્રો/યંત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના શસ્ત્રો/યંત્રો અથવા સાધનો લઈ જવા પર તથા એકઠા કરવા પર અથવા બીજા કોઈને આવુ કહેવા પર તથા તૈયારી કરવા પર.

(૫) આમ જનતામાં ભય ઉત્પન્ન થાય તેવા રેમ્બો છરા/ચપ્પુ કે ઘાતક છરા/ચપ્પુ લાવવા, રાખવા, વેચાણ કરવા, ખરીદ કરવા તેમજ ઓનલાઈન વેચવા કે ખરીદ કરવા પર.

(૬) કોઈપણ વ્યકિતનું પૂતળું બનાવવા કે બનાવવાનો પ્રયત્ન કરવા પર, કોઈપણ વ્યક્તિની આકૃતિ/ચિત્ર/પૂતળાં બાળવા, લટકાવવા, દેખાડવા કે ફાંસી આપવા પર કે આ પ્રકારનો પ્રયત્ન કરવા પર.

(૭) પ્રાઈવેટ સિકયોરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સવાળા હથિયારો સાથે લઈ પોતાની ફરજ સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા ઉપર.

(૮) ઝીગઝેક પ્રકારના ચાઈનીઝ બનાવટના ચપ્પુઓ સાથે રાખવા અને વેચાણ કરવા ઉપર.

(૯) સળગતી અગર સળગાવેલી મશાલ રાખવા કે રાખવાનો પ્રયત્ન કરવા બદલ કે મશાલ સરઘસ સાથે રાખવા પર.

(૧૦) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા ફેલાવો કરવાથી, સુરૂચિ અથવા પ્રતિષ્ઠાનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

**: અમલવારીના સમય :**

આ હુકમનો અમલ ૦૧-૦૫-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૬-૨૦૨૬ ના કલાક ૨૪-૦૦ સુધી.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

: અપવાદ :

**આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી**

(૧) આ જાહેરનામું જે વ્યકિતઓ સરકારી/અર્ધસરકારી નોકરીની કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીઓએ આવા કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યુ હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેને લાગુ પડશે નહીં.

(૨) પોલીસ કમિશ્નર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈ પણ અધિકારીઓએ જેને શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૩) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ અકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તેમજ રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ રોજ તારીખ : ૨૭-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

## જેલ સુરક્ષા અંગેનું જાહેરનામું

### ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક : એસ.બી./૧૪/જાહેરનામું/૨૫૨૧/૨૦૨૬.-ભુતકાળમાં બનેલ દેશ વિરોધી તથા સમાજ વિરોધી બનાવોની તપાસ દરમ્યાન આવા બનાવોમાં સંડોવાયેલ આરોપીઓમાં જેલમાં રહેલ કેદીઓ પણ સામેલ હોવાની હકિકત જાણવા મળેલ છે તેમજ તાજેતરમાં જેલ કસ્ટડીમાં રહેલ આરોપીઓ જાપ્તામાંથી ભાગી જવાના બનાવોની તપાસ દરમ્યાન પણ જે હકિકત બહાર આવેલ છે તે મુજબ આ કેદીઓ તેઓની જેલ કસ્ટડી દરમ્યાન પોતાની પાસેના મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા હોવાની હકિકત તપાસ દરમ્યાન જણાયેલ છે તેમજ જેલમાં રહેલ દેશ વિરોધી કૃત્ય કરવા વાળા ઈસમો આ રીતે જેલમાં રહી મોબાઈલનો ઉપયોગ કરી ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે જેથી દેશની આંતરીક સલામતી તથા માનવ જીંદગીની ખુવારી ન થાય અને લોકોની મિલકતને નુકસાન ન થાય તેવા કૃત્ય અટકાવવા તથા સુરક્ષાને ધ્યાને લઈ તકેદારીના પગલા રૂપે રાજકોટ પોપટપરા મધ્યસ્થ જેલ પ્રિમાઈસીસમાં (સંકુલમાં) અમુક નિયંત્રણો મુકવાની જરૂર જણાય છે.

: હુકમ :

વાસ્તે હું, બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે, રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ રાજકોટ પોપટપરા મધ્યસ્થ જેલ પ્રિમાઈસીસમાં (સંકુલમાં) સલામતી અને સુરક્ષાના કારણોને ધ્યાને લઈ આ પ્રિમાઈસીસમાં કોઈપણ વ્યકિત મોબાઈલ ફોન, આઈપેડ કે દૂર સંચાર માધ્યમના અન્ય ગેઝેટ્સનો ઉપયોગ કરી શકશે નહીં અને મોબાઈલ ફોન કે સીમકાર્ડ કે દૂર સંચાર માધ્યમના અન્ય ગેઝેટ્સ સાથે રાખી શકશે નહીં તેમજ આવા કોઈ સાધનો/ગેઝેટ્સ સાથે જેલના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરી શકશે નહીં/કરશે નહીં.

: અપવાદ :

કોઈ પણ જાહેર રાજ્ય સેવક કે જે પોતાની ફરજના ભાગ રૂપે બંધાયેલ છે તેવી વ્યક્તિને તેની ફરજ દરમ્યાન આ હુકમ લાગુ પડશે નહીં.

: અમલવારીનો સમય :

આ હુકમ તા. ૦૧-૦૫-૨૦૨૬ ના ક. ૦૦-૦૦ થી તા. ૩૦-૦૬-૨૦૨૬ ના ક. ૨૪-૦૦ વાગ્યા સુધી

: પ્રતિબંધિત વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળ રાજકોટ પોપટપરા મધ્યસ્થ જેલ પ્રિમાઈસીસમાં (સંકુલમાં) નો સમગ્ર વિસ્તારમાં રહેશે.

: શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNSS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે રાજકોટ કમિશ્નરેટમાં વિસ્તારમાં ફરજ બજાવતા રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા(BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરૂ છું.

: જાહેર વિજ્ઞપ્તિ :

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરાવવી તથા રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરની કચેરી ખાતે નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૨૭-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

### ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

## CCTV કેમેરા અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૨૫૨૩/૨૦૨૬.-રાજકોટ શહેરમાં બહારના રાજ્યોમાંથી તથા દેશ બહારથી આંતકવાદી અને સમાજ વિરોધી

તત્વો ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની પુષ્કળ અવર-જવર વાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી માનવ જિંદગીની ખુવારી ન થાય અને લોકોની માલ-મિલ્કતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલારૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા કિંમતી ડાયમંડના વેપારીઓ, આંગણીયા પેઢીના વ્યવસાયીકો તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થીયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગીક એકમો, મોટા ધાર્મીક સ્થળો વિગેરે જગ્યાઓ ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું. અને નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) રાજકોટ શહેરના સમગ્ર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ તમામ બેંકો, તમામ એ.ટી.એમ. સેન્ટરો, સોના-ચાંદી તથા ડાયમન્ડના કિંમતી ઝવેરાત વેંચનાર દુકાનો તથા શો-રૂમ તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, કોફીશોપ, કાફે, રેસ્ટોરેન્ટસ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, તથા વ્યવસાયિક સ્થલો કે જ્યાં બહારના માણસોને બેસવાની-રહેવાની સુવિધા પુરી પડાતી હોય તેવા સ્થળો તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગીક એકમો, મોટા ધાર્મિક સ્થળોના માલીકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશદ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સીકયુરીટી માટે મેટલ ડીટેકટર સાથે ફરજ ઉપર નિયુકત કરવાના રહેશે.

(૨) પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નીકળવાના દ્વાર, રીસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યાઓ તથા પાછળના વિસ્તારમાં તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તે રીતે દરેક ગેઈટ ઉપર ગેઈટ વાઈઝ તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા લગાડવાના રહેશે.

(૩) સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તાવાળા વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે. તથા આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ રાખવાના રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓની રહેશે. તેમજ પોલીસ દ્વારા જ્યારે-જ્યારે સી.સી.ટી.વી. ફુટેજ માંગવામાં આવે ત્યારે-ત્યારે કોઈપણ પ્રકારના વિલંબ વગર સી.સી.ટી.વી. ફુટેજ આપવાના રહેશે.

(૪) કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગના પાર્કીંગની અંદર દાખલ થતાં દરેક વાહનો જેવા કે મોટર કાર/ટુ-વ્હીલર વિગેરેનું ચેકીંગ કરવાનું રહેશે તેમજ તે દરેક વાહનની અંદર બેઠેલ વ્યક્તિઓનું સંપુર્ણપણે ચેકીંગ કરવાનું રહેશે.

(૫) દરેક કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગની માલીકી બદલાતી રહે છે આથી જયારે જયારે કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગના માલીકો બદલાય ત્યારે નવા ઓનર્સ દ્વારા તમામ ચેકીંગ યોગ્ય રીતે થાય તેની કાળજી રાખવા અંગે નિયમો બનાવવા અને માલીકીની ફેરબદલી અંગેની જાણ સબંધીત પોલીસ સ્ટેશન તથા પોલીસ કમિશ્નર કચેરીમાં લેખીત દ્વારા કરવાની રહેશે.

(૬) કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગમાં આવતા માલસામાનનું પણ ચેકીંગ થવું જરૂરી છે. જેથી કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગમાં કોઈ કાયદાથી પ્રતિબંધિત માલ-સામાન, સ્ફોટક પદાર્થો આવી જતાં નથી તેનું નીરીક્ષણ પણ થવું જરૂરી છે જે અંગે પણ દરેક મોલ સંચાલકોએ કાળજી લેવી અને જરૂરી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૭) કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગમાં માલીકના ખર્ચે ખાનગી સીકયુરીટી રાખવી અનિવાર્ય રહેશે અને તેઓ સીકયુરીટી ચેકના નિયમોથી માહિતગાર હોવા જોઈએ અને તે અંગે તેઓ તાલીમબધ્ધ થયેલ હોવા જોઈએ તેમજ કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગની સુરક્ષા ૨૪×૭ કલાક જાળવવામાં આવે તે જોવાનું રહેશે.

(૮) કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગની મુલાકાત લેતી તમામ વ્યક્તિઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપુર્ણપણે કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગના માલીકોની રહેશે. કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગમાં એક્સપ્લોઝીવ જેવા કાયદાથી પ્રતિબંધિત પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા ઉભી કરવાની રહેશે. તેમજ કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગના માલીક દ્વારા ચેકીંગ/સલામતિ વ્યવસ્થા સારૂ સ્નેફર ડોગ મારફત ઉભી કરવાની રહેશે.

(૯) હાલ હયાત તમામ ઉપરોક્ત એકમોએ આ જાહેરનામા પ્રસિધ્ધીની તારીખથી દિન-૭માં ઉપર મુજબની વ્યવસ્થા ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતાં એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે.

**: સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા :**

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ, સંપૂર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતા અને બહાર નીકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

(૪) તમામ પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૫) રીશેપ્શન કાઉન્ટર, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે ગોઠવવા.

**: અમલવારીનો સમય :**

આ હુકમનો અમલ તા. ૦૧-૦૫-૨૦૨૬ કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૬-૨૦૨૬ ના કલાક ૨૪-૦૦ સુધી

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિતને ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરાવવી તથા રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરની કચેરી ખાતે નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી.

આજ રોજ તારીખ ૨૭-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

## સરકારી કચેરીમાં બિન અધિકૃત વ્યકિતઓને પ્રતિબંધ અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસ.બી./અનઅધિ. વ્યકિત પ્રવેશ/૨૫૨૮/૨૦૨૬.-પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પોલીસ કમિશ્નર કચેરી, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં આવેલ સરકારી કચેરીઓ, નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી રાજકોટ ગ્રામ્યની કચેરી, પંડીત દિન દયાળ સીવીલ હોસ્પીટલ, શહેર રાજકોટ મહાનગરપાલીકાની કચેરી, ઝોન-ઓફીસો અને કચેરીઓ, શહેર તથા તાલુકા મામલતદારશ્રીની કચેરી, બહુમાળી ભવનમાં સમાવિષ્ટ જુદી-જુદી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી (આર.ટી.ઓ.) માં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. તેમજ જયાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતાં હોય છે. તાજેતરમાં કેટલા બનાવો પરથી ઉકત તમામ કચેરી આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળામાં જાહેર જનતા પાસેથી છેતરપીંડી આચરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવૃતિઓ કરી ઉલ્ટી સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ ઠગાઈ જેવી પ્રવૃતિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

આથી, હું, બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબની મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)-ની કલમ-૨૨૩ મુજબ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરુ છું અને નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પોલીસ કમિશ્નર કચેરી, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં આવેલ તમામ સરકારી કચેરીઓ, નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્યની કચેરી, પંડીત દિન દયાળ સીવીલ હોસ્પીટલ, રાજકોટ શહેર મહાનગરપાલીકાની કચેરી હેઠળની તમામ કચેરી ઝોન-ઓફીસો, પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, પ્રાંત અધિકારીશ્રીની કચેરી, શહેર તથા તાલુકા મામલતદારશ્રીની કચેરી વિગેરે કચેરીઓ કે જયાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી રાજકોટ શહેરની સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલા હોય, કામ કરતાં હોય તેવા અગર વ્યાજબી કામે આવેલા હોય તે સીવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃતિ કરી રહેલ ઈસમોને પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**: અમલવારીનો સમય :**

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૦૫-૨૦૨૬ ના ક. ૦૦-૦૦ થી તા. ૩૦-૦૬-૨૦૨૬ ના ક. ૨૪-૦૦ સુધીનો રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: શિક્ષા :**

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**: જાહેર વિજ્ઞપ્તિ :**

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરાવવી તથા રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરની કચેરી ખાતે નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૨૭-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

## પથિક સોફટવેર અંગેનું જાહેરનામું

ક્રમાંક :એસ.બી./પથિકસોફટવેરઅંગેનુંજાહેરનામું/૨૫૨૯/૨૦૨૬.-ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામજીક તત્વો શહેરના વિસ્તારોમાં આવેલ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાનાઓમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે છે.

બહારના રાજ્યોમાંથી આવતા આવા તત્વો કોઈ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના ભાડે રાખીને રહેતા હોય છે તેઓ આવા આશ્રય સ્થાનો ઉપર રહી શહેરની ભીડભાડવાળી જગ્યાઓ, મોટી હોસ્પીટલો, ઓદ્યોગીક એકમો, સરકારી કચેરીઓ, અતિ-સંવેદનશીલ જગ્યાઓ સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાનામાં આશરો આપતા માલીકો ઉપર થોડાક નિયંત્રણો મુકી નિયમો કરવાનુ દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સતાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદો માટે અધિકૃત કરૂ છું.

## હુકમ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારના હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાનામાં કોઈ પણ વ્યકિતઓને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪-કલાકમાં પોલીસ દ્વારા તૈયાર કરેલ ઓનલાઈન વેબ પોર્ટલ https://pathik.guru/ માં કરવાની રહેશે. આપના હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના ઓની રાજકોટ શહેર એસ.ઓ.જી. શાખાની ઓફીસમાં રજીસ્ટર કરાવી આપના યુઝર આઈડી, પાસવર્ડ મેળવી લઈ રોજે રોજ આવતા તમામ રોકાણ કરતા મુસાફરોની જે તે સમયે ઓન લાઈન પોર્ટલમાં એન્ટ્રી કરવી. તે સિવાય કોઈ વ્યકિતને હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના ના માલીકો ભાડે આપી શકશે નહીં અને આ અંગે આ નીચે કરેલા નિયમોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ હોટલ, ધાબા, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, મુસાફરખાનાઓમાં રૂમો/ જગ્યા કોઈપણ વ્યકિતઓને ભાડે ત્યારે તે અનુસંધાને સ્થાનીક/ પરપ્રાંતીય/ભારતીય અને વિદેશી મુસાફરો/નાગરીકોની પથીક સોફટવેર (ઓન લાઈન વેબ પોર્ટલ) https://pathik.guru માં ડેટાએન્ટ્રી તાત્કાલીક કરવાની રહેશે અને તે અંગેનો રોજેરોજનો સમરી રીપોર્ટ (Export Report) અને તેની સાથે તેઓના આઈ.ડી. પ્રુફની નકલ તથા “C” ફોર્મ હાર્ડકોપી માં નિયમીત ધોરણે રોજે રોજ ૨૪ કલાકની મર્યાદામાં જનરેટ કરી તેમની અલાયદી ફાઈલ બનાવી રેકર્ડ માં રાખવાની રહેશે તથા વિદેશી નાગરીકોની ડેટા એન્ટ્રી પથીક સોફટવેર ઉપરાંત FRRO Modual (IVFRT) સોફટવેર “C” ફોર્મ બન્ને માં કરવાની રહેશે આ કામગીરી અર્થે રીસેપશન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનુ કોમ્પ્યુટર રાખવું. જેમાં “PATHIK SOFTWARE” (PROGRAME FOR ANALYSIS OF TRAVELLER & HOTEL INFORMATIKS) ઈન્સ્ટોલ કરાવી રજીસ્ટરમાં થતી એન્ટ્રીઓ આ PATHIK સોફટવેરમાં પણ કરવાની રહેશે.

(૨) આ રોકાયેલ વિદેશી/ભારતીય મુસાફરોને મળવા આવતા સ્થાનીક/ અન્ય ઈસમો/મુલાકાતીઓની અલાયદી નોંધ રાખી તેઓની અસલ ફોટો આઈ.ડી. ચેક કરી તેની નકલ મેળવી અને મુલાકાત કર્યાના સમયની ખાસ નોંધ તેની માહીતી જે તે ગ્રાહકના ફોટો આઈ.ડી. સાથે ફાઈલ કરવાની રહેશે સદર કાર્યવાહી કર્યા વિના કોઈ પણ વ્યકિતને, માલીક/સંચાલક કે વહીવટ કર્તા તેઓની હોટલ, ધાબા, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, મુસાફરખાનાને ભાડેથી રહેવા અથવા ધંધાકીય ઉપયોગમાં લેવા માટે આપી શકશે નહી.

(૩) દરેક હોટલ, ધાબા, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, મુસાફરખાનાઓમાં મુસાફરો આવે ત્યારે તમામ મુસાફરોની મેન્યુઅલ ગેસ્ટ રજીસ્ટર (Manual Guest Arrival-Depature Register) ઉપરાંત ઓનલાઈન વેબ પોર્ટલ https://pathik.guru માં જણાવેલ તમામ માહીતીની સચોટ ડેટા એન્ટ્રી તેઓના લીધેલ આઈ.ડી. પ્રુફ મુજબની પુરા નામ સરનામા સાથેની તાત્કાલીક કરવાની રહેશે (તમામ ભારતીય મુસાફરોની ફોટો આઈ.ડી. તરીકે તેઓના અસલ આધાર કાર્ડ/ચુટણી કાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ) ચેક કરી તેને અપલોડ કરવાના રહેશે ફોટો આઈ.ડી. પ્રુફ તરીકે ઝેરોક્ષ કોપી મેળવી તે ઉપર તેઓની સહી લેવાની રહેશે.

(૪) અજાણ્યા ભારતીય/વિદેશી વિઝીટર્સનુ બુકીંગ કરાવનાર વ્યકતી/ કંપની/સંસ્થા/વેપારી પેઢી વિગેરેના પુરા નામ સરનામા ટેલીફોન નંબર સહીતના નક્કર અધિકૃત પુરાવા મેળવવાના રહેશે.

(૫) અજાણ્યા/લોકલ રેફરન્સ સીવાયના ભારતીય/વિદેશી મુસાફરોને રાજકોટ શહેર માં કઈ જગ્યાએ કયા કામ માટે રોકવાના છે તેની વિગતો મેળવવાની રહેશે.

(૬) આવનાર તમામ મુસાફરોના મોબાઈલ નંબર/ઈ-મેઈલ આઈ.ડી. મેન્યુઅલ ગેસ્ટ રજીસ્ટર ઉપરાંત ઓનલાઈન વેબ પોર્ટલ https:// pathik.guru માં નોંધવાના રહેશે અને આ મુસાફરોએ આપેલ મોબાઈલ નંબર સાચો છે કે કેમ? તે બાબતે હોટલ/લોજ ના નંબર થી કોલ કરી ખરાઈ કરવાની રહેશે.

(૭) હોટલ માં આવનાર કોઈપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક સ્થાનીક પોલીસ અથવા તો પોલીસ કંટ્રોલ રૂમ રાજકોટ શહેરને જાણ કરવાની રહેશે.

(૮) સી.સી.ટી.વી. કેમેરા તથા તેના ત્રણ માસ સુધીના રેકોર્ડીંગ ના બેકઅપ રાખવાનો રહેશે.

(૯) મુસાફરો જે વાહનમાં આવેલ હોય તે વાહનોના પ્રકાર, મેન્યુફેકચર કંપનીનું નામ, ટુ વ્હીલર/ફોર વ્હીલર અને રજીસ્ટર નંબરની નોંધ મેન્યુઅલ ગેસ્ટ રજીસ્ટર ઉપરાંત ઓન લાઈન વેબ પોર્ટલ https:// pathik.guru માં નોંધવાના રહેશે.

(૧૦) આકસ્મીક આગ લાગે ત્યારે તે માટેના આગ ઓલાવવાના Fire Extinguisher પુરતા પ્રમાણમાં રાખવાના રહેશે.

(૧૧) ફાયર એન.ઓ.સી. ગુમાસ્તાધાર, ફુડ લાયસન્સ, પોલીસ, ઓફીસર વિઝીટ બુક, ઈમરજન્સી કોલ બુક, ભાડા કરાર અને ભાગીદારી કરાર વિગેરે લાગુ પડતા પ્રમાણપત્રો/દસ્તાવેજો મેળવી રીસેપશન કાઉન્ટર ઉપર રાખવાના રહેશે અને પોલીસ જ્યારે જોવા માંગે ત્યારે બતાવવાના રહેશે.

(૧૨) દરેક હોટલ, ધાબા, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, મુસાફરખાનાઓમાં કામ કરતા તમામ માલિકો/ભાગીદારો/મેનેજરો/ રીસેપ્શનીસ્ટ એમ તમામ કર્મચારીઓના હાલના તથા વતનના નામ સરનામા અને મોબાઈલ નંબરોની અદ્યતન માહીતીની યાદી રીસેપ્શન પર રાખવાની રહેશે અને તમામ કર્મચારીઓના પોલીસ વેરીફીકેશન દર છ માસે કરાવી લેવાના રહેશે અને તેની એક નકલ રીસેપ્શન કાઉન્ટર ઉપર રાખવાની રહેશે.

(૧૩) હોટલ/પથીક સોફટવેર ને લગતી મહીતી/કામગીરી/સમસ્યા અંગે અથવા તો ડેટાએન્ટ્રી કરવામાં તકલીફ પડતી હોય અગરતો હોટલ/ પથીક સોફટવેર બંધ આવતો હોય તો વિના વિલંબે તાત્કાલીક એસ.ઓ.જી. રાજકોટ શહેરનો સંપર્ક કરવાનો રહેશે તથા કોઈપણ સંજોગોમાં તમામ મુસાફરોની ડેટા એન્ટ્રી કરવાની બાકી રાખવાની રહેશે નહી.

**: અમલવારીનો સમય :**

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૦૫-૨૦૨૬ ના ક. ૦૦-૦૦ થી તા. ૩૦-૦૬-૨૦૨૬ ના ક. ૨૪-૦૦ સુધીનો રહેશે.

: અમલવારીનો વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

: શિક્ષા :

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એકટ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા પાત્ર થશે.

: જાહેર વિજ્ઞપ્તિ :

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ અકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તેમજ રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૨૭-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

## વાહન લે-વેચ અંગે ઓળખપત્ર રાખવા અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસ.બી./૧૪/વાહન લે-વેચ/જાહેરનામું/૨૫૩૦/૨૦૨૬.- ગુપ્તચર સંસ્થા વખતો-વખતના અહેવાલો અને અમુક બનાવો જેવા કે હેદરાબાદના દીલસુખનગર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં આતંકવાદી તત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડ-ભીડવાળી જગ્યાઓમાં આ સાયકલો રાખી, બોમ્બ બ્લાસ્ટ કરી ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ છે. જેથી વાહન ખરીદી માટે આવનાર ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે સાયકલ, ટુ-વ્હીલર, ફોર વ્હીલર, હેવી વ્હીકલ વેચનારે રેશનકાર્ડ, ચૂંટણી કાર્ડ જેવા પૂરાવા મેળવી તેની ખરાઈ કરી વેચાણ આપે તેમજ વાહન વેચનાર વેપારી બીલમાં વાહનનો પ્રકાર, ચેસીસ નંબર, એન્જીન નંબર, ગ્રાહકનું પુરૂ નામ-સરનામું અને ટેલીફોન નંબર સાથેની વિગત બીલમાં દર્શાવવી અને આ વાહન વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ, સલામતી અને દેશની સુરક્ષા માટે નિયમો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સતાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરૂ છું. અને નીચે મુજબનો હુકમ કરૂ છું.

### હુકમ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં વાહન વેચનાર દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે-જ્યારે આવા વાહન વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સૂચનાઓનું અવશ્ય પાલન કરવું.

(૧) વાહન ખરીદનારને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબ્જામાં રાખવી.

(૨) વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશનકાર્ડ, આધારકાર્ડ કે નોકરી કરતાં હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવાં કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર, પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી વાહન વેચાણ કરનારે મેળવવાના રહેશે. તથા તેનો રેકોર્ડ નિભાવવાનો રહેશે.

(૩) વેચાણ બીલમાં ખરીદનારનું પુરૂ નામ-સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં વાહનનો એન્જીન નંબર તથા ફ્રેમ/ચેસીસ નંબર અવશ્ય લખવો.

(૫) સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર, ફોર વ્હીલર તથા ભારે વાહનોના વેંચાણ અંગેના રેકર્ડ ચકાસણી માટે વેચાણકર્તા પાસે કોઈપણ પોલીસ અધિકારી/પોલીસ કર્મચારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

: અમલવારીનો સમય :

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૦૫-૨૦૨૬ ના ક. ૦૦-૦૦ થી તા. ૩૦-૦૬-૨૦૨૬ ના ક. ૨૪-૦૦ સુધીનો રહેશે.

: અમલવારીનો વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

: શિક્ષા :

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

: જાહેર વિજ્ઞપ્તિ :

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ અકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તેમજ રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૨૭-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની
કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

## બોરવેલ અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસ.બી./૧૪/બોરવેલ/જાહેરનામું/૨૫૩૧/૨૦૨૬.-રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરેટ વિસ્તારની હદમાં ખેતીના ઉપયોગ માટે ખેડૂતો દ્વારા તેમજ અન્ય કારણોસર લોકો દ્વારા બોરકુવા ખોદવામાં આવે છે આવા બોરકુવા અને કેટલાંક કારણોસર પાણી મળી ન આવતા અથવા રદ બાતલ થઈ જતા બોરકુવા, પાઈપ લાઈન બંધ કર્યા સિવાય આવા બોરકુવા ખોદાવનાર માલીકો જે-તે હાલતમાં ખુલ્લા છોડી દે છે અને આવી બેદરકારીને કારણે નાના બાળકો કેટલીક વાર આ ખુલ્લા છોડી દીધેલ બોરકુવાના પાઈપમાં આકસ્મિક રીતે પડી જતાં બાળકોના જીવલેણ અકસ્માત થતા આવ્યા છે. જે ઘણી જ ગંભીર બાબત છે. આમ આવા નાના બાળકો જીવલેણ અકસ્માતનો ભોગ ન બને તે આશયથી ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ની કલમ ૬૪(ગ) તથા ૬૬ (જ)ની જોગવાઈ હેઠળ આવા બનાવોમાં બને તેટલાં પ્રયત્નો કરી આવા કૃત્યોને રોકવા અંગે તેમજ લોકોને કોઈપણ અકસ્માત કે જોખમ થતું અટકાવવા પોતાના થી બનતા ઉપાય લેવા અંગેની ફરજ અને અધિકાર મુજબ સલામતી અને બાળ મૃત્યુના બનાવો અટકાવવા થોડા નિયંત્રણો મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું. અને નીચે મુજબનો હુકમ કરૂ છું.

### હુકમ

(૧) જે-તે વિસ્તારમાં બોરવેલ બનાવતા પહેલા સબંધીત વિભાગની મંજુરી મેળવેલ છે તે અંગેની જાણ જમીન માલીક/બોર માલીક તથા બોર બનાવતી એજન્સીએ સબંધીત પોલીસ સ્ટેશનના થાણા અધિકારીને કરાવવાની રહેશે.

(૨) બોરવેલ બનાવ્યા બાદ કોઈ જાનહાની થાય નહી અથવા બોરવેલમાં કોઈ બાળક કે અન્ય વ્યકિત કે જાનવર પડી ન જાય તેમજ અકસ્માત ન સર્જાય તે અંગેના તમામ તકેદારીના પગલાં જેવા કે, બોરવેલને ફરતી મજબુત ફેન્સીંગવાડ/દિવાલ કરાવવાની રહેશે અને તે અંગેની ખાત્રી સબંધીત પોલીસ સ્ટેશનના થાણા અધિકારીને કરાવવાની રહેશે.

(૩) જૂના તથા બંધ પડેલ તથા અવાવરૂ પરિસ્થિતિ હોય તેવા બોરવેલના જમીન માલીકોએ બોરવેલની પાઈપ લાઈન બંધ કરવા ઉપરાંત ઉપરોકત કાળજી રાખવાની રહેશે.

**: અમલવારીનો સમય :**

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૦૫-૨૦૨૬ ના ક. ૦૦-૦૦ થી તા. ૩૦-૦૬-૨૦૨૬ ના ક. ૨૪-૦૦ સુધીનો રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: શિક્ષા :**

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**: જાહેર વિજ્ઞાપ્તિ :**

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ અકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૨૭-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું જાહેરનામું

## ધ્વનિ પ્રદુષણ અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૨૫૨૫/૨૦૨૬.-રાજકોટ શહેરમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહીને જાહેર હીતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરૂરી છે.

દરેક માઈક સીસ્ટમ વાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં. ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનીટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા. ૧૪-૫-૨૦૧૦ થી ઘોંઘાટ ઉત્પન્ન કરતાં અને નિપજાવતાં સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વની પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ નિયમો-૨૦૦૦ નું તા. ૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા. ૧૧-૦૧-૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વની પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનીની માત્રાના ધોરણો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તેમજ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર દ્વારા નં. GPCB/LGL:NGT:GENERAL:115(2)/52896 તા. ૦૩-૧૨-૨૦૧૯ ના રોજથી જાહેરનામું પ્રસિધ્ધ કરવામા આવેલ છે. તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**: નોઈઝ સ્ટાન્ડર્ડ :**

| એરીયા કોડ વિસ્તાર | | ડેસીબલ (DB(A)Leq | |
|---|---|---|---|
| | | સવારના કલાક ૬-૦૦ થી રાત્રીના કલાક ૨૨-૦૦ સુધી | રાત્રીના કલાક ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધી |
| એ. | ઔદ્યોગીક | ૭૫ | ૭૦ |
| બી. | વાણીજ્ય | ૬૫ | ૫૫ |
| સી. | રહેણાંક | ૫૫ | ૪૫ |
| ડી. | શાંત વિસ્તાર | ૫૦ | ૪૦ |

સામાન્ય રીતે તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડ સ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વની પ્રદુષણ ફેલાતું જોવા મળે છે તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર, તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે.

**તા. ૧૧-૦૧-૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આકર્ષક બાબતો નીચે મુજબ છે.**

(અ) રાત્રીના સમયગાળા રાત્રીના ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદુષણ પેદા કરતાં બાંધકામ અંગેના તમામ સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડ સ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે અને જાહેર સ્થળોનો કબ્જો ધરાવનાર દ્વારા લાઉડ સ્પીકર સીસ્ટમનો તથા અન્ય સાધનોની ઉત્પન્ન થતાં અવાજની માત્ર જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબની ખાનગી સ્થળ થતી કાર્યવાહીના કારણે, જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સતાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું.

**: અમલવારીનો સમય :**

આ હુકમ તા. ૦૧-૦૫-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૬-૨૦૨૬ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: પ્રતિબંધિત કૃત્યો :**

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલીક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર, સમગ્ર રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરની હકુમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજીક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાંકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકાશે નહીં

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગાયનોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબી જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહીં.

૪. ડી. જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ હોવું જોઈએ તે જોતા ડી. જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનોનો અનો જોગવાઈઓનો ઉલ્લંઘન કરતાં હોય તેવું જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

૫. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા તા. ૦૩-૧૨-૨૦૧૯ ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરનામા મુજબ કોઈપણ ઉત્પાદક/ડીલર/દુકાનદાર/એજન્સી/વ્યકિત/વ્યકિતઓના સમુહ દ્વારા કોઈપણ સાઉન્ડ સીસ્ટમ ધ્વની નિયંત્રક (સાઉન્ડ લીમીટર) લગાવ્યા સિવાય તેનું વેચાણ/ખરીદ/પુરવઠો/સ્થાપન/ઉપયોગ કરવા ઉપર તેમજ હાલમાં હયાત તમામ સાઉન્ડ સીસ્ટમ પણ ધ્વનિ નિયંત્રક (સાઉન્ડ લીમીટર) સિવાય ઉપયોગમાં લેવા ઉપર.

૬. જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા, તથા વાદ્ય વગાડવા ઉપર.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોક્ત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

**: માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો :**

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલીક/ભાગીદારને પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડી. સી. પી. શ્રીને અરજી કરવી પરંતુ એક જ પો. સ્ટે. વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે પો. સ્ટે.ના પો. ઈન્સ. ને અરજી દિન-૭ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે. અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે. અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોક્ત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. રાજકોટ શહેર પોલીસ કમિશનરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકાશે નહી.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખીત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલા પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વ્યાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી તેમ કરવા માટે અધિકૃત અધિકારી પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૬. અરજદાર અથવા તેના પ્રતિનિધીએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોક્ત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૭. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ઉપરોક્ત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવાર કલાક ૬-૦૦ થી રાત્રિ કલાક ૨૨-૦૦ સુધી જ રહેશે.

૮. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાતના કલાક ૧૦-૦૦ થી વહેલી સવારના કલાક ૬-૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહી.

**નોંધ :** ઉપરોક્ત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નક્કી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના કલાક ૧૦-૦૦ના જગ્યાએ કલાક ૧૨-૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૯. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોક્ત જણાવેલ શીડ્યુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ અને રાત્રી દરમ્યાન નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રનો ભંગ થાય તે જોવાનું રહેશે.

**નોંધ :** કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માસક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી, પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

૧૦. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદિત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહી.

૧૧. ગતિમાન વાહનમાંથી કોઈપણ સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશનરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સીવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહી, અથવા ચલાવવો નહી.

૧૨. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશ્નર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મનાઈ કરવાનો હુકમ કરી શકશે.

૧૩. ફરજ પરના પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપરકણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

૧૪. ઉપરોક્ત પ્રતિબંધીત કૃત્યમાંથી નંબર પાંચ (૫) ઉપર દર્શાવેલ કૃત્યમાં કોઈપણ સજોગોમાં કોઈપણ છુટછાટ મળશે નહી અર્થાત તમામ સંજોગોમાં સાઉન્ડ સીસ્ટમમાં ધ્વનિ નિયંત્રક (સાઉન્ડ લીમીટર) લગાવવાનું રહેશે.

આ જાહેરનામા હુકમના ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબનો ગુન્હો નોંધી ઉપરોક્ત માલીક, ભાગીદારે, મેનેજર કે સંચાલકની ભારતીય ફોજદારી રાહે કાર્યવાહી કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના કામે મુદ્દામાલ તરીકે કબ્જે કરવામાં આવશે.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૨૭-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

## પોલીસ સૈન્ય ગણવેશ અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૨૫૨૨/૨૦૨૬.-

૧. ભુતકાળમાં પઠાણકોટ, પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન પર આતંકવાદીઓ દ્વારા સૈન્યના ગણવેશ ધારણ કરી હુમલા થયેલ હતા, આ સિવાય અગાઉ પણ સૈન્યના ગણવેશમાં આવીને આતંકવાદીઓ દ્વારા હુમલા કરવામાં આવેલ છે.

૨. રાજ્યમાં વિવિધ શહેર/જિલ્લાઓ ખાતે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજીક તત્વો દ્વારા દેશદ્રોહી/ગેરકાયદેસર પ્રવૃતી માટે ઉપયોગ થવાનો સંભવ છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. આ બાબત સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઈ બજારમાં બિનઅધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા અન્ય ચીજ-વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો ખુબ જ જરૂરી છે.

૩. જેથી સૈન્ય તથા સશસ્ત્રદળોના ગણવેશનો બિનઅધિકૃત રીતે વેચાણ તથા તેના ઉપયોગ બદલ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમો ૧૬૮, ૨૦૪ અને ૨૦૫ માં જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેથી સૈન્ય તેમજ અન્ય સશસ્ત્રદળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેના સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોના વેચાણ/ઉપયોગ પર પ્રતિબંધ મુકવો જરૂરી છે.

જેથી શસ્ત્ર દળોનો ગણવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓના વેચાણ/ભાડે/ઉપયોગ માટે આ સાથે નીચે જણાવેલ કોલમ મુજબની જરૂરી માહિતી જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે તેમજ તે અંગેનું વેચાણ કરનાર વ્યક્તિ/સંસ્થાએ નિભાવવાનું રહેશે.

| ભાડે/વેચાણ લઈ જનારની વિગત | | | | | | સાધનોની વિગત | | વિગત | | ભાડે લઈ જનારની સહી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં | ભાડે/વેચાણ લેનારનું નામ, સરનામું | મો.નં | હેતુ | વિસ્તાર | આઈ.ડી. પ્રુફની વિગત | વિગત | સંખ્યા | ભાડે આપ્યાની તારીખ | સમય | |
| | | | | | | | | | | |

વાસ્તે હું બ્રજેશ કુમાર ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું.

### : પ્રતિબંધિત કૃત્યો :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં સૈન્ય તથા અન્ય શસ્ત્ર દળોના ગણવેશ તથા પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

### : અપવાદ :

જે વ્યક્તિઓ ભારત સરકારના તથા અન્ય સશસ્ત્ર દળોમાં ફરજ બજાવતા હોય અને જે તે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં તેઓના આ પ્રકારના ગણવેશ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે તમામ વ્યક્તિઓને આ ગણવેશના ઉપયોગ માટે જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

### : અમલવારીનો સમય :

આ હુકમ તા. ૦૧-૦૫-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૬-૨૦૨૬ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

### : અમલવારીનો વિસ્તાર :

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૨૭-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

## મકાન ભાડા અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસબી/૧૪/જાહેરનામુ/૨૫૨૪/૨૦૨૬.-ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી-અસામાજીક તત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરતા હોય છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વિગેરેને સર્વે કરી સ્થાનિક પરીસ્થિતીથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે જેથી રાજકોટ શહેર વિસ્તારમાં રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશ તથા રાજ્યની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સતાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં કોઈ મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોના માલીકો અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો જ્યારે મકાનો/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજો ભાડે આપે ત્યારે સબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/ઔદ્યોગીક એકમ/દુકાન/ઓફીસ/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપી શકશે નહીં. તેમજ તમામે Citizen Portal, Citizen First Application મારફતે તેનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. અને ભાડે આપેલ મકાનો/ઔદ્યોગીક એકમો/દુકાનો/ઓફીસો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોની વિગત ભાડુઆત અને મકાન/ઔદ્યોગીક એકમ/દુકાન/ઓફીસ/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીક કે સંબંધીત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગે તમામે જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તેમજ આવા મકાન/ઔદ્યોગીક એકમ/દુકાન/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીકો/આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો અને ભાડે રાખનાર વ્યકિતએ જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવવાની રહેશે, અને સ્થાનિક પોલીસ સ્ટેશન દ્વારા નિયત નમુના મુજબનું ફોર્મ આપવામાં આવે જે ફોર્મ ભરી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે, અને આ અંગે પો.સ્ટે.ના પોલીસ સ્ટેશન ઓફીસરે રજીસ્ટર નિભાવવાનું રહેશે.

| અ. નં. | મકાન માલીકનું નામ તથા ભાડે મકાન/ ઔદ્યોગીક એકમ/ ઓફીસ/દુકાન/ગોડાઉન/ કોલ્ડ સ્ટોરેજની વિગત ક્યા વિસ્તારમાં કેટલા ચોરસ મીટર બાંધકામ છે તેની વિગત | મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/ દુકાન/ગોડાઉન/ કોલ્ડ સ્ટોરેજ ભાડે આપવા સત્તા ધરાવતાં વ્યક્તિનું નામ | મકાન/ઔદ્યોગીક એકમ/ દુકાન/ઓફીસ/ ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ક્યારે ભાડે આપેલ છે તેનું માસીક ભાડુ કેટલું છે? | કઈ વ્યક્તિને ભાડે આપેલ છે? તેના પાકા નામ સરનામા, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ફોટા પુરાવા સાથે આપવા | મકાન/ઔદ્યોગીક એકમ/ દુકાન/ઓફીસ/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર તથા ઓળખ આપનાર વ્યક્તિનું નામ, સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ વિગેરે પુરાવા સાથે આપવા | મકાન માલિક તેમજ ભાડે રાખનારના ફોટા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

**: અમલવારીનો સમય :**

આ હુકમનો અમલ તા. ૦૧-૦૫-૨૦૨૬ કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૬-૨૦૨૬ ના કલાક ૨૪-૦૦ સુધી.

**: અમલવારીનો વિસ્તાર :**

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: સજા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી..

આજ તારીખ ૨૭-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

## ડ્રોન અંગેનુ જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૨૫૨૬/૨૦૨૬.-રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ વાઈટલ ઈન્સ્ટોલેશન, એરપોર્ટ, વી.વી.આઈ.પી. રહેઠાણ તેમજ કચેરીઓ અગત્યની સરકારી કચેરીઓ વગેરે જગ્યાની સુરક્ષા કરવાની જવાબદારી રાજકોટ શહેર પોલીસની છે. રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરીયલ મિસાઈલ, હેલીકોપ્ટર કે પેરાગ્લાઈડર, માઈક્રો લાઈટ એરક્રાફ્ટ જેવા સંસાધનોથી દેશ-વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈને રાજકોટ શહેરની સુરક્ષાને હાની પહોચાડવાની શકયતા નકારી શકાય નહી, આ પ્રકારના સંસાધનોથી શહેરમાં આંતક ફેલાવી, સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શકયતા રહેલી છે. જેથી પોતાના અંગત વ્યવસાય માટે ડ્રોન કેમેરા રાખતા હોય તેઓ ઉપર નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

પોલીસ મહાનિરીક્ષકશ્રી (ઈન્ટેલીજનસ), સ્ટેટ ઈન્ટેલીજન્સ બ્યુરો, ગુજરાત રાજ્ય ગાંધીનગરની કચેરીના પત્ર ક્રમાંક : જી-૨/ડ્રોન/કામગીરી/૭૮૯/૨૦૨૧ તા. ૦૧-૧૧-૨૦૨૧ થી અત્રેના રાજકોટ શહેરમાં આવેલ ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા કુલ-૩૫ સ્થળો/ઈન્ટોલેશન્સને રેડ ઝોન અને યલ્લો ઝોનમાં વિભાજીત કરવામાં આવેલ છે તેમજ હોમ ડીપાર્ટમેન્ટ, સચિવાલય, ગાંધીનગર ના પત્ર નં. GG/113/2022/SB1/OSA/102020/857(1) તા. ૧૨-૦૮-૨૦૨૨ થી રાજકોટ શહેર ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લીમીટેડ આણંદપર (ગવરીદળ) એસ.વી. સ્ટેશનને નો ડ્રોન જાહેર કરવામાં આવેલ હોય, જે અંગે રાજકોટ ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લી. આણંદપર ના પત્ર નં. WRPL/GOD/SEC/2022/anandpar તા. ૨૪-૧૧-૨૦૨૨ ના પત્ર થી નો ડ્રોન જાહેર કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા જણાવેલ હોય, તેમજ ઉપ સચિવ, ગૃહ વિભાગ, ગાંધીનગર દ્વારા બહાર પાડેલ SOP ના પત્ર નં. SB-1/KAV/102019/GOI-175 Date : 22-05-2019 માં જણાવ્યા મુજબ એરપોર્ટને રેડ ઝોન જાહેર કરેલ હોય જે SOP ની માર્ગદર્શિકા અન્વયે રાજકોટ શહેરમાં નવુ નિર્માણ પામેલ રાજકોટ ગ્રીનફીલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટને નો ડ્રોન વિસ્તાર જાહેર કરવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું બ્રજેશ કુમાર ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સતાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા કલમ (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું. નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

### : પ્રતિબંધીત કૃત્યો :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં નીચે દર્શાવેલ સ્થળોએ સક્ષમ અધિકારીની પરવાનગી વગર રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન કે રીમોટ કંટ્રોલ સંચાલિત એરીયલ મિસાઈલ, હેલીકોપ્ટર કે પેરાગ્લાઈડર, રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફ્ટનો ઉપયોગ કરી શકાશે નહી તેમજ Officer of the Director General of Civil Aviation ના પત્ર ક્રમાંક : 05-13/2014/AED Vol. IV, Dated : 27-08-2028 ની જોગવાઈઓની અમલવારી કરવાની રહેશે. અને નીચે જણાવેલ સ્થળો સિવાયની જગ્યામાં ડ્રોન ઉડાડવા માટે ડ્રોન ચલાવનાર સંચાલકે કે જેઓ પોતાના અંગત વ્યવસાય માટે રાખતા હોય છે તેઓએ આ ડ્રોન કેમેરાની સંપુર્ણ માહિતી જેવી કે મોડલ નંબર, વજન, ક્ષમતાની વિગતો સાથે નજીકના પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવવાની રહેશે અને તેનો ઉપયોગ કરતાં પહેલા જે તે વિસ્તારમાં ઉપયોગ કરવાનો છે તે વિસ્તારના પોલીસ સ્ટેશનના થાણા ઈન્ચાર્જશ્રીની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

| Sr. No. | Name of Place | Full Postal Address | Remmendatoin as per point no. 4 of SOP of MHA Date 16-12-2016 | Recommended Zone (Red/ Yellow) | Latitude | Longitude | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018 |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Special Bureau, Govt. of India | Nr. Kankot Village Tal. Dist. Rajkot | M | Red | 22.46675 | 70.72311 | 3 km distance from perimeter |
| 2 | Indian Oil Corporation Ltd. | Indene Bottling plant, NH 8B, Navagam Nr. Sat Hanuman, Rajkot-36003. | j | Red | 22.32757 | 70.85958 | 2 km distance from perimeter |
| 3 | Indian Oil Corporation Ltd. (Marketing Division) (Bulk Petroleum Depot) | Nr. Bajrangwadi Police Beat Jamnagar Road, Rajkot-360006. | m | Red | 22.32328 | 70.78317 | 100 mtr distance from perimeter |
| 4 | Bharat Petroleum Corporation Ltd. | Rajkot Ahmedabad Highway, Maliyasan, Rajkot-360003. | j | Red | 22.31815 | 70.88131 | 2 km distance from perimeter |

| Sr. No. | Name of Place | Full Postal Address | Remmendatoin as per point no. 4 of SOP of MHA Date 16-12-2016 | Recommended Zone (Red/ Yellow) | Latitude | Longitude | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018 |
|---|---|---|---|---|---|---|---|
| 5 | Indian Oil Corporation Ltd. | Western Region Pipeline Gauridad Morbi Road, Rajkot | j | Red | 22.39036 | 70.79636 | 2 km distance from perimeter |
| 6 | Central Jail | B/H Railway Station, Popat Para Rajkot | m | Red | 22.31678 | 70.80162 | 500 mtr distance from perimeter |
| 7 | 66 K.V. Electric Power Sub Station | Dudhsagar Road, Chunarawad Chowk Bhavnagar Road, Rajkot | j | Red | 22.295 | 70.82325 | 100 mtr distance from perimeter |
| 8 | Main Railway Station | Junction-Rajkot | m | Yellow | 22.31316 | 70.80236 | 100 mtr distance from perimeter |
| 9 | Central (Sayona) Bus Station | Dhebar Road, Rajkot-36001. | m | Yellow | 22.29394 | 70.79912 | 100 mtr distance from perimeter |
| 10 | Transmitter 24282 Sq. Mts. Studio 20000 Sq. Mts. Doordarshan Centre, Prasar Bharti | Nr. Aji Dam, Bhavnagar Road, Rjakot. | m | Yellow | 22.27399 | 70.83494 | 100 mtr distance from perimeter |
| 11 | All India Radio Station (Aakashwani) | Pandit Sitaram Marg, Opp. Racecourse, Rajkot-360001. | m | Yellow | 22.30079 | 70.79283 | 100 mtr distance from perimeter |
| 12 | Ex. C. M. House | "Pujit" 2/5 Prakash Society, Near Nirmala Convet School, Rajkot | d | Yellow | 22.29711 | 70.77276 | 100 mtr distance from perimeter |
| 13 | District Court | District Cort Khatara Stend Chowk Railway Station Road, Rajkot | c | Yellow | 22.30459 | 70.80358 | 100 mtr distance from perimeter |
| 14 | Police Commissioner Office | Jilla Panchayat Chowk, Race Course Ring Road, Rajkot | m | Yellow | 22.29872 | 70.79203 | 100 mtr distance from perimeter |
| 15 | S. P. Office | Opp. Girnar Cinema, Near Police Commissioner Office, Rajkot | m | Yellow | 22.29869 | 70.79262 | 100 mtr distance from perimeter |
| 16 | Collector Office | Shroff Road, Opp. G.T. Sheth Hospital, Rajkot | m | Yellow | 22.30549 | 70.79643 | 100 mtr distance from perimeter |
| 17 | B. S. N. L. Telephone Exhcange | Opp. Jubilee Garden Javahar Road, Rajkot. | m | Yellow | 22.30022 | 70.80088 | 100 mtr distance from perimeter |
| 18 | Akshar Purushottam Swaminarayan Temple | Kalawad Road Near Mahila College Under Bridge rajkot | g | Yellow | 22.29315 | 70.7819 | 100 mtr distance from perimeter |
| 19 | Pandit Deendayal Civil Hospital | Government Hospital Jamnagar Road, Rajkot | m | Yellow | 22.30391 | 70.80139 | 100 mtr distance from perimeter |
| 20 | Aaji Dam | Aaji Dam Bhavnagar Road, Rajkot | m | Yellow | 22.26901 | 70.83558 | 2 km distance from perimeter |

| Sr. No. | Name of Place | Full Postal Address | Remmendatoin as per point no. 4 of SOP of MHA Date 16-12-2016 | Recommended Zone (Red/ Yellow) | Latitude | Longitude | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018 |
|---|---|---|---|---|---|---|---|
| 21 | Nyari Dam-1 | Nyari Dam-1 Kalawad Road, Rajkot | m | Yellow | 22.24621 | 70.7038 | 2 km distance from perimeter |
| 22 | GSCSC Godown Under Food Corporation | Near Railway Station, Popat Para Road, | m | Yellow | 22.31515 | 70.80117 | 100 mtr distance from perimeter |
| 23 | F.C.I. Godown Ghanteswar | Ghanteswar Jamnagar Road, Rajkot | m | Yellow | 22.329 | 70.75565 | 100 mtr distance from perimeter |
| 24 | S.R.P. Group-13 | Ghanteswar Jamnagar Road, Rajkot | m | Yellow | 22.32887 | 70.73647 | 100 mtr distance from perimeter |
| 25 | Gopal Dairy | Dudhsagar Road, Chunarawad Chowk Bhavnagar Road, Rajkot | m | Yellow | 22.29488 | 70.82582 | 100 mtr distance from perimeter |
| 26 | Race Course Garden | Race Course Ring Road, Rajkot | m | Yellow | 22.29975 | 70.79108 | 100 mtr distance from perimeter |
| 27 | Aaji River Bridge No. 271 | Rajkot Railway Station Out Side, Rajkot | m | Yellow | 22.307996 | 70.807335 | 100 mtr distance from perimeter |
| 28 | Microwave Tower Rajkot | At-Rajkot Railway Station, Junction Plot | m | Yellow | 22.31225 | 70.802603 | 100 mtr distance from perimeter |
| 29 | Railway Control Office/Room Rajkot | At-Rajkot Railway Station, Junction Plot | m | Yellow | 22.306651 | 70.800494 | 100 mtr distance from perimeter |
| 30 | Water Tank Rajkot R. Station | At-Rajkot Railway Station, Junction Plot | j | Yellow | 22.314983 | 70.803021 | 100 mtr distance from perimeter |
| 31 | Loco Shed Rajkot R. Station | At-Rajkot Railway Station, Junction Plot | m | Yellow | 22.321323 | 70.793729 | 100 mtr distance from perimeter |
| 32 | Railway Auto Exchange Rajkot | At-Rajkot Railway Station, Junction Plot | m | Yellow | 22.305665 | 70.800496 | 100 mtr distance from perimeter |
| 33 | Important Railway Yard Rajkot | At-Rajkot Railway Station, Junction Plot | m | Yellow | 22.321255 | 70.793594 | 100 mtr distance from perimeter |
| 34 | Indian Oil Corporaton, Anandpar-Gauridad, Rajkot | At-Anandpar-Gauridad, Morbi Road, Rajkot | j | Red | 22.40280 | 70.74057 | 2 km distance from perimeter |
| 35 | Rajkot Greenfield International Airport | Rajkot Ahmedabad High Way Hirasar Village, Rajkot | e | Red | 22° 23'17.77 317 | 71° 02'46.04 434 | 3 km distance from perimeter |
| 36 | Satellite bus station | Bhavnagar Road, Amul Circle, 80 ft. Road, Rajkot | m | Yellow | 22.28584 6952846 782 | 70.829500 00957103 | 100 mtr distance from perimeter |

**: અમલવારીનો સમય :**

તા. ૦૧-૦૫-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૬-૨૦૨૬ ના કલાક ૨૪-૦૦ સુધી.

**: પ્રતિબંધીત વિસ્તાર :**

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: અપવાદ :**

સુરક્ષા એજન્સીના રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફ્ટને આ જાહેરનામાથી મુકિત આપવામાં આવે છે.

: શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી..

આજ તારીખ ૨૭-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

## નોકર ઘર-ઘાટી ની નોંધણી અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસ.બી./૧૪/જાહેરનામું/૨૫૨૭/૨૦૨૬.-રાજકોટ શહેરમાં બનતા લુંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા બનાવોમાં એવું જોવા મળેલ છે કે આવા ગુન્હાઓમાં રહેણાંક વિસ્તારના મકાનો/બંગલા/દુકાનો/કારખાનાઓ/ઔદ્યોગિક એકમો/ઓનલાઈન સર્વિસ પ્રોવાઈડરો જેવા વ્યવસાયિક એકમોમાં કામ કરતાં વ્યકિતઓ તેમજ ખેતરોમાં કામ કરતા મજુરો, મકાન માલીક/ખેતર માલીકનો વિશ્વાસ મેળવી તેઓના મકાન તથા તેમની પ્રવૃતિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો દ્વારા મિલ્કત સબંધી તેમજ શરીર સબંધીના ગંભીર ગુન્હા આચરતા હોય છે. જેના લીધે જાહેર સલામતિ અને શાંતી જોખમાય છે જેથી જાહેર જનતાની શાંતી અને સલામતી જાળવવા સારૂ, નિયંત્રણો મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું બ્રજેશ કુમાર ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સતાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું. અને નીચે મુજબનો હુકમ કરૂ છું.

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં મકાનો/બંગલા/દુકાનો/કારખાનાઓ/ઔદ્યોગિક એકમો/મકાન બાંધકામ બિલડર્સ/ટેક્ષટાઈલ ઉદ્યોગ/હિરા ઉદ્યોગો સાથે સંકળાયેલ તમામ પ્રાઈવેટ સેકટરના માલિકો/ઓનલાઈન સર્વિસ પ્રોવાઈડર/મેનેજમેન્ટ સ્ટાફ/ખેતરના માલીકો કે જેઓના યુનિટમાં/ખેતરમાં કામ કરતા ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી કર્મચારી, કારીગરો મજુરો/ખેત મજુરો વિગેરે જે હાલમાં કામ પર છે તેવા તેમજ કામ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજૂરો/ખેત મજુરો/નોકરોની માહિતી/હકીકત અંગેની તમામ નોંધણી સીટીઝન પોર્ટલ વેબસાઈટ (www.gujhome.gujarat.gov.in) અથવા સીટીઝન ફર્સ્ટ એન્ડ્રોઈડ એપ્લિકેશન મારફતે ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. તથા પોતાની પાસે પણ રાખવાની રહેશે. તથા કામે રાખનાર માલિકે પોતાના ફોટો, ઘરનું સરનામું ધરાવતો ફોટો, I-Card, મોબાઈલ નંબર ની વિગત સાથે જાહેરનામામાં દર્શાવેલ ફોર્મ પોતાના વિસ્તારના પો.સ્ટે. ખાતે જમા કરાવવાનું રહેશે. આ અંગે દરેક પો.સ્ટે. કક્ષાએ રજીસ્ટર નિભાવવાનું રહેશે.

**ઉપરોકત મુદ્દા નં. ૧ ની હકીકત નીચે મુજબ દર્શાવેલ કોલમ વાઈઝ આપવાની રહેશે તેમજ વોચમેન હથીયાર ધારી હોય તો તેના હથીયાર અંગેની માહિતી પણ આપવાની રહેશે.**

| ઓળખપત્ર ફોર્મ (Credential form) ફોર્મ નં. | | | |
|---|---|---|---|
| નામ (Name) | | | |
| પિતાનું નામ (Father's Name) | | મો. નં. | |
| માતાનું નામ (Mother's Name) | | મો. નં. | |
| જન્મ તારીખ (Date of birth) | | | |
| વતનનું સરનામું (Home-Permanet address) | | | |
| વતનના કોર્પોરેટર/સરપંચનું નામ તથા મો. નં.<br>(Pradhan/Sadasya name & mo. no. of native place) | | | |
| વતનનું પોલીસ સ્ટેશન અને ફોન નંબર (Police station name & phone number) | | | |
| હાલનું રહેવાનું સરનામું (Present residential address) | | | |
| કઈ જગ્યાએ કામ કરે છે (Where does he/she work? Place work) | | | |

| | | | |
|---|---|---|---|
| મોબાઈલ/ફોન નંબર (Mobile/Phone Number) | | | |
| ઓળખ ચિન્હો તથા સહી/અંગૂઠાનું નિશાન (Identification marks and signature/finger print) | | | |
| અભ્યાસ/કોલેજ/સ્કુલ નું નામ (Name of Study/College/School) | | | |
| મજુર/નોકર ભારતીય નાગરીક છે કે કેમ ? હા/ના, જો હા, તો ભારતીય નાગરીકતાના પુરાવા | | | |
| ૧ | આધાર કાર્ડ નંબર (Aadhaar Card Number) | | |
| ૨ | ચૂંટણીકાર્ડ નંબર (Election Card Number) | | |
| ૩ | ડ્રાઈવીંગ લાયસન્સ (Driving license) | | |
| ૪ | પાસપોર્ટની વિગત (Passport Detail) | | |
| ૫ | વાહન નંબરની વિગત (Vehicle Detail) | | |
| મજુર/નોકર વિદેશી નાગરીક છે કે કેમ? હા/ના, જો હા તો વિદેશી નાગરીકની વિગતો સ્થાનિક પો.સ્ટે. અને સ્પેશ્યલ બ્રાન્ચ (ફોરેનર્સ બ્રાન્ચ) ખાતે જાણ કરવાની રહેશે. | | | |
| **ઓળખાણ આપનાર (Identifier)** | | | |
| (૧) નામ (Name) | | | |
| પિતાનું નામ (Father's Name) | | | મો. નં. |
| માતાનું નામ (Mother's Name) | | | મો. નં. |
| જન્મ તારીખ (Date of birth) | | | |
| હાલનું રહેવાનું સરનામું (Present residential address) | | | |
| મોબાઈલ/ફોન નંબર (Mobile/Phone Number) | | | |
| (૨) નામ (Name) | | | |
| પિતાનું નામ (Father's Name) | | | મો. નં. |
| માતાનું નામ (Mother's Name) | | | મો. નં. |
| જન્મ તારીખ (Date of birth) | | | |
| મોબાઈલ/ફોન નંબર (Mobile/Phone Number) | | | |
| આધાર કાર્ડ નંબર (Aadhaar Card Number) | | | |
| ચૂંટણીકાર્ડ નંબર (Election Card Number) | | | |

**નોંધ :**

(૧) ઓળખના પુરાવાની નકલ રેશનકાર્ડ/પાનકાર્ડ/પાસપોર્ટ/ચૂંટણી કાર્ડ/ડ્રાઈવીંગ લાઈસન્સ વિગેરેમાંથી કોઈપણ એક નકલ સાથે જોડવી.

(૨) જો કામે રહેનાર વ્યકિત ગુજરાત રાજ્ય બહારની હોય તો ઓળખાણ આપનાર તરીકે બે વ્યકિતમાંથી એક વ્યકિત ગુજરાતી હોવી જોઈએ તેમજ એક વ્યકિત જે-તે જિલ્લા (રાજ્ય)ની હોવી જોઈએ.

**: અમલવારીનો સમય :**

આ હુકમ તા. ૦૧-૦૫-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૬-૨૦૨૬ ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**: જાહેર વિજ્ઞપ્તિ :**

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી..

આજ તારીખ ૨૭-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

**સ્પા/મસાજ પાર્લરો/કર્મચારીની માહિતી અંગેનું જાહેરનામું**

ક્રમાંક : એસ.બી./૧૪/જાહેરનામું/૨૫૩૨/૨૦૨૬.-રાજકોટ શહેરના રહેણાંક વિસ્તારમા તથા ઓદ્યોગીક વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લર ચલાવવાની આડમા નશીલા કેફી દ્રવ્યોનું સેવન તથા દેહ વ્યાપાર તથા અન્ય ગેરકાયદેસર કૃત્યો ચલાવતા હોવાનું જણાય આવેલ છે. કેટલાક અસામાજીક તત્વો આવા સ્પા/મસાજ પાર્લરની આડમાં ગુનાહિત કૃત્યો કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા હોવાનું જણાઈ આવેલ છે.

જેથી રાજકોટ શહેર વિસ્તારમાં સ્પા/મસાજના પાર્લરોની આડમાં ગુન્હાહિત કૃત્યો અટકાવવા સારૂ સ્પા/મસાજ પાર્લરોની માહિતી જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશન પાસે હોવી જરૂરી છે.

વાસ્તે, હું બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું. અને નીચે મુજબનો હુકમ કરૂ છું.

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લરોના માલિકો અગરતો આ માટે આવા સ્પા/મસાજ પાર્લરના સંચાલકોએ તેમા કામ કરતા કર્મચારીશ્રીઓની સંખ્યા સહિત ફોટોગ્રાફ સાથેની સંપુર્ણ વિગત સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. આ અંગે જે-તે પો.સ્ટે. ના પોલીસ સ્ટેશનના ઓફીસરે રજીસ્ટર નિભાવવાનું રહેશે.

| અ. નં. | વિગત | રીમાર્કસ |
|---|---|---|
| ૧. | સ્પા/મસાજ પાર્લર, એકમનું નામ, માલિક/સંચાલકનું નામ તથા સરનામું ટેલીફોન નબર. | |
| ૨. | સ્પા/મસાજ પાર્લરમાં કામ કરતા તમામ કર્મચારીની સંપુર્ણ વિગત (ફોટા સહિતની) | |
| | (૧) જો તેઓ ભારતીય હોય, તેના ઓળખના પુરાવા જોડવા. | |
| | હાલનું સરનામું | |
| | મુળ વતનનું સરનામું | |
| | ફોન નં. (ઘર) (ઓફીસ) (મો.નં.) | |
| | (૨) જો તેઓ વિદેશી હોય, તો<br>- તેમના પાસપોર્ટની વિગત : (પાસપોર્ટ તથા વિઝાની નકલ બીડવાની રહેશે.)<br>- કયા વિઝા પર ભારતમાં આવેલ છે તેની વિગત : | |
| | હાલનું સરનામું : | |
| | ફોન નં. (ઘર) (ઓફીસ) (મો.નં.) | |
| | [સ્પા/મસાજપાર્લર ચલાવનાર/સંચાલક નો પાસ પોર્ટ સાઈઝનો ફોટો] [કામ કરતા કર્મચારીઓ નો પાસ પોર્ટ સાઈઝનો ફોટો] [પોલીસ સ્ટેશનના સહિ, સિક્કા અને તારીખ]<br>સ્પા/મસાજ પાર્લર ચલાવનારની સહી   કામ કરતા કર્મચારીની સહી<br>સાક્ષીની સહી તથા સંપુર્ણ વિગત : | |

| | | |
|---|---|---|
| ૩. | **: નિયમો :**<br>૧. આ વિગત કોરા કાગળ પર લખવાની રહેશે.<br>૨. આ વિગત સંપુર્ણ રીતે ભરીને સ્પા/મસાજ પાર્લરો જે નામથી ચાલતા હોય, તેના નામ સાથેની વિગત તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે.<br>૩. આ વિગત સંપુર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. બંને નકલ જે-તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી સિક્કા સાથે પરત આપશે. જે સાચવી રાખવાની રહેશે.<br>૪. સ્પા/મસાજ પાર્લર ચલાવનારે તેમનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાન કાર્ડ, આધાર કાર્ડ, ઈલેકશન કાર્ડ, રજુ કરવાના રહે | |

**: અમલવારીનો સમય :**

આ હુકમ તા. ૦૧-૦૫-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૬-૨૦૨૬ ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**: જાહેર વિજ્ઞપ્તિ :**

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી..

આજ તારીખ ૨૭-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

**ભયનજક જળાશયો, તળાવ, નહેરમાં પ્રતિબંધ અંગેનું જાહેરનામુ**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

## જાહેરનામું

ક્રમાંક : એસ.બી./૧૪/જાહેરનામું/૨૫૩૩/૨૦૨૬.-તાજેતરમાં રાજ્યમાં જુદી-જુદી જગ્યાઓએ નદી, તળાવ, નહેર, દરીયામાં નહાવા પડેલ વ્યકિતઓનાં ડુબી જવાથી મરણ ગયેલની ઘટના બનેલ જે ખૂબ જ ગંભીર બાબત છે. જેથી આવી જગ્યાઓએ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂ ઉપસચિવ (કા.વ્ય.) ગૃહ વિભાગ (વિશેષ), સચિવાલય, ગાંધીનગરની કચેરીના પત્ર ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૪/૮૨ તા. ૩૦-૦૫-૨૦૨૪ ના પત્ર થી ભયજનક સ્થળોએ કોઈ પણ વ્યકિતઓ/પ્રવાસીઓ જળાશયોમાં (નદી, તળાવ, નહેર, દરીયા) ન પ્રવેશ તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા આદેશ થયેલ હોય, જેથી રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવેલ ભયજનક જળાશયોમાં (નદી, તળાવ, નહેર, દરીયા) પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે હું બ્રજેશ કુમાર ઝા (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરુ છું. અને નીચે મુજબનો હુકમ કરૂ છું.

**: પ્રતિબંધિત કૃત્યો :**

રાજકોટ શહેરમાં નીચે મુજબના ભયજનક જળાશયોમાં કોઈપણ વ્યકિત/પ્રવાસીઓ નહાવા પર તથા ભારે ભીડ થવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

| અનું. | પો. સ્ટે. નું નામ | ભયજનક જળાશયો/તળાવ, નહેર |
|---|---|---|
| ૦૧ | એ. ડીવી. પો. સ્ટે. | આજી નદીનો કાંઠો નવયુગપરા ઘાંચીવાડ સ્મશાન થી કેસરી હિંદ પુલ સુધી |
| ૦૨ | બી. ડીવી. પો. સ્ટે. | લાલપરી તળાવ, સંત કબીર ટેકરી પાસે, જુના માર્કેટીંગ યાર્ડ પાછળથી કુવાડવા રોડ સાત હનુમાન મંદિર પહેલા સુધી નદી કાંઠો (બેડીપરા ચોકી વિસ્તાર) |
| ૦૩ | બી. ડીવી. પો. સ્ટે. | લાલપરી તળાવ/નદી કુવાડવા રોડ સાત હનુમાન મંદિર પહેલા સુધી નદી કાંઠો થી ૧૫૦ ફુટ રીંગ રોડ અમદાવાદ હાઈવે સુધી નદી કાંઠો (ભગવતીપરા ચોકી વિસ્તાર) |
| ૦૪ | બી. ડીવી. પો. સ્ટે. | આજી નદીનો કાંઠો, પાંજરાપોળ પૂલથી કેશરી પૂલ સુધી (બેડીપરા ચોકી વિસ્તાર) |

| અનું. | પો. સ્ટે. નું નામ | ભયજનક જળાશયો/તળાવ, નહેર |
|---|---|---|
| ૦૫ | બી. ડીવી. પો. સ્ટે. | આજી નદીનો કાંઠો, કેસરી પૂલ થી ૧૫૦ ફુટ રીંગ રોડ (માધાપર ચોકડી થી બેડી ચોકડી) સુધી |
| ૦૬ | આજીડેમ પો. સ્ટે. | આજીડેમનો પૂર્વ બાજુનો કાંઠો, ભાવનગર હાઈ-વે રોડ સાઈડ |
| ૦૭ | આજીડેમ પો. સ્ટે. | ખોખડદળ નદી, ખોખડદળ ગામ |
| ૦૮ | આજીડેમ પો. સ્ટે. | રાંદરડા તળાવ, જુના માર્કેટીંગ યાર્ડ પાસે |
| ૦૯ | આજીડેમ પો. સ્ટે. | ત્રંબા ગામ ત્રિવેણી નદીનો સંગમ કાંઠો |
| ૧૦ | આજીડેમ પો. સ્ટે. | કાળીપાટ ગામ ડેમ, નવા રૂડા રીંગ રોડ પાસે, |
| ૧૧ | આજીડેમ પો. સ્ટે. | સરધાર ગામ દરબારગઢ પાસે આવેલ ડેમ |
| ૧૨ | ગાંધીગ્રામ પો. સ્ટે. | જામનગર રોડ, ઈશ્વરીયા પાર્ક ખાતે આવેલ તળાવ |
| ૧૩ | ગાંધીગ્રામ-૨ (યુનિ.) | અટલ સરોવર, ન્યુ ૧૫૦ ફુટ રીંગ રોડ |
| ૧૪ | ગાંધીગ્રામ-૨ (યુનિ.) | પરશુરામ મંદિર પાછળનું તળાવ, ન્યુ ૧૫૦ ફુટ રીંગ રોડ |
| ૧૫ | ગાંધીગ્રામ-૨ (યુનિ.) | યુનિવર્સિટી કેમ્પસ, મેલડી માતાના મંદિરની સામેનું તળાવ |
| ૧૬ | ગાંધીગ્રામ-૨ (યુનિ.) | યુનિવર્સિટી ચાર રસ્તા, પ્રશીલ પાર્કની પાછળનું તળાવ |
| ૧૭ | ગાંધીગ્રામ-૨ (યુનિ.) | વેજાગામ પાસે આવેલ તળાવ |
| ૧૮ | ગાંધીગ્રામ-૨ (યુનિ.) | રૈયા ગામ તળાવ |
| ૧૯ | રાજકોટ તાલુકા | કાલાવાડ રોડ, ન્યારી ડેમ-૧ |
| ૨૦ | રાજકોટ તાલુકા | કોપર એલીગન્સ સરોવર, પોલીસ હેડક્વાર્ટર પાસે, મવડી ગામ |
| ૨૧ | રાજકોટ તાલુકા | લાખાણી સરોવર, સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે, જીવરાજ પાર્ક |
| ૨૨ | રાજકોટ તાલુકા | વીરવરૂ સરોવર, રંગોલી પાર્ક પાસે, નવો ૧૫૦ ફુટ રીંગ રોડ |
| ૨૩ | રાજકોટ તાલુકા | પવિત્રમ પ્રયાગ સરોવર, મફતીયાપરા, નાના મૌવા ગામ |
| ૨૪ | રાજકોટ તાલુકા | પાબારૂ સરોવર, મફતીયાપરા, નાના મૌવા ગામની બાજુમાં |
| ૨૫ | રાજકોટ તાલુકા | જીબીયા સરોવર કટારીયા ચોકડી પાસે, કાલાવડ રોડ |
| ૨૬ | રાજકોટ તાલુકા | સમંવય સરોવર, સમન્વય પાર્ટી પ્લોટ પાસે, કણકોટ રોડ |
| ૨૭ | રાજકોટ તાલુકા | રોલેક્ષ સરોવર ગીરીરાજ સિમેન્ટ પ્લાનની બાજુમાં, નવો ૧૫૦ ફુટ રીંગ રોડ |

**: અમલવારીનો સમય :**

આ હુકમ તા. ૦૧-૦૫-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૬-૨૦૨૬ ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: અપવાદ :**

આ જાહેરનામું આપતીના સમયમાં સરકારી ફરજ પર અથવા કામગીરીમાં હોય તેવા સરકારી કર્મચારી, અર્ધ સરકારી એજન્સીઓ તથા કોઈ વ્યકિતઓ કાયદેસરની ફરજમાં હોય તેઓને લાગુ પડતુ નથી.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**: જાહેર વિજ્ઞપ્તિ :**

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી..

આજ તારીખ ૨૭-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

## પોલીસ સૈન્ય ગણવેશ અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૩૯૦૦/૨૦૨૬.-

૧. ભુતકાળમાં પઠાણકોટ, પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન પર આતંકવાદીઓ દ્વારા સૈન્યના ગણવેશ ધારણ કરી હુમલા થયેલ હતા, આ સિવાય અગાઉ પણ સૈન્યના ગણવેશમાં આવીને આતંકવાદીઓ દ્વારા હુમલા કરવામાં આવેલ છે.

૨. રાજ્યમાં વિવિધ શહેર/જિલ્લાઓ ખાતે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજીક તત્વો દ્વારા દેશદ્રોહી/ગેરકાયદેસર પ્રવૃતી માટે ઉપયોગ થવાનો સંભવ છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. આ બાબત સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઈ બજારમાં બિનઅધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા અન્ય ચીજ-વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો ખુબ જ જરૂરી છે.

૩. જેથી સૈન્ય તથા સશસ્ત્રદળોના ગણવેશનો બિનઅધિકૃત રીતે વેચાણ તથા તેના ઉપયોગ બદલ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમો ૧૬૮, ૨૦૪ અને ૨૦૫ માં જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેથી સૈન્ય તેમજ અન્ય સશસ્ત્રદળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેના સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોના વેચાણ/ઉપયોગ પર પ્રતિબંધ મુકવો જરૂરી છે.

જેથી શસ્ત્ર દળોનો ગણવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓના વેચાણ/ભાડે/ઉપયોગ માટે આ સાથે નીચે જણાવેલ કોલમ મુજબની જરૂરી માહિતી જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે તેમજ તે અંગેનું વેચાણ કરનાર વ્યક્તિ/સંસ્થાએ નિભાવવાનું રહેશે.

| ભાડે/વેચાણ લઈ જનારની વિગત | | | | | | સાધનોની વિગત | | વિગત | | ભાડે લઈ જનારની સહી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં | ભાડે/વેચાણ લેનારનું નામ, સરનામું | મો.નં | હેતુ | વિસ્તાર | આઈ.ડી. પ્રુફની વિગત | વિગત | સંખ્યા | ભાડે આપ્યાની તારીખ | સમય | |
| | | | | | | | | | | |

વાસ્તે હું બ્રજેશ કુમાર ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું.

### : પ્રતિબંધિત કૃત્યો :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં સૈન્ય તથા અન્ય શસ્ત્ર દળોના ગણવેશ તથા પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોનું સંબંધિત પોલીસ સ્ટેશનમાં પૂર્વજાણ/નોંધણી કર્યા વગર વેંચાણ તથી તેનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

### : અપવાદ :

જે વ્યક્તિઓ ભારત સરકારના તથા અન્ય સશસ્ત્ર દળોમાં ફરજ બજાવતા હોય અને જે તે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં તેઓના આ પ્રકારના ગણવેશ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે તમામ વ્યક્તિઓને આ ગણવેશના ઉપયોગ માટે જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

### : અમલવારીનો સમય :

આ હુકમ તા. ૦૧-૦૭-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૮-૨૦૨૬ ના કલાક ૨૩-૫૯ સુધી અમલમાં રહેશે.

### : અમલવારીનો વિસ્તાર :

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૨૯-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૯ માહે જુન, સને ૨૦૨૬.

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું જાહેરનામું**

## ધ્વનિ પ્રદુષણ અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૩૯૧૦/૨૦૨૬.-રાજકોટ શહેરમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહીને જાહેર હીતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરૂરી છે.

દરેક માઈક સીસ્ટમ વાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં. ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનીટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા. ૧૪-૫-૨૦૧૦ થી ઘોંઘાટ ઉત્પન્ન કરતાં અને નિપજાવતાં સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વની પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ નિયમો-૨૦૦૦ નું તા. ૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા. ૧૧-૦૧-૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વની પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનીની માત્રાના ધોરણો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તેમજ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર દ્વારા નં. GPCB/LGL:NGT:GENERAL:115(2)/52896 તા. ૦૩-૧૨-૨૦૧૯ ના રોજથી જાહેરનામું પ્રસિધ્ધ કરવામા આવેલ છે. તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**: નોઈઝ સ્ટાન્ડર્ડ :**

| એરીયા કોડ વિસ્તાર | | ડેસીબલ (DB(A)Leq | |
|---|---|---|---|
| | | સવારના કલાક ૬-૦૦ થી રાત્રીના કલાક ૨૨-૦૦ સુધી | રાત્રીના કલાક ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધી |
| એ. | ઔદ્યોગીક | ૭૫ | ૭૦ |
| બી. | વાણીજ્ય | ૬૫ | ૫૫ |
| સી. | રહેણાંક | ૫૫ | ૪૫ |
| ડી. | શાંત વિસ્તાર | ૫૦ | ૪૦ |

સામાન્ય રીતે તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડ સ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વની પ્રદુષણ ફેલાતું જોવા મળે છે તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર, તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે.

**તા. ૧૧-૦૧-૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આકર્ષક બાબતો નીચે મુજબ છે.**

(અ) રાત્રીના સમયગાળા રાત્રીના ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદુષણ પેદા કરતાં બાંધકામ અંગેના તમામ સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડ સ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે અને જાહેર સ્થળોનો કબ્જો ધરાવનાર દ્વારા લાઉડ સ્પીકર સીસ્ટમનો તથા અન્ય સાધનોની ઉત્પન્ન થતાં અવાજની માત્ર જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબની ખાનગી સ્થળ થતી કાર્યવાહીના કારણે, જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સતાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું.

**: અમલવારીનો સમય :**

આ હુકમ તા. ૦૧-૦૭-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૮-૨૦૨૬ ના કલાક ૨૩-૫૯ સુધી અમલમાં રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: પ્રતિબંધિત કૃત્યો :**

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલીક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર, સમગ્ર રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરની હકુમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજીક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાંકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકાશે નહીં

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગાયનોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબી જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહીં.

૪. ડી. જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ હોવું જોઈએ તે જોતા ડી. જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનોનો અનો જોગવાઈઓનો ઉલ્લંઘન કરતાં હોય તેવું જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

૫. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા તા. ૦૩-૧૨-૨૦૧૯ ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરનામા મુજબ કોઈપણ ઉત્પાદક/ડીલર/દુકાનદાર/એજન્સી/વ્યકિત/વ્યકિતઓના સમુહ દ્વારા કોઈપણ સાઉન્ડ સીસ્ટમ ધ્વની નિયંત્રક (સાઉન્ડ લીમીટર) લગાવ્યા સિવાય તેનું વેચાણ/ખરીદ/પુરવઠો/સ્થાપન/ઉપયોગ કરવા ઉપર તેમજ હાલમાં હયાત તમામ સાઉન્ડ સીસ્ટમ પણ ધ્વનિ નિયંત્રક (સાઉન્ડ લીમીટર) સિવાય ઉપયોગમાં લેવા ઉપર.

૬. જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા, તથા વાદ્ય વગાડવા ઉપર.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

**: માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો :**

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલીક/ભાગીદારને પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડી. સી. પી. શ્રીને અરજી કરવી પરંતુ એક જ પો. સ્ટે. વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે પો. સ્ટે.ના પો. ઈન્સ. ને અરજી દિન-૭ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે. અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે. અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. રાજકોટ શહેર પોલીસ કમિશ્નરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકાશે નહી.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખીત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલા પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વ્યાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી તેમ કરવા માટે અધિકૃત અધિકારી પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૬. અરજદાર અથવા તેના પ્રતિનિધીએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૭. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડ્યુલ પ્રમાણે સવાર કલાક ૬-૦૦ થી રાત્રિ કલાક ૨૨-૦૦ સુધી જ રહેશે.

૮. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાતના કલાક ૧૦-૦૦ થી વહેલી સવારના કલાક ૬-૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહી.

**નોંધ :** ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નક્કી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના કલાક ૧૦-૦૦ના જગ્યાએ કલાક ૧૨-૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૯. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડ્યુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ અને રાત્રી દરમ્યાન નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રનો ભંગ થાય તે જોવાનું રહેશે.

**નોંધ :** કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માસક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી, પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

૧૦. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદિત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહી.

૧૧. ગતિમાન વાહનમાંથી કોઈપણ સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશ્નરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સીવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહી, અથવા ચલાવવો નહી.

૧૨. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશ્નર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મનાઈ કરવાનો હુકમ કરી શકશે.

૧૩. ફરજ પરના પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપરકણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

૧૪. ઉપરોકત પ્રતિબંધીત કૃત્યમાંથી નંબર પાંચ (૫) ઉપર દર્શાવેલ કૃત્યમાં કોઈપણ સજોગોમાં કોઈપણ છુટછાટ મળશે નહી અર્થાત તમામ સંજોગોમાં સાઉન્ડ સીસ્ટમમાં ધ્વનિ નિયંત્રક (સાઉન્ડ લીમીટર) લગાવવાનું રહેશે.

આ જાહેરનામા હુકમના ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબનો ગુન્હો નોંધી ઉપરોકત માલીક, ભાગીદારે, મેનેજર કે સંચાલકની ભારતીય ફોજદારી રાહે કાર્યવાહી કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના કામે મુદ્દામાલ તરીકે કબ્જે કરવામાં આવશે.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૨૯-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૯ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

### ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

## મકાન ભાડા અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસબી/૧૪/જાહેરનામુ/૩૯૦૩/૨૦૨૬.-ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી-અસામાજીક તત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરતા હોય છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વિગેરેને સર્વે કરી સ્થાનિક પરીસ્થિતિથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે જેથી રાજકોટ શહેર વિસ્તારમાં રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશ તથા રાજ્યની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સતાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં કોઈ મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોના માલીકો અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો જ્યારે મકાનો/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજો ભાડે આપે ત્યારે સબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/ઔદ્યોગીક એકમ/દુકાન/ઓફીસ/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપી શકશે નહીં. તેમજ તમામે Citizen Portal, Citizen First Application મારફતે તેનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. અને ભાડે આપેલ મકાનો/ઔદ્યોગીક એકમો/દુકાનો/ઓફીસો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોની વિગત ભાડુઆત અને મકાન/ઔદ્યોગીક એકમ/દુકાન/ઓફીસ/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીક કે સંબંધીત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગે તમામે જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તેમજ આવા મકાન/ઔદ્યોગીક એકમ/દુકાન/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીકો/આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો અને ભાડે રાખનાર વ્યકિતએ જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવવાની રહેશે, અને સ્થાનિક પોલીસ સ્ટેશન દ્વારા નિયત નમુના મુજબનું ફોર્મ આપવામાં આવે જે ફોર્મ ભરી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે, અને આ અંગે પો.સ્ટે.ના પોલીસ સ્ટેશન ઓફીસરે રજીસ્ટર નિભાવવાનું રહેશે.

| અ. નં. | મકાન માલીકનું નામ તથા ભાડે મકાન/ ઔદ્યોગીક એકમ/ ઓફીસ/દુકાન/ગોડાઉન/ કોલ્ડ સ્ટોરેજની વિગત ક્યા વિસ્તારમાં કેટલા ચોરસ મીટર બાંધકામ છે તેની વિગત | મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/ દુકાન/ગોડાઉન/ કોલ્ડ સ્ટોરેજ ભાડે આપવા સત્તા ધરાવતાં વ્યક્તિનું નામ | મકાન/ઔદ્યોગીક એકમ/ દુકાન/ઓફીસ/ ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ક્યારે ભાડે આપેલ છે તેનું માસીક ભાડુ કેટલું છે? | કઈ વ્યક્તિને ભાડે આપેલ છે? તેના પાકા નામ સરનામા, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ફોટા પુરાવા સાથે આપવા | મકાન/ઔદ્યોગીક એકમ/ દુકાન/ઓફીસ/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર તથા ઓળખ આપનાર વ્યક્તિનું નામ, સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ વિગેરે પુરાવા સાથે આપવા | મકાન માલિક તેમજ ભાડે રાખનારના ફોટા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

**: અમલવારીનો સમય :**

આ હુકમનો અમલ તા. ૦૧-૦૭-૨૦૨૬ કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૮-૨૦૨૬ ના કલાક ૨૩-૫૯ સુધી.

**: અમલવારીનો વિસ્તાર :**

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: સજા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી..

આજ તારીખ ૨૯-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૯ માહે જુન, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

## ડ્રોન અંગેનુ જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૩૯૧૧/૨૦૨૬.-રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ વાઈટલ ઈન્સ્ટોલેશન, એરપોર્ટ, વી.વી.આઈ.પી. રહેઠાણ તેમજ કચેરીઓ અગત્યની સરકારી કચેરીઓ વગેરે જગ્યાની સુરક્ષા કરવાની જવાબદારી રાજકોટ શહેર પોલીસની છે. રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરીયલ મિસાઈલ, હેલીકોપ્ટર કે પેરાગ્લાઈડર, માઈક્રો લાઈટ એરક્રાફ્ટ જેવા સંસાધનોથી દેશ-વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈને રાજકોટ શહેરની સુરક્ષાને હાની પહોચાડવાની શકયતા નકારી શકાય નહી, આ પ્રકારના સંસાધનોથી શહેરમાં આંતક ફેલાવી, સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શકયતા રહેલી છે. જેથી પોતાના અંગત વ્યવસાય માટે ડ્રોન કેમેરા રાખતા હોય તેઓ ઉપર નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

પોલીસ મહાનિરીક્ષકશ્રી (ઈન્ટેલીજનસ), સ્ટેટ ઈન્ટેલીજન્સ બ્યુરો, ગુજરાત રાજ્ય ગાંધીનગરની કચેરીના પત્ર ક્રમાંક : જી-૨/ડ્રોન/કામગીરી/૭૮૯/૨૦૨૧ તા. ૦૧-૧૧-૨૦૨૧ થી અત્રેના રાજકોટ શહેરમાં આવેલ ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા કુલ-૩૫ સ્થળો/ઈન્ટોલેશન્સને રેડ ઝોન અને યલ્લો ઝોનમાં વિભાજીત કરવામાં આવેલ છે તેમજ હોમ ડીપાર્ટમેન્ટ, સચિવાલય, ગાંધીનગર ના પત્ર નં. GG/113/2022/SB1/OSA/102020/857(1) તા. ૧૨-૦૮-૨૦૨૨ થી રાજકોટ શહેર ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લીમીટેડ આણંદપર (ગવરીદળ) એસ.વી. સ્ટેશનને નો ડ્રોન જાહેર કરવામાં આવેલ હોય, જે અંગે રાજકોટ ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લી. આણંદપર ના પત્ર નં. WRPL/GOD/SEC/2022/anandpar તા. ૨૪-૧૧-૨૦૨૨ ના પત્ર થી નો ડ્રોન જાહેર કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા જણાવેલ હોય, તેમજ ઉપ સચિવ, ગૃહ વિભાગ, ગાંધીનગર દ્વારા બહાર પાડેલ SOP ના પત્ર નં. SB-1/KAV/102019/GOI-175 Date : 22-05-2019 માં જણાવ્યા મુજબ એરપોર્ટને રેડ ઝોન જાહેર કરેલ હોય જે SOP ની માર્ગદર્શિકા અન્વયે રાજકોટ શહેરમાં નવુ નિર્માણ પામેલ રાજકોટ ગ્રીનફીલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટને નો ડ્રોન વિસ્તાર જાહેર કરવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું બ્રજેશ કુમાર ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સતાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા કલમ (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું. નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**: પ્રતિબંધીત કૃત્યો :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં નીચે દર્શાવેલ સ્થળોએ સક્ષમ અધિકારીની પરવાનગી વગર રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન કે રીમોટ કંટ્રોલ સંચાલિત એરીયલ મિસાઈલ, હેલીકોપ્ટર કે પેરાગ્લાઈડર, રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફ્ટનો ઉપયોગ કરી શકાશે નહી તેમજ Officer of the Director General of Civil Aviation ના પત્ર ક્રમાંક : 05-13/2014/AED Vol. IV, Dated : 27-08-2028 ની જોગવાઈઓની અમલવારી કરવાની રહેશે. અને નીચે જણાવેલ સ્થળો સિવાયની જગ્યામાં ડ્રોન ઉડાડવા માટે ડ્રોન ચલાવનાર સંચાલકે કે જેઓ પોતાના અંગત વ્યવસાય માટે રાખતા હોય છે તેઓએ આ ડ્રોન કેમેરાની સંપુર્ણ માહિતી જેવી કે મોડલ નંબર, વજન, ક્ષમતાની વિગતો સાથે નજીકના પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવવાની રહેશે અને તેનો ઉપયોગ કરતાં પહેલા જે તે વિસ્તારમાં ઉપયોગ કરવાનો છે તે વિસ્તારના પોલીસ સ્ટેશનના થાણા ઈન્ચાર્જશ્રીની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

| Sr. No. | Name of Place | Full Postal Address | Remmendatoin as per point no. 4 of SOP of MHA Date 16-12-2016 | Recommended Zone (Red/ Yellow) | Latitude | Longitude | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018 |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Special Bureau, Govt. of India | Nr. Kankot Village Tal. Dist. Rajkot | M | Red | 22.46675 | 70.72311 | 3 km distance from perimeter |
| 2 | Indian Oil Corporation Ltd. | Indene Bottling plant, NH 8B, Navagam Nr. Sat Hanuman, Rajkot-36003. | j | Red | 22.32757 | 70.85958 | 2 km distance from perimeter |

| Sr. No. | Name of Place | Full Postal Address | Remmendatoin as per point no. 4 of SOP of MHA Date 16-12-2016 | Recommended Zone (Red/ Yellow) | Latitude | Longitude | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018 |
|---|---|---|---|---|---|---|---|
| 3 | Indian Oil Corporation Ltd. (Marketing Division) (Bulk Petroleum Depot) | Nr. Bajrangwadi Police Beat Jamnagar Road, Rajkot-360006. | m | Red | 22.32328 | 70.78317 | 100 mtr distance from perimeter |
| 4 | Bharat Petroleum Corporation Ltd. | Rajkot Ahmedabad Highway, Maliyasan, Rajkot-360003. | j | Red | 22.31815 | 70.88131 | 2 km distance from perimeter |
| 5 | Indian Oil Corporation Ltd. | Western Region Pipeline Gauridad Morbi Road, Rajkot | j | Red | 22.39036 | 70.79636 | 2 km distance from perimeter |
| 6 | Central Jail | B/H Railway Station, Popat Para Rajkot | m | Red | 22.31678 | 70.80162 | 500 mtr distance from perimeter |
| 7 | 66 K.V. Electric Power Sub Station | Dudhsagar Road, Chunarawad Chowk Bhavnagar Road, Rajkot | j | Red | 22.295 | 70.82325 | 100 mtr distance from perimeter |
| 8 | Main Railway Station | Junction-Rajkot | m | Yellow | 22.31316 | 70.80236 | 100 mtr distance from perimeter |
| 9 | Central (Sayona) Bus Station | Dhebar Road, Rajkot-36001. | m | Yellow | 22.29394 | 70.79912 | 100 mtr distance from perimeter |
| 10 | Transmitter 24282 Sq. Mts. Studio 20000 Sq. Mts. Doordarshan Centre, Prasar Bharti | Nr. Aji Dam, Bhavnagar Road, Rjakot. | m | Yellow | 22.27399 | 70.83494 | 100 mtr distance from perimeter |
| 11 | All India Radio Station (Aakashwani) | Pandit Sitaram Marg, Opp. Racecourse, Rajkot-360001. | m | Yellow | 22.30079 | 70.79283 | 100 mtr distance from perimeter |
| 12 | Ex. C. M. House | "Pujit" 2/5 Prakash Society, Near Nirmala Convet School, Rajkot | d | Yellow | 22.29711 | 70.77276 | 100 mtr distance from perimeter |
| 13 | District Court | District Cort Khatara Stend Chowk Railway Station Road, Rajkot | c | Yellow | 22.30459 | 70.80358 | 100 mtr distance from perimeter |
| 14 | Police Commissioner Office | Jilla Panchayat Chowk, Race Course Ring Road, Rajkot | m | Yellow | 22.29872 | 70.79203 | 100 mtr distance from perimeter |
| 15 | S. P. Office | Opp. Girnar Cinema, Near Police Commissioner Office, Rajkot | m | Yellow | 22.29869 | 70.79262 | 100 mtr distance from perimeter |
| 16 | Collector Office | Shroff Road, Opp. G.T. Sheth Hospital, Rajkot | m | Yellow | 22.30549 | 70.79643 | 100 mtr distance from perimeter |
| 17 | B. S. N. L. Telephone Exhcange | Opp. Jubilee Garden Javahar Road, Rajkot. | m | Yellow | 22.30022 | 70.80088 | 100 mtr distance from perimeter |
| 18 | Akshar Purushottam Swaminarayan Temple | Kalawad Road Near Mahila College Under Bridge rajkot | g | Yellow | 22.29315 | 70.7819 | 100 mtr distance from perimeter |

| Sr. No. | Name of Place | Full Postal Address | Remmendatoin as per point no. 4 of SOP of MHA Date 16-12-2016 | Recommended Zone (Red/ Yellow) | Latitude | Longitude | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018 |
|---|---|---|---|---|---|---|---|
| 19 | Pandit Deendayal Civil Hospital | Government Hospital Jamnagar Road, Rajkot | m | Yellow | 22.30391 | 70.80139 | 100 mtr distance from perimeter |
| 20 | Aaji Dam | Aaji Dam Bhavnagar Road, Rajkot | m | Yellow | 22.26901 | 70.83558 | 2 km distance from perimeter |
| 21 | Nyari Dam-1 | Nyari Dam-1 Kalawad Road, Rajkot | m | Yellow | 22.24621 | 70.7038 | 2 km distance from perimeter |
| 22 | GSCSC Godown Under Food Corporation | Near Railway Station, Popat Para Road, | m | Yellow | 22.31515 | 70.80117 | 100 mtr distance from perimeter |
| 23 | F.C.I. Godown Ghanteswar | Ghanteswar Jamnagar Road, Rajkot | m | Yellow | 22.329 | 70.75565 | 100 mtr distance from perimeter |
| 24 | S.R.P. Group-13 | Ghanteswar Jamnagar Road, Rajkot | m | Yellow | 22.32887 | 70.73647 | 100 mtr distance from perimeter |
| 25 | Gopal Dairy | Dudhsagar Road, Chunarawad Chowk Bhavnagar Road, Rajkot | m | Yellow | 22.29488 | 70.82582 | 100 mtr distance from perimeter |
| 26 | Race Course Garden | Race Course Ring Road, Rajkot | m | Yellow | 22.29975 | 70.79108 | 100 mtr distance from perimeter |
| 27 | Aaji River Bridge No. 271 | Rajkot Railway Station Out Side, Rajkot | m | Yellow | 22.307996 | 70.807335 | 100 mtr distance from perimeter |
| 28 | Microwave Tower Rajkot | At-Rajkot Railway Station, Junction Plot | m | Yellow | 22.31225 | 70.802603 | 100 mtr distance from perimeter |
| 29 | Railway Control Office/Room Rajkot | At-Rajkot Railway Station, Junction Plot | m | Yellow | 22.306651 | 70.800494 | 100 mtr distance from perimeter |
| 30 | Water Tank Rajkot R. Station | At-Rajkot Railway Station, Junction Plot | j | Yellow | 22.314983 | 70.803021 | 100 mtr distance from perimeter |
| 31 | Loco Shed Rajkot R. Station | At-Rajkot Railway Station, Junction Plot | m | Yellow | 22.321323 | 70.793729 | 100 mtr distance from perimeter |
| 32 | Railway Auto Exchange Rajkot | At-Rajkot Railway Station, Junction Plot | m | Yellow | 22.305665 | 70.800496 | 100 mtr distance from perimeter |
| 33 | Important Railway Yard Rajkot | At-Rajkot Railway Station, Junction Plot | m | Yellow | 22.321255 | 70.793594 | 100 mtr distance from perimeter |
| 34 | Indian Oil Corporaton, Anandpar-Gauridad, Rajkot | At-Anandpar-Gauridad, Morbi Road, Rajkot | j | Red | 22.40280 | 70.74057 | 2 km distance from perimeter |
| 35 | Rajkot Greenfield International Airport | Rajkot Ahmedabad High Way Hirasar Village, Rajkot | e | Red | 22° 23'17.77 317 | 71° 02'46.04 434 | 3 km distance from perimeter |
| 36 | Satellite bus station | Bhavnagar Road, Amul Circle, 80 ft. Road, Rajkot | m | Yellow | 22.28584 6952846 782 | 70.829500 00957103 | 100 mtr distance from perimeter |

**: અમલવારીનો સમય :**

તા. ૦૧-૦૭-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૮-૨૦૨૬ ના કલાક ૨૩-૫૯ સુધી.

**: પ્રતિબંધીત વિસ્તાર :**

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

: અપવાદ :

સુરક્ષા એજન્સીના રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફટને આ જાહેરનામાથી મુકિત આપવામાં આવે છે.

: શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી..

આજ તારીખ ૨૯-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૯ માહે જુન, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

## નોકર ઘર-ઘાટી ની નોંધણી અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસ.બી./૧૪/જાહેરનામું/૩૯૧૨/૨૦૨૬.-રાજકોટ શહેરમાં બનતા લુંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા બનાવોમાં એવું જોવા મળેલ છે કે આવા ગુન્હાઓમાં રહેણાંક વિસ્તારના મકાનો/બંગલા/દુકાનો/કારખાનાઓ/ઔદ્યોગિક એકમો/ઓનલાઈન સર્વિસ પ્રોવાઈડરો જેવા વ્યવસાયિક એકમોમાં કામ કરતાં વ્યકિતઓ તેમજ ખેતરોમાં કામ કરતા મજુરો, મકાન માલીક/ખેતર માલીકનો વિશ્વાસ મેળવી તેઓના મકાન તથા તેમની પ્રવૃતિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો દ્વારા મિલ્કત સબંધી તેમજ શરીર સબંધીના ગંભીર ગુન્હા આચરતા હોય છે. જેના લીધે જાહેર સલામતિ અને શાંતી જોખમાય છે જેથી જાહેર જનતાની શાંતી અને સલામતી જાળવવા સારૂ, નિયંત્રણો મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું બ્રજેશ કુમાર ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સતાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું. અને નીચે મુજબનો હુકમ કરૂ છું.

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં મકાનો/બંગલા/દુકાનો/કારખાનાઓ/ઔદ્યોગિક એકમો/મકાન બાંધકામ બિલડર્સ/ટેક્ષટાઈલ ઉદ્યોગ/હિરા ઉદ્યોગો સાથે સંકળાયેલ તમામ પ્રાઈવેટ સેકટરના માલિકો/ઓનલાઈન સર્વિસ પ્રોવાઈડર/મેનેજમેન્ટ સ્ટાફ/ખેતરના માલીકો કે જેઓના યુનિટમાં/ખેતરમાં કામ કરતા ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી કર્મચારી, કારીગરો મજુરો/ખેત મજુરો વિગેરે જે હાલમાં કામ પર છે તેવા તેમજ કામ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજૂરો/ખેત મજુરો/નોકરોની માહિતી/હકીકત અંગેની તમામ નોંધણી સીટીઝન પોર્ટલ વેબસાઈટ (www.gujhome.gujarat.gov.in) અથવા સીટીઝન ફર્સ્ટ એન્ડ્રોઈડ એપ્લિકેશન મારફતે ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. તથા પોતાની પાસે પણ રાખવાની રહેશે. તથા કામે રાખનાર માલિકે પોતાના ફોટો, ઘરનું સરનામું ધરાવતો ફોટો, I-Card, મોબાઈલ નંબર ની વિગત સાથે જાહેરનામામાં દર્શાવેલ ફોર્મ પોતાના વિસ્તારના પો.સ્ટે. ખાતે જમા કરાવવાનું રહેશે. આ અંગે દરેક પો.સ્ટે. કક્ષાએ રજીસ્ટર નિભાવવાનું રહેશે.

**ઉપરોકત મુદ્દા નં. ૧ ની હકીકત નીચે મુજબ દર્શાવેલ કોલમ વાઈઝ આપવાની રહેશે તેમજ વોચમેન હથીયાર ધારી હોય તો તેના હથીયર અંગેની માહિતી પણ આપવાની રહેશે.**

| **ઓળખપત્ર ફોર્મ (Credential form) ફોર્મ નં.** | | | |
|---|---|---|---|
| નામ (Name) | | | |
| પિતાનું નામ (Father's Name) | | મો. નં. | |
| માતાનું નામ (Mother's Name) | | મો. નં. | |
| જન્મ તારીખ (Date of birth) | | | |
| વતનનું સરનામું (Home-Permanet address) | | | |
| વતનના કોર્પોરેટર/સરપંચનું નામ તથા મો. નં. (Pradhan/Sadasya name & mo. no. of native place) | | | |
| વતનનું પોલીસ સ્ટેશન અને ફોન નંબર (Police station name & phone number) | | | |
| હાલનું રહેવાનું સરનામું (Present residential address) | | | |

| | | |
|---|---|---|
| કઈ જગ્યાએ કામ કરે છે (Where does he/she work? Place work) | | |
| મોબાઈલ/ફોન નંબર (Mobile/Phone Number) | | |
| ઓળખ ચિન્હો તથા સહી/અંગૂઠાનું નિશાન (Identification marks and signature/finger print) | | |
| અભ્યાસ/કોલેજ/સ્કુલ નું નામ (Name of Study/College/School) | | |
| મજુર/નોકર ભારતીય નાગરીક છે કે કેમ ? હા/ના, જો હા, તો ભારતીય નાગરીકતાના પુરાવા | | |
| ૧ આધાર કાર્ડ નંબર (Aadhaar Card Number) | | |
| ૨ ચૂંટણીકાર્ડ નંબર (Election Card Number) | | |
| ૩ ડ્રાઈવીંગ લાયસન્સ (Driving license) | | |
| ૪ પાસપોર્ટની વિગત (Passport Detail) | | |
| ૫ વાહન નંબરની વિગત (Vehicle Detail) | | |
| મજુર/નોકર વિદેશી નાગરીક છે કે કેમ? હા/ના, જો હા તો વિદેશી નાગરીકની વિગતો સ્થાનિક પો.સ્ટે. અને સ્પેશ્યલ બ્રાન્ચ (ફોરેનર્સ બ્રાન્ચ) ખાતે જાણ કરવાની રહેશે. | | |
| **ઓળખાણ આપનાર (Identifier)** | | |
| (૧) નામ (Name) | | |
| પિતાનું નામ (Father's Name) | | મો. નં. |
| માતાનું નામ (Mother's Name) | | મો. નં. |
| જન્મ તારીખ (Date of birth) | | |
| હાલનું રહેવાનું સરનામું (Present residential address) | | |
| મોબાઈલ/ફોન નંબર (Mobile/Phone Number) | | |
| (૨) નામ (Name) | | |
| પિતાનું નામ (Father's Name) | | મો. નં. |
| માતાનું નામ (Mother's Name) | | મો. નં. |
| જન્મ તારીખ (Date of birth) | | |
| મોબાઈલ/ફોન નંબર (Mobile/Phone Number) | | |
| આધાર કાર્ડ નંબર (Aadhaar Card Number) | | |
| ચૂંટણીકાર્ડ નંબર (Election Card Number) | | |

**નોંધ :**

(૧) ઓળખના પુરાવાની નકલ રેશનકાર્ડ/પાનકાર્ડ/પાસપોર્ટ/ચૂંટણી કાર્ડ/ડ્રાઈવીંગ લાઈસન્સ વિગેરેમાંથી કોઈપણ એક નકલ સાથે જોડવી.

(૨) જો કામે રહેનાર વ્યકિત ગુજરાત રાજ્ય બહારની હોય તો ઓળખાણ આપનાર તરીકે બે વ્યકિતમાંથી એક વ્યકિત ગુજરાતી હોવી જોઈએ તેમજ એક વ્યકિત જે-તે જિલ્લા (રાજ્ય)ની હોવી જોઈએ.

**: અમલવારીનો સમય :**

આ હુકમ તા. ૦૧-૦૭-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૮-૨૦૨૬ ના કલાક ૨૩-૫૯ સુધીનો રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

: જાહેર વિજ્ઞપ્તિ :

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી..

આજ તારીખ ૨૯-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૯ માહે જુન, સને ૨૦૨૬.

---

ભયનજક જળાશયો, તળાવ, નહેરમાં પ્રતિબંધ અંગેનું જાહેરનામુ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામું

ક્રમાંક : એસ.બી./૧૪/જાહેરનામું/૩૯૦૫/૨૦૨૬.-તાજેતરમાં રાજ્યમાં જુદી-જુદી જગ્યાઓએ નદી, તળાવ, નહેર, દરીયામાં નહાવા પડેલ વ્યકિતઓનાં ડુબી જવાથી મરણ ગયેલની ઘટના બનેલ જે ખૂબ જ ગંભીર બાબત છે. જેથી આવી જગ્યાઓએ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂ ઉપસચિવ (કા.વ્ય.) ગૃહ વિભાગ (વિશેષ), સચિવાલય, ગાંધીનગરની કચેરીના પત્ર ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૪/૮૨ તા. ૩૦-૦૫-૨૦૨૪ ના પત્ર થી ભયજનક સ્થળોએ કોઈ પણ વ્યકિતઓ/પ્રવાસીઓ જળાશયોમાં (નદી, તળાવ, નહેર, દરીયા) ન પ્રવેશ તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા આદેશ થયેલ હોય, જેથી રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવેલ ભયજનક જળાશયોમાં (નદી, તળાવ, નહેર, દરીયા) પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે હું બ્રજેશ કુમાર ઝા (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરુ છું. અને નીચે મુજબનો હુકમ કરૂ છું.

: પ્રતિબંધિત કૃત્યો :

રાજકોટ શહેરમાં નીચે મુજબના ભયજનક જળાશયોમાં કોઈપણ વ્યકિત/પ્રવાસીઓ નહાવા પર તથા ભારે ભીડ થવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

| અનું. | પો. સ્ટે. નું નામ | ભયજનક જળાશયો/તળાવ, નહેર |
|---|---|---|
| ૦૧ | એ. ડીવી. પો. સ્ટે. | આજી નદીનો કાંઠો નવયુગપરા ઘાંચીવાડ સ્મશાન થી કેસરી હિંદ પુલ સુધી |
| ૦૨ | બી. ડીવી. પો. સ્ટે. | લાલપરી તળાવ, સંત કબીર ટેકરી પાસે, જુના માર્કેટીંગ યાર્ડ પાછળથી કુવાડવા રોડ સાત હનુમાન મંદિર પહેલા સુધી નદી કાંઠો (બેડીપરા ચોકી વિસ્તાર) |
| ૦૩ | બી. ડીવી. પો. સ્ટે. | લાલપરી તળાવ/નદી કુવાડવા રોડ સાત હનુમાન મંદિર પહેલા સુધી નદી કાંઠો થી ૧૫૦ ફુટ રીંગ રોડ અમદાવાદ હાઈવે સુધી નદી કાંઠો (ભગવતીપરા ચોકી વિસ્તાર) |
| ૦૪ | બી. ડીવી. પો. સ્ટે. | આજી નદીનો કાંઠો, પાંજરાપોળ પૂલથી કેશરી પૂલ સુધી (બેડીપરા ચોકી વિસ્તાર) |
| ૦૫ | બી. ડીવી. પો. સ્ટે. | આજી નદીનો કાંઠો, કેસરી પૂલ થી ૧૫૦ ફુટ રીંગ રોડ (માધાપર ચોકડી થી બેડી ચોકડી) સુધી |
| ૦૬ | આજીડેમ પો. સ્ટે. | આજીડેમનો પૂર્વ બાજુનો કાંઠો, ભાવનગર હાઈ-વે રોડ સાઈડ |
| ૦૭ | આજીડેમ પો. સ્ટે. | ખોખડદળ નદી, ખોખડદળ ગામ |
| ૦૮ | આજીડેમ પો. સ્ટે. | રાંદરડા તળાવ, જુના માર્કેટીંગ યાર્ડ પાસે |
| ૦૯ | આજીડેમ પો. સ્ટે. | ત્રંબા ગામ ત્રિવેણી નદીનો સંગમ કાંઠો |
| ૧૦ | આજીડેમ પો. સ્ટે. | કાળીપાટ ગામ ડેમ, નવા રૂડા રીંગ રોડ પાસે, |
| ૧૧ | આજીડેમ પો. સ્ટે. | સરધાર ગામ દરબારગઢ પાસે આવેલ ડેમ |
| ૧૨ | ગાંધીગ્રામ પો. સ્ટે. | જામનગર રોડ, ઈશ્વરીયા પાર્ક ખાતે આવેલ તળાવ |
| ૧૩ | ગાંધીગ્રામ-૨ (યુનિ.) | અટલ સરોવર, ન્યુ ૧૫૦ ફુટ રીંગ રોડ |
| ૧૪ | ગાંધીગ્રામ-૨ (યુનિ.) | પરશુરામ મંદિર પાછળનું તળાવ, ન્યુ ૧૫૦ ફુટ રીંગ રોડ |
| ૧૫ | ગાંધીગ્રામ-૨ (યુનિ.) | યુનિવર્સિટી કેમ્પસ, મેલડી માતાના મંદિરની સામેનું તળાવ |

| અનું. | પો. સ્ટે. નું નામ | ભયજનક જળાશયો/તળાવ, નહેર |
|---|---|---|
| ૧૬ | ગાંધીગ્રામ-૨ (યુનિ.) | યુનિવર્સિટી ચાર રસ્તા, પ્રશીલ પાર્કની પાછળનું તળાવ |
| ૧૭ | ગાંધીગ્રામ-૨ (યુનિ.) | વેજાગામ પાસે આવેલ તળાવ |
| ૧૮ | ગાંધીગ્રામ-૨ (યુનિ.) | રૈયા ગામ તળાવ |
| ૧૯ | રાજકોટ તાલુકા | કાલાવાડ રોડ, ન્યારી ડેમ-૧ |
| ૨૦ | રાજકોટ તાલુકા | કોપર એલીગન્સ સરોવર, પોલીસ હેડક્વાર્ટર પાસે, મવડી ગામ |
| ૨૧ | રાજકોટ તાલુકા | લાખાણી સરોવર, સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે, જીવરાજ પાર્ક |
| ૨૨ | રાજકોટ તાલુકા | વીરવરૂ સરોવર, રંગોલી પાર્ક પાસે, નવો ૧૫૦ ફુટ રીંગ રોડ |
| ૨૩ | રાજકોટ તાલુકા | પવિત્રમ પ્રયાગ સરોવર, મફતીયાપરા, નાના મૌવા ગામ |
| ૨૪ | રાજકોટ તાલુકા | પાબારૂ સરોવર, મફતીયાપરા, નાના મૌવા ગામની બાજુમાં |
| ૨૫ | રાજકોટ તાલુકા | જીબીયા સરોવર કટારીયા ચોકડી પાસે, કાલાવડ રોડ |
| ૨૬ | રાજકોટ તાલુકા | સમંવય સરોવર, સમન્વય પાર્ટી પ્લોટ પાસે, કણકોટ રોડ |
| ૨૭ | રાજકોટ તાલુકા | રોલેક્ષ સરોવર ગીરીરાજ સિમેન્ટ પ્લાનની બાજુમાં, નવો ૧૫૦ ફુટ રીંગ રોડ |

**: અમલવારીનો સમય :**

આ હુકમ તા. ૦૧-૦૭-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૮-૨૦૨૬ ના કલાક ૨૩-૫૯ સુધીનો રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: અપવાદ :**

આ જાહેરનામું આપતીના સમયમાં સરકારી ફરજ પર અથવા કામગીરીમાં હોય તેવા સરકારી કર્મચારી, અર્ધ સરકારી એજન્સીઓ તથા કોઈ વ્યકિતઓ કાયદેસરની ફરજમાં હોય તેઓને લાગુ પડતુ નથી.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**: જાહેર વિજ્ઞપ્તિ :**

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી..

આજ તારીખ ૨૯-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૯ માહે જુન, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

**સ્પા/મસાજ પાર્લરો/કર્મચારીની માહિતી અંગેનું જાહેરનામું**

ક્રમાંક : એસ.બી./૧૪/જાહેરનામું/૩૯૦૯/૨૦૨૬.-રાજકોટ શહેરના રહેણાંક વિસ્તારમા તથા ઓદ્યોગીક વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લર ચલાવવાની આડમા નશીલા કેફી દ્રવ્યોનું સેવન તથા દેહ વ્યાપાર તથા અન્ય ગેરકાયદેસર કૃત્યો ચલાવતા હોવાનું જણાય આવેલ છે. કેટલાક અસામાજીક તત્વો આવા સ્પા/મસાજ પાર્લરની આડમાં ગુનાહિત કૃત્યો કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા હોવાનું જણાઈ આવેલ છે.

જેથી રાજકોટ શહેર વિસ્તારમાં સ્પા/મસાજના પાર્લરોની આડમાં ગુન્હાહિત કૃત્યો અટકાવવા સારૂ સ્પા/મસાજ પાર્લરોની માહિતી જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશન પાસે હોવી જરૂરી છે.

વાસ્તે, હું બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું. અને નીચે મુજબનો હુકમ કરૂ છું.

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લરોના માલિકો અગરતો આ માટે આવા સ્પા/મસાજ પાર્લરના સંચાલકોએ તેમા કામ કરતા કર્મચારીશ્રીઓની સંખ્યા સહિત ફોટોગ્રાફ સાથેની સંપુર્ણ વિગત સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. આ અંગે જે-તે પો.સ્ટે. ના પોલીસ સ્ટેશનના ઓફીસરે રજીસ્ટર નિભાવવાનું રહેશે.

| અ. નં. | વિગત | રીમાર્કસ |
|---|---|---|
| ૧. | સ્પા/મસાજ પાર્લર, એકમનું નામ, માલિક/સંચાલકનું નામ તથા સરનામું ટેલીફોન નબર. | |
| ૨. | સ્પા/મસાજ પાર્લરમાં કામ કરતા તમામ કર્મચારીની સંપુર્ણ વિગત (ફોટા સહિતની) | |
| | (૧) જો તેઓ ભારતીય હોય, તેના ઓળખના પુરાવા જોડવા. | |
| | હાલનું સરનામું | |
| | મુળ વતનનું સરનામું | |
| | ફોન નં. (ઘર) (ઓફીસ) (મો.નં.) | |
| | (૨) જો તેઓ વિદેશી હોય, તો<br>- તેમના પાસપોર્ટની વિગત : (પાસપોર્ટ તથા વિઝાની નકલ બીડવાની રહેશે.)<br>- કયા વિઝા પર ભારતમાં આવેલ છે તેની વિગત : | |
| | હાલનું સરનામું : | |
| | ફોન નં. (ઘર) (ઓફીસ) (મો.નં.) | |
| | [સ્પા/મસાજપાર્લર ચલાવનાર/સંચાલક નો પાસ પોર્ટ સાઈઝનો ફોટો] [કામ કરતા કર્મચારીઓ નો પાસ પોર્ટ સાઈઝનો ફોટો] [પોલીસ સ્ટેશનના સહિ, સિક્કા અને તારીખ]<br>સ્પા/મસાજ પાર્લર ચલાવનારની સહી કામ કરતા કર્મચારીની સહી<br>સાક્ષીની સહી તથા સંપુર્ણ વિગત : | |
| ૩. | **: નિયમો :**<br>૧. આ વિગત કોરા કાગળ પર લખવાની રહેશે.<br>૨. આ વિગત સંપુર્ણ રીતે ભરીને સ્પા/મસાજ પાર્લરો જે નામથી ચાલતા હોય, તેના નામ સાથેની વિગત તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે.<br>૩. આ વિગત સંપુર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. બંને નકલ જે-તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી સિક્કા સાથે પરત આપશે. જે સાચવી રાખવાની રહેશે.<br>૪. સ્પા/મસાજ પાર્લર ચલાવનારે તેમનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાન કાર્ડ, આધાર કાર્ડ, ઈલેકશન કાર્ડ, રજુ કરવાના રહે | |

**: અમલવારીનો સમય :**

આ હુકમ તા. ૦૧-૦૭-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૮-૨૦૨૬ ના કલાક ૨૩-૫૯ સુધીનો રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ શિક્ષાને પાત્ર થશે.

**: જાહેર વિજ્ઞપ્તિ :**

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી..

આજ તારીખ ૨૯-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૯ માહે જુન, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની
કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

## બોરવેલ અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસ.બી./૧૪/બોરવેલ/જાહેરનામું/૩૯૦૮/૨૦૨૬.-રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરેટ વિસ્તારની હદમાં ખેતીના ઉપયોગ માટે ખેડૂતો દ્વારા તેમજ અન્ય કારણોસર લોકો દ્વારા બોરકુવા ખોદવામાં આવે છે આવા બોરકુવા અને કેટલાંક કારણોસર પાણી મળી ન આવતા અથવા રદ બાતલ થઈ જતા બોરકુવા, પાઈપ લાઈન બંધ કર્યા સિવાય આવા બોરકુવા ખોદાવનાર માલીકો જે-તે હાલતમાં ખુલ્લા છોડી દે છે અને આવી બેદરકારીને કારણે નાના બાળકો કેટલીક વાર આ ખુલ્લા છોડી દીધેલ બોરકુવાના પાઈપમાં આકસ્મિક રીતે પડી જતાં બાળકોના જીવલેણ અકસ્માત થતા આવ્યા છે. જે ઘણી જ ગંભીર બાબત છે. આમ આવા નાના બાળકો જીવલેણ અકસ્માતનો ભોગ ન બને તે આશયથી ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ની કલમ ૬૪(ગ) તથા ૬૬ (જ)ની જોગવાઈ હેઠળ આવા બનાવોમાં બને તેટલાં પ્રયત્નો કરી આવા કૃત્યોને રોકવા અંગે તેમજ લોકોને કોઈપણ અકસ્માત કે જોખમ થતું અટકાવવા પોતાના થી બનતા ઉપાય લેવા અંગેની ફરજ અને અધિકાર મુજબ સલામતી અને બાળ મૃત્યુના બનાવો અટકાવવા થોડા નિયંત્રણો મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરૂ છું. અને નીચે મુજબનો હુકમ કરૂ છું.

### હુકમ

(૧) જે-તે વિસ્તારમાં બોરવેલ બનાવતા પહેલા સબંધીત વિભાગની મંજુરી મેળવેલ છે તે અંગેની જાણ જમીન માલીક/બોર માલીક તથા બોર બનાવતી એજન્સીએ સબંધીત પોલીસ સ્ટેશનના થાણા અધિકારીને કરાવવાની રહેશે.

(૨) બોરવેલ બનાવ્યા બાદ કોઈ જાનહાની થાય નહી અથવા બોરવેલમાં કોઈ બાળક કે અન્ય વ્યકિત કે જાનવર પડી ન જાય તેમજ અકસ્માત ન સર્જાય તે અંગેના તમામ તકેદારીના પગલાં જેવા કે, બોરવેલને ફરતી મજબુત ફેન્સીંગવાડ/દિવાલ કરાવવાની રહેશે અને તે અંગેની ખાત્રી સબંધીત પોલીસ સ્ટેશનના થાણા અધિકારીને કરાવવાની રહેશે.

(૩) જૂના તથા બંધ પડેલ તથા અવાવરૂ પરિસ્થિતી હોય તેવા બોરવેલના જમીન માલીકોએ બોરવેલની પાઈપ લાઈન બંધ કરવા ઉપરાંત ઉપરોકત કાળજી રાખવાની રહેશે.

**: અમલવારીનો સમય :**

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૦૭-૨૦૨૬ ના ક. ૦૦-૦૦ થી તા. ૩૧-૦૮-૨૦૨૬ ના ક. ૨૩-૫૯ સુધીનો રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: શિક્ષા :**

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**: જાહેર વિજ્ઞપ્તિ :**

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ અકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૨૯-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૯ માહે જુન, સને ૨૦૨૬.

---

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની
કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

## વાહન લે-વેચ અંગે ઓળખપત્ર રાખવા અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસ.બી./૧૪/વાહન લે-વેચ/જાહેરનામું/૩૯૦૭/૨૦૨૬.-ગુપ્તચર સંસ્થા વખતો-વખતના અહેવાલો અને અમુક બનાવો જેવા કે હૈદરાબાદના દીલસુખનગર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં આતંકવાદી તત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડ-ભીડવાળી જગ્યાઓમાં આ સાયકલો રાખી, બોમ્બ બ્લાસ્ટ કરી ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ છે. જેથી વાહન ખરીદી માટે આવનાર ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે સાયકલ, ટુ-વ્હીલર, ફોર વ્હીલર, હેવી વ્હીકલ વેચનારે રેશનકાર્ડ, ચૂંટણી કાર્ડ જેવા પૂરાવા મેળવી તેની ખરાઈ કરી વેચાણ આપે તેમજ વાહન વેચનાર વેપારી બીલમાં વાહનનો પ્રકાર, ચેસીસ નંબર, એન્જીન નંબર, ગ્રાહકનું પુરૂ નામ-સરનામું અને ટેલીફોન નંબર સાથેની વિગત બીલમાં દર્શાવવી અને આ વાહન વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ, સલામતી અને દેશની સુરક્ષા માટે નિયમો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સતાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરૂ છું. અને નીચે મુજબનો હુકમ કરૂ છું.

### હુકમ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં વાહન વેચનાર દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે-જ્યારે આવા વાહન વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સૂચનાઓનું અવશ્ય પાલન કરવું.

(૧) વાહન ખરીદનારને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબ્જામાં રાખવી.

(૨) વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશનકાર્ડ, આધારકાર્ડ કે નોકરી કરતાં હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવાં કે

મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર, પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી વાહન વેચાણ કરનારે મેળવવાના રહેશે. તથા તેનો રેકોર્ડ નિભાવવાનો રહેશે.

(૩) વેચાણ બીલમાં ખરીદનારનું પુરૂ નામ-સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં વાહનનો એન્જીન નંબર તથા ફ્રેમ/ચેસીસ નંબર અવશ્ય લખવો.

(૫) સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર, ફોર વ્હીલર તથા ભારે વાહનોના વેંચાણ અંગેના રેકર્ડ ચકાસણી માટે વેચાણકર્તા પાસે કોઈપણ પોલીસ અધિકારી/પોલીસ કર્મચારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

**: અમલવારીનો સમય :**

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૦૭-૨૦૨૬ ના ક. ૦૦-૦૦ થી તા. ૩૧-૦૮-૨૦૨૬ ના ક. ૨૩-૫૯ સુધીનો રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: શિક્ષા :**

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**: જાહેર વિજ્ઞપ્તિ :**

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ અકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તેમજ રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૨૮-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૮ માહે જુન, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

## પથિક સોફ્ટવેર અંગેનું જાહેરનામું

ક્રમાંક:એસ.બી./પથિકસોફટવેરઅંગેનુંજાહેરનામું/૩૯૦૬/૨૦૨૬.- ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામજીક તત્વો શહેરના વિસ્તારોમાં આવેલ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાનાઓમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે છે.

બહારના રાજ્યોમાંથી આવતા આવા તત્વો કોઈ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના ભાડે રાખીને રહેતા હોય છે તેઓ આવા આશ્રય સ્થાનો ઉપર રહી શહેરની ભીડભાડવાળી જગ્યાઓ, મોટી હોસ્પીટલો, ઓદ્યોગીક એકમો, સરકારી કચેરીઓ, અતિ-સંવેદનશીલ જગ્યાઓ સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાનામાં આશરો આપતા માલીકો ઉપર થોડાક નિયંત્રણો મુકી નિયમો કરવાનુ દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સતાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદો માટે અધિકૃત કરૂ છું.

**હુકમ**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારના હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાનામાં કોઈ પણ વ્યકિતઓને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪-કલાકમાં પોલીસ દ્વારા તૈયાર કરેલ ઓનલાઈન વેબ પોર્ટલ https://pathik.guru/ માં કરવાની રહેશે. આપના હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના ઓની રાજકોટ શહેર એસ.ઓ.જી. શાખાની ઓફીસમાં રજીસ્ટર કરાવી આપના યુઝર આઈડી, પાસવર્ડ મેળવી લઈ રોજે રોજ આવતા તમામ રોકાણ કરતા મુસાફરોની જે તે સમયે ઓન લાઈન પોર્ટલમાં એન્ટ્રી કરવી. તે સિવાય કોઈ વ્યકિતને હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના ના માલીકો ભાડે આપી શકશે નહીં અને આ અંગે આ નીચે કરેલા નિયમોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ હોટલ, ધાબા, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, મુસાફરખાનાઓમાં રૂમો/જગ્યા કોઈપણ વ્યકિતઓને ભાડે ત્યારે તે અનુસંધાને સ્થાનીક/પરપ્રાંતીય/ભારતીય અને વિદેશી મુસાફરો/નાગરીકોની પથીક સોફટવેર (ઓન લાઈન વેબ પોર્ટલ) https://pathik.guru માં ડેટાએન્ટ્રી તાત્કાલીક કરવાની રહેશે અને તે અંગેનો રોજેરોજનો સમરી રીપોર્ટ (Export Report) અને તેની સાથે તેઓના આઈ.ડી. પ્રુફની નકલ તથા "C" ફોર્મ હાર્ડકોપી માં નિયમીત ધોરણે રોજે રોજ ૨૪ કલાકની મર્યાદામાં જનરેટ કરી તેમની અલાયદી ફાઈલ બનાવી રેકર્ડ માં રાખવાની રહેશે તથા વિદેશી નાગરીકોની ડેટા એન્ટ્રી પથીક સોફટવેર ઉપરાંત FRRO Modual (IVFRT) સોફટવેર "C" ફોર્મ બન્ને માં કરવાની રહેશે આ કામગીરી અર્થે રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનુ કોમ્પ્યુટર રાખવું. જેમાં "PATHIK SOFTWARE" (PROGRAME FOR ANALYSIS OF TRAVELLER & HOTEL INFORMATIKS) ઈન્સ્ટોલ કરાવી રજીસ્ટરમાં થતી એન્ટ્રીઓ આ PATHIK સોફટવેરમાં પણ કરવાની રહેશે.

(૨) આ રોકાયેલ વિદેશી/ભારતીય મુસાફરોને મળવા આવતા સ્થાનીક/અન્ય ઈસમો/મુલાકાતીઓની અલાયદી નોંધ રાખી તેઓની અસલ ફોટો આઈ.ડી. ચેક કરી તેની નકલ મેળવી અને મુલાકાત કર્યાના સમયની ખાસ નોંધ તેની માહીતી જે તે ગ્રાહકના ફોટો આઈ.ડી. સાથે ફાઈલ કરવાની રહેશે સદર કાર્યવાહી કર્યા વિના કોઈ પણ વ્યકિતને, માલીક/સંચાલક કે વહીવટ કર્તા તેઓની હોટલ, ધાબા, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, મુસાફરખાનાને ભાડેથી રહેવા અથવા ધંધાકીય ઉપયોગમાં લેવા માટે આપી શકશે નહી.

(૩) દરેક હોટલ, ધાબા, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, મુસાફરખાનાઓમાં મુસાફરો આવે ત્યારે તમામ મુસાફરોની મેન્યુઅલ ગેસ્ટ રજીસ્ટર (Manual Guest Arrival-Depature Register) ઉપરાંત ઓનલાઈન વેબ પોર્ટલ https://pathik.guru માં જણાવેલ તમામ માહીતીની સચોટ ડેટા એન્ટ્રી તેઓના લીધેલ આઈ.ડી. પ્રુફ મુજબની પુરા નામ સરનામા સાથેની તાત્કાલીક કરવાની રહેશે (તમામ ભારતીય મુસાફરોની ફોટો આઈ.ડી. તરીકે તેઓના અસલ આધાર કાર્ડ/ચુટણી કાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ) ચેક કરી તેને અપલોડ કરવાના રહેશે ફોટો આઈ.ડી. પ્રુફ તરીકે ઝેરોક્ષ કોપી મેળવી તે ઉપર તેઓની સહી લેવાની રહેશે.

(૪) અજાણ્યા ભારતીય/વિદેશી વિઝીટર્સનુ બુકીંગ કરાવનાર વ્યક્તી/કંપની/સંસ્થા/વેપારી પેઢી વિગેરેના પુરા નામ સરનામા ટેલીફોન નંબર સહીતના નક્કર અધિકૃત પુરાવા મેળવવાના રહેશે.

(૫) અજાણ્યા/લોકલ રેફરન્સ સીવાયના ભારતીય/વિદેશી મુસાફરોને રાજકોટ શહેર માં કઈ જગ્યાએ કયા કામ માટે રોકવાના છે તેની વિગતો મેળવવાની રહેશે.

(૬) આવનાર તમામ મુસાફરોના મોબાઈલ નંબર/ઈ-મેઈલ આઈ.ડી. મેન્યુઅલ ગેસ્ટ રજીસ્ટર ઉપરાંત ઓનલાઈન વેબ પોર્ટલ https://pathik.guru માં નોંધવાના રહેશે અને આ મુસાફરોએ આપેલ મોબાઈલ નંબર સાચો છે કે કેમ? તે બાબતે હોટલ/લોજ ના નંબર થી કોલ કરી ખરાઈ કરવાની રહેશે.

(૭) હોટલ માં આવનાર કોઈપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક સ્થાનીક પોલીસ અથવા તો પોલીસ કંટ્રોલ રૂમ રાજકોટ શહેરને જાણ કરવાની રહેશે.

(૮) સી.સી.ટી.વી. કેમેરા તથા તેના ત્રણ માસ સુધીના રેકોર્ડીંગ ના બેકઅપ રાખવાનો રહેશે.

(૯) મુસાફરો જે વાહનમાં આવેલ હોય તે વાહનોના પ્રકાર, મેન્યુફેકચર કંપનીનું નામ, ટુ વ્હીલર/ફોર વ્હીલર અને રજીસ્ટર નંબરની નોંધ મેન્યુઅલ ગેસ્ટ રજીસ્ટર ઉપરાંત ઓન લાઈન વેબ પોર્ટલ https://pathik.guru માં નોંધવાના રહેશે.

(૧૦) આકસ્મીક આગ લાગે ત્યારે તે માટેના આગ ઓલાવવાના Fire Extinguisher પુરતા પ્રમાણમાં રાખવાના રહેશે.

(૧૧) ફાયર એન.ઓ.સી. ગુમાસ્તાધાર, ફુડ લાયસન્સ, પોલીસ, ઓફીસર વિઝીટ બુક, ઈમરજન્સી કોલ બુક, ભાડા કરાર અને ભાગીદારી કરાર વિગેરે લાગુ પડતા પ્રમાણપત્રો/દસ્તાવેજો મેળવી રીસેપ્શન કાઉન્ટર ઉપર રાખવાના રહેશે અને પોલીસ જ્યારે જોવા માંગે ત્યારે બતાવવાના રહેશે.

(૧૨) દરેક હોટલ, ધાબા, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, મુસાફરખાનાઓમાં કામ કરતા તમામ માલિકો/ભાગીદારો/મેનેજરો/રીસેપ્શનીસ્ટ એમ તમામ કર્મચારીઓના હાલના તથા વતનના નામ સરનામા અને મોબાઈલ નંબરોની અદ્યતન માહીતીની યાદી રીસેપ્શન પર રાખવાની રહેશે અને તમામ કર્મચારીઓના પોલીસ વેરીફીકેશન દર છ માસે કરાવી લેવાના રહેશે અને તેની એક નકલ રીસેપ્શન કાઉન્ટર ઉપર રાખવાની રહેશે.

(૧૩) હોટલ/પથીક સોફટવેર ને લગતી મહીતી/કામગીરી/સમસ્યા અંગે અથવા તો ડેટાએન્ટ્રી કરવામાં તકલીફ પડતી હોય અગરતો હોટલ/પથીક સોફટવેર બંધ આવતો હોય તો વિના વિલંબે તાત્કાલીક એસ.ઓ.જી. રાજકોટ શહેરનો સંપર્ક કરવાનો રહેશે તથા કોઈપણ સંજોગોમાં તમામ મુસાફરોની ડેટા એન્ટ્રી કરવાની બાકી રાખવાની રહેશે નહી.

**: અમલવારીનો સમય :**

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૦૭-૨૦૨૬ ના ક. ૦૦-૦૦ થી તા. ૩૧-૦૮-૨૦૨૬ ના ક. ૨૩-૫૯ સુધીનો રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: શિક્ષા :**

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એકટ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા પાત્ર થશે.

**: જાહેર વિજ્ઞપ્તિ :**

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ અકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તેમજ રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૨૯-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૯ માહે જુન, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

## સરકારી કચેરીમાં બિન અધિકૃત વ્યકિતઓને પ્રતિબંધ અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસ.બી./અનઅધિ. વ્યકિત પ્રવેશ/૩૯૧૩/૨૦૨૬.-પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પોલીસ કમિશ્નર કચેરી, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં આવેલ સરકારી કચેરીઓ, નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી રાજકોટ ગ્રામ્યની કચેરી, પંડીત દિન દયાળ સીવીલ હોસ્પીટલ, શહેર રાજકોટ મહાનગરપાલીકાની કચેરી, ઝોન-ઓફીસો અને કચેરીઓ, શહેર તથા તાલુકા મામલતદારશ્રીની કચેરી, બહુમાળી ભવનમાં સમાવિષ્ટ જુદી-જુદી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી (આર.ટી.ઓ.) માં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. તેમજ જયાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતાં હોય છે. તાજેતરમાં કેટલા બનાવો પરથી ઉકત તમામ કચેરી આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળામાં જાહેર જનતા પાસેથી છેતરપીંડી આચરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવૃતિઓ કરી ઉલ્ટી સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ ઠગાઈ જેવી પ્રવૃતિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

આથી, હું, બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબની મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ

હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)-ની કલમ-૨૨૩ મુજબ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરુ છું અને નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પોલીસ કમિશ્નર કચેરી, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં આવેલ તમામ સરકારી કચેરીઓ, નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્યની કચેરી, પંડીત દિન દયાળ સીવીલ હોસ્પીટલ, રાજકોટ શહેર મહાનગરપાલીકાની કચેરી હેઠળની તમામ કચેરી ઝોન-ઓફીસો, પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, પ્રાંત અધિકારીશ્રીની કચેરી, શહેર તથા તાલુકા મામલતદારશ્રીની કચેરી વિગેરે કચેરીઓ કે જયાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી રાજકોટ શહેરની સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલા હોય, કામ કરતાં હોય તેવા અગર વ્યાજબી કામે આવેલા હોય તે સીવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃતિ કરી રહેલ ઈસમોને પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**: અમલવારીનો સમય :**

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૦૭-૨૦૨૬ ના ક. ૦૦-૦૦ થી તા. ૩૧-૦૮-૨૦૨૬ ના ક. ૨૩-૫૯ સુધીનો રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: શિક્ષા :**

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**: જાહેર વિજ્ઞપ્તિ :**

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરાવવી તથા રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરની કચેરી ખાતે નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૨૯-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૯ માહે જુન, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

## CCTV કેમેરા અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૩૯૦૧/૨૦૨૬.-રાજકોટ શહેરમાં બહારના રાજ્યોમાંથી તથા દેશ બહારથી આંતકવાદી અને સમાજ વિરોધી તત્વો ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની પુષ્કળ અવર-જવર વાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી માનવ જિંદગીની ખુવારી ન થાય અને લોકોની માલ-મિલ્કતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલારૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા કિંમતી ડાયમંડના વેપારીઓ, આંગણીયા પેઢીના વ્યવસાયીકો તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થીયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગીક એકમો, મોટા ધાર્મીક સ્થળો વિગેરે જગ્યાઓ ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું. અને નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) રાજકોટ શહેરના સમગ્ર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ તમામ બેંકો, તમામ એ.ટી.એમ. સેન્ટરો, સોના-ચાંદી તથા ડાયમન્ડના કિંમતી ઝવેરાત વેંચનાર દુકાનો તથા શો-રૂમ તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, કોફીશોપ, કાફે, રેસ્ટોરેન્ટસ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, તથા વ્યવસાયિક સ્થલો કે જ્યાં બહારના માણસોને બેસવાની-રહેવાની સુવિધા પુરી પડાતી હોય તેવા સ્થળો તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગીક એકમો, મોટા ધાર્મિક સ્થળોના માલીકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશદ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સીકયુરીટી માટે મેટલ ડીટેકટર સાથે ફરજ ઉપર નિયુકત કરવાના રહેશે.

(૨) પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નીકળવાના દ્વાર, રીસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યાઓ તથા પાછળના વિસ્તારમાં તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તે રીતે દરેક ગેઈટ ઉપર ગેઈટ વાઈઝ તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા લગાડવાના રહેશે.

(૩) સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તાવાળા વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે. તથા આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ રાખવાના રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓની રહેશે. તેમજ પોલીસ દ્વારા જ્યારે-જ્યારે સી.સી.ટી.વી. ફુટેજ માંગવામાં આવે ત્યારે-ત્યારે કોઈપણ પ્રકારના વિલંબ વગર સી.સી.ટી.વી. ફુટેજ આપવાના રહેશે.

(૪) કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગના પાર્કીંગની અંદર દાખલ થતાં દરેક વાહનો જેવા કે મોટર કાર/ટુ-વ્હીલર વિગેરેનું ચેકીંગ કરવાનું રહેશે તેમજ તે દરેક વાહનની અંદર બેઠેલ વ્યક્તિઓનું સંપુર્ણપણે ચેકીંગ કરવાનું રહેશે.

(૫) દરેક કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગની માલીકી બદલાતી રહે છે આથી જયારે જયારે કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગના માલીકો બદલાય ત્યારે નવા ઓનર્સ દ્વારા તમામ ચેકીંગ યોગ્ય રીતે થાય તેની કાળજી

રાખવા અંગે નિયમો બનાવવા અને માલીકીની ફેરબદલી અંગેની જાણ સબંધીત પોલીસ સ્ટેશન તથા પોલીસ કમિશ્નર કચેરીમાં લેખીત દ્વારા કરવાની રહેશે.

(૬) કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગમાં આવતા માલસામાનનું પણ ચેકીંગ થવું જરૂરી છે. જેથી કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગમાં કોઈ કાયદાથી પ્રતિબંધિત માલ-સામાન, સ્ફોટક પદાર્થો આવી જતાં નથી તેનું નીરીક્ષણ પણ થવું જરૂરી છે જે અંગે પણ દરેક મોલ સંચાલકોએ કાળજી લેવી અને જરૂરી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૭) કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગમાં માલીકના ખર્ચે ખાનગી સીકયુરીટી રાખવી અનિવાર્ય રહેશે અને તેઓ સીકયુરીટી ચેકના નિયમોથી માહિતગાર હોવા જોઈએ અને તે અંગે તેઓ તાલીમબધ્ધ થયેલ હોવા જોઈએ તેમજ કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગની સુરક્ષા ૨૪×૭ કલાક જાળવવામાં આવે તે જોવાનું રહેશે.

(૮) કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગની મુલાકાત લેતી તમામ વ્યક્તિઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપુર્ણપણે કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગના માલીકોની રહેશે. કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગમાં એકસપ્લોઝીવ જેવા કાયદાથી પ્રતિબંધિત પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા ઉભી કરવાની રહેશે. તેમજ કોમર્શીયલ કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગના માલીક દ્વારા ચેકીંગ/સલામતિ વ્યવસ્થા સારૂ સ્નેફર ડોગ મારફત ઉભી કરવાની રહેશે.

(૯) હાલ હયાત તમામ ઉપરોક્ત એકમોએ આ જાહેરનામા પ્રસિધ્ધીની તારીખથી દિન-૭માં ઉપર મુજબની વ્યવસ્થા ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતાં એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે.

**: સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા :**

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ, સંપૂર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતા અને બહાર નીકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

(૪) તમામ પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૫) રીશેપ્શન કાઉન્ટર, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે ગોઠવવા.

**: અમલવારીનો સમય :**

આ હુકમનો અમલ તા. ૦૧-૦૭-૨૦૨૬ કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૮-૨૦૨૬ ના કલાક ૨૩-૫૯ સુધી

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિતને ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરાવવી તથા રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરની કચેરી ખાતે નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી.

આજ રોજ તારીખ ૨૯-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૯ માહે જુન, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) મુજબ અન્વયે કાઢેલ હુકમ**

## હથીયારબંધી જાહેરનામું

ક્રમાંક:એસબી/જાહેરનામું/૩૯૦૪/૨૦૨૬.-રાજકોટ શહેરની હાલની વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે તેમજ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત વિસ્તારમાં બનતાં ગુનાઓમાં છરી, ચપ્પા, ખંજર, રામપુરી ચપ્પા શસ્ત્રો, તલવાર, ભાલા, બંદૂકનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુના બનતા હોવાથી જાહેર જનતાની સુરક્ષા તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) મુજબ મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છુ અને રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**: પ્રતિબંધિત કૃત્યો :**

(૧) કોઈપણ શસ્ત્ર જેમ કે બંદુક, તલવાર, ભાલા, ખંજર, લાઠી તથા છરી/ચપ્પા તથા શારીરીત હિંસા પહોંચાડવામાં ઉપયોગ કરી શકાય તેવા કે હિંસા કરવાના આશયથી ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો જાહેર લાવવા-લઈ જવા કે પ્રદર્શન કરવા કે અન્ય રીતે જાહેરમાં સાથે રાખીને ફરવા ઉપર.

(૨) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યા ઉપર પ્રદર્શન, હવામાં ફાયર કરવા કે કોઈની સામે તાકવા પર કે તાકવાનો પ્રયત્ન કરવા પર તેમજ સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમૂદાયમાં જાહેર રીતે લાવવા-લઈ જવા ઉપર.

(૩) કોઈ પણ વ્યકિતના શરીરને હાનિ પહોચાડે તેવો સ્ફોટક પદાર્થ/ચીજ વસ્તુ લાવા-લઈ જવા ઉપર.

(૪) પથ્થરો અથવા બીજા શસ્ત્રો/યંત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના શસ્ત્રો/યંત્રો અથવા સાધનો લાવવા-લઈ જવા પર તથા એકઠા કરવા પર અથવા બીજા કોઈને આવુ કરવા ઉશ્કેરવા ઉપર.

(૫) આમ જનતામાં ભય ઉત્પન્ન થાય તેવા રેમ્બો છરા/ચપ્પુ કે ઘાતક છરા/ચપ્પુ લાવવા, રાખવા, વેચાણ કરવા, ખરીદ કરવા તેમજ ઓનલાઈન વેચવા કે ખરીદ કરવા પર.

(૬) કોઈપણ વ્યકિતનું પૂતળું બનાવવા કે બનાવવાનો પ્રયત્ન કરવા પર, કોઈપણ વ્યક્તિની આકૃતિ/ચિત્ર/પૂતળાં બાળવા, લટકાવવા, દેખાડવા કે ફાંસી આપવા પર કે આ પ્રકારનો પ્રયત્ન કરવા પર.

(૭) પ્રાઈવેટ સિકયોરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સવાળા હથિયારો સાથે લઈ પોતાની ફરજ સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા ઉપર.

(૮) ઝીગઝેગ પ્રકારના ચાઈનીઝ બનાવટના ચપ્પુઓ સાથે રાખવા અને વેચાણ કરવા ઉપર.

(૧૦) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા ફેલાવો કરવાથી, સુરૂચિ અથવા પ્રતિષ્ઠાનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો, નીશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

**: અમલવારીના સમય :**

આ હુકમનો અમલ ૦૧-૦૭-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૮-૨૦૨૬ ના કલાક ૨૩/૫૯ સુધી.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: અપવાદ :**

લેખિત પરવાનગી ધરાવતા વ્યક્તિઓને પરવાનગીની શરતો મુજબ આ હુકમ લાગુ પડશે નહીં.

(૧) આ જાહેરનામું જે વ્યકિતઓ સરકારી/અર્ધસરકારી નોકરીની કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીઓએ આવા કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યુ હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેને લાગુ પડશે નહીં.

(૨) પોલીસ કમિશ્નર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈ પણ અધિકારીઓએ જેને શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૩) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ અકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તેમજ રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ રોજ તારીખ : ૨૯-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૯ માહે જુન, સને ૨૦૨૬.

---

## જેલ સુરક્ષા અંગેનું જાહેરનામું

### ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક : એસ.બી./૧૪/જાહેરનામું/૩૯૦૨/૨૦૨૬.-જેલ અધિક્ષકશ્રી, રાજકોટ મધ્યસ્થ જેલ સાથે થયેલ પત્ર વ્યવહાર તથા વખતો-વખતના ગુપ્તચર અહેવાલ, સ્થાનિક પરિસ્થિતિ તેમજ તાજેતરના ગુન્હાઓને ધ્યાને લેતા જેલ પરિસરમાં મોબાઈલ ફોન, સિમ કાર્ડ અને અન્ય દૂરસંચાર ઉપકરણોના ગેરકાયદેસર ઉપયોગથી કેદીઓ/વિચારાધીન કેદીઓ દ્વારા ગુનાહિત પ્રવૃત્તિઓ, ફરાર થવાના પ્રયાસો, સાક્ષીઓને ધમકી, ખંડણી, સંગઠિત ગુના અથવા દેશવિરોધી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળવાની શકયતા રહેલી છે. આવી પરિસ્થિતિમાં માનવ જીવન, જાહેર સલામતી, આંતરિક સુરક્ષા તથા જેલ સુરક્ષાને જોખમ ઊભું થવાની સંભાવના છે. સામાન્ય ચકાસણી અને જેલ નિયમોની અમલવારી પૂરતી ન રહેતી હોવાથી તાત્કાલિક નિવારક પગલા જરૂરી જણાતા, હું સંતુષ્ટ છું કે BNSS, 2023 ની કલમ ૧૬૩ હેઠળ પ્રતિબંધાત્મક હુકમ કરવો આવશ્યક છે.

**: હુકમ :**

વાસ્તે હું, બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે, રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ રાજકોટ પોપટપરા મધ્યસ્થ જેલ પ્રિમાઈસીસમાં (સંકુલમાં) સલામતી અને સુરક્ષાના કારણોને ધ્યાને લઈ આ પ્રિમાઈસીસમાં કોઈપણ વ્યકિત મોબાઈલ ફોન, આઈપેડ કે દૂર સંચાર માધ્યમના અન્ય ગેઝેટ્સનો ઉપયોગ કરી શકશે નહીં અને મોબાઈલ ફોન કે સીમકાર્ડ કે દૂર સંચાર માધ્યમના અન્ય ગેઝેટ્સ સાથે રાખી શકશે નહીં તેમજ આવા કોઈ સાધનો/ગેઝેટ્સ સાથે જેલના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરી શકશે નહીં/કરશે નહીં.

**: અપવાદ :**

કોઈ પણ જાહેર રાજ્ય સેવક કે જે પોતાની ફરજના ભાગ રૂપે બંધાયેલ છે તેવી વ્યક્તિને તેની ફરજ દરમ્યાન આ હુકમ લાગુ પડશે નહીં.

**: અમલવારીનો સમય :**

આ હુકમ તા. ૦૧-૦૭-૨૦૨૬ ના ક. ૦૦-૦૦ થી તા. ૩૧-૦૮-૨૦૨૬ ના ક. ૨૩-૫૯ વાગ્યા સુધી

**: પ્રતિબંધિત વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળ રાજકોટ પોપટપરા મધ્યસ્થ જેલ પ્રિમાઈસીસમાં (સંકુલમાં) નો સમગ્ર વિસ્તારમાં રહેશે.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNSS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે રાજકોટ કમિશ્નરેટમાં વિસ્તારમાં ફરજ બજાવતા રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા(BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરૂ છું.

: જાહેર વિજ્ઞપ્તિ :

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરાવવી તથા રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરની કચેરી ખાતે નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૨૯-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૯ માહે જુન, સને ૨૦૨૬.

**બ્રજેશ કુમાર ઝા**
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર, રાજકોટ.

---

## ઈ.ચા. પોલીસ કમિશ્નર દ્વારા

## જાહેરનામું

ક્રમાંક : સીબી-૬/NH-8B/જાહેરનામું/૯૦૨/૨૦૨૬.-રાજકોટ-ગોંડલ-જેતપુર નેશનલ હાઈ-વેને ૦૪-લેનમાંથી ૦૬-લેન હાઈ-વેમાં અપગ્રેડ કરવામાં આવી રહ્યો છે. જેના ભાગરૂપે હાલમાં સોલવન્ટ પાસેના સર્વિસ રોડને આર.સી.સી. રોડ કરવા માટેનું કામ હાલમાં ચાલુ કરવામાં આવેલ છે, પરંતુ ત્યાં એક રોડ ક્રોસિંગને કારણે ટ્રાફિક રોંગ સાઈડમાં આવે છે. જેને કારણે ત્યાં ટ્રાફિક જામની સ્થિતિ ઉભી થાય છે અને કામ કરવામાં અવરોધ ઉભો થાય છે, જેના કારણે ગોંડલ રોડ નેશનલ હાઈ-વે ઢોલરાના પાટીયા સામેથી સોલન્ટ ફાટક તરફ જવા માટે રોડ ક્રોસિંગ કરવા માટે થોડા સમય માટે બંધ કરવા માટે તેમજ સોલવન્ટ ફાટક પાસે એલીવેટેડ બ્રીજ બનાવવાનું અને તેના માટે જરૂરી બીમ ગડર લગાવવાનું તથા બંન્ને બાજના સર્વિસ રોડને આર.સી.સી. રોડ બનાવવાનું કામ ચાલુ છે, જેથી સદરહું કામગીરી માટે ટ્રાફિકની સમસ્યા ઉભી ન થાય અને વાહનનો પ્રવાહ સરળતાથી પસાર થઈ શકે તે માટે ભારે/હેવી વાહનોને કોઠારીયા ચોકડી (હુંડકો ચોક) થી સોલવન્ટ ફાટક ગોંડલ તરફ ડાયવર્ટ કરવાની જરૂરીયાત હોય,

જેથી રાજકોટ-ગોંડલ રોડ નેશનલ હાઈ-વે ઢોલરાના પાયીટા સામેથી સોલવન્ટ ફાટક તરફ જવા માંગતા તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશ બંધ કરવા અને કોઠારીયા ચોકડી (હુડકો ચોક) થી સોલવન્ટ ફાટક ગોંડલ તરફ જતા માંગતા તમામ ભારે/હેવી વાહનોને બંધ કરી નીચે મુજબની વિગતે વૈકલ્પીક રૂટ/માર્ગ અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

: પ્રવેશબંધી રૂટ/માર્ગ :

- કોઠારીયા ચોકડી (હુડકો ચોક) થી સોલવન્ટ ફાટક ગોંડલ રોડ તરફ જવા માંગતા તમામ પ્રકારના ભારે/હેવી વાહનો માટે કોઠારીયા ચોકડી થી પ્રવેશબંધી રહેશે તેમજ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૮-B પર ઢોલરાના પાટીયા સામે સોલવન્ટ ફાટકની બંને તરફનો ક્રોસરોડ તમામ વાહનો માટે પ્રવેશબંધી રહેશે.

: વૈકલ્પિક રૂટ/માર્ગ :

- આજીડેમ ચોકડી તરફથી આવતા અને સોલવન્ટ ફાટક તથા ગોંડલ તરફ જવા માંગતા તમામ મોટા/હેવી/ભારે વાહનો કોઠારીયા ચોકડી ઓવર બ્રિજ ચડતા પહેલાના સર્વિસ રોડથી કોઠારીયા ચોકડી થઈ કોઠારીયા રોડ કોઠારીયા ગામથી શુભ-ચોકડી નવો ૧૫૦-ફુટ રોડ થી ભુવા ફાટક થી કોરાટ ચોક થઈ ગોંડલ રોડ તરફ જઈ શકશે.
- રાજકોટ-ગોંડલ નેશનલ હાઈ-વે ઢોલરાના પાટીયા સામેથી સોલવન્ટ ફાટક તરફ જવા માંગતા તમામ વાહનો રાજકોટ-ગોંડલ હાઈ-વે માલધારી ફાટકથી સોલવન્ટ ફાટક તરફ થઈ શકશે.
- સોલવન્ટ ફાટક તરફથી ગોંડલ તરફ જવા માંગતા તમામ વાનહો સોલવન્ટ ફાટકથી કોઠારીયા ગામ કોઠારીયા રોડ રંગ-મહેલ પાર્ટી પ્લોટથી નિરાલી ફૂડ મશીનરી ફેકટરી પાસેના ફાટકને ક્રોસ કરી ગોંડલ રોડ જય ખોડીયાર હોટલ પાસેથી ગોંડલ તરફ જઈ શકશે.
- સોલવન્ટ ફાટક તરફથી રાજકોટ શહેર તરફ જવા માંગતા તમામ વાહનો માલધારી ફાટકથી રાજકોટ શહેર તરફ જઈ શકશે.

આથી હું ચૈતન્ય માંડલીક, I/c. પોલીસ કમિશનર, રાજકોટ શહેર અમોને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ થી મળેલ સત્તાની રૂએ આજરોજ તારીખ : ૦૩-૦૬-૨૦૨૬ થી મારી સહી-સીક્કા કરી ઉપરોક્ત જણાવેલ વિગતોનું જાહેરનામું જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વાહન ચાલક મોટર વાહન અધિનીયમ-૧૯૮૮ ની કલમ-૧૮૩ અને કલમ-૧૮૪ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામુ ફરજ પરના પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ, શબવાહીની, ફાયર બ્રિગેડના વાહનો, રોડ-શોમાં જોડાયેલ તેમજ સરકારી વાહનોને આકસ્મીક સંજોગોમાં લાગુ પડશે નહીં.

રાજકોટ, ૦૩ માહે જુન, સને ૨૦૨૬.

**ચૈતન્ય માંડલીક**
I/c. પોલીસ કમિશનર
રાજકોટ શહેર

---

## જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૬૧/૨૦૨૬/૭૨૩-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી સુવઈ કલસ્ટર લેવલ ફેડરેશન વિવીધલક્ષી સહકારી મંડળી લી., મુ.પો. સુવઈ તા. રાપર, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સનેઃ૧૯૬૨ ના ગુજરાતના કાયદાઃ૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSEB202604286

ભુજ-કચ્છ, ૦૩ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૬૩/૨૦૨૬/૭૨૪-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી માતાનામઢ કલસ્ટર લેવલ ફેડરેશન વિવીધલક્ષી સહકારી મંડળી લી., મુ.પો. માતાનામઢ તા.

લખપત, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સનેઃ૧૯૬૨ ના ગુજરાતના કાયદાઃ૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSEB202604314

ભુજ-કચ્છ, ૦૩ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૬૫/૨૦૨૬/૭૨૫-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી રામપર અબઢા કલસ્ટર લેવલ ફેડરેશન વિવીધલક્ષી સહકારી મંડળી લી., મુ.પો. રામપર અબડા તા. અબડાસા, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સનેઃ૧૯૬૨ ના ગુજરાતના કાયદાઃ૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSEB202604317

ભુજ-કચ્છ, ૦૩ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૬૭/૨૦૨૬/૭૨૬-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી સ્ટાર ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મુ. પો. તા. અંજાર, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સનેઃ૧૯૬૨ ના ગુજરાતના કાયદાઃ૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSESH202604319

ભુજ-કચ્છ, ૦૩ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૬૯/૨૦૨૬/૭૨૮-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી ચાવડકા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ચાવડકા, પો. વિથોણ, તા. નખત્રાણા, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સનેઃ૧૯૬૨ ના ગુજરાતના કાયદાઃ૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSEMILK202604328

ભુજ-કચ્છ, ૦૪ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૭૧/૨૦૨૬/૭૩૩-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી બાંડીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. પો. બાંડીયા તા. અબડાસા, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સનેઃ૧૯૬૨ ના ગુજરાતના કાયદાઃ૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : REG/KUT/SE(MILK)49177/2026

ભુજ-કચ્છ, ૦૪ માહે જુન, સને ૨૦૨૬.

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૨૫/૨૦૨૬/૭૦૫-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી વજેપર સેવા સહકારી મંડળી લી., મુ. પો. વજેપર, તા. રાપર, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સનેઃ૧૯૬૨ ના ગુજરાતના કાયદાઃ૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSE202604226

ભુજ-કચ્છ, ૦૩ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૨૭/૨૦૨૬/૭૦૬-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી પોલડીયા સેવા સહકારી મંડળી લી., મુ. પો. પોલડીયા તા. માંડવી, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સનેઃ૧૯૬૨ ના ગુજરાતના કાયદાઃ૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSE202604254

ભુજ-કચ્છ, ૦૩ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૨૯/૨૦૨૬/૭૦૭-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી ગોધરા સેવા સહકારી મંડળી લી., મુ. પો. ગોધરા, તા. માંડવી, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સનેઃ૧૯૬૨ ના ગુજરાતના કાયદાઃ૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSE202604228

ભુજ-કચ્છ, ૦૩ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૩૧/૨૦૨૬/૭૦૮-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી વેકરા સેવા સહકારી મંડળી લી., મુ. પો. વેકરા, તા. માંડવી, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સનેઃ૧૯૬૨ ના ગુજરાતના કાયદાઃ૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSE202604229

ભુજ-કચ્છ, ૦૩ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૩૩/૨૦૨૬/૭૦૯-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી આમારા સેવા સહકારી મંડળી લી., મુ. પો. આમારા, તા. નખત્રાણા, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સનેઃ૧૯૬૨ ના ગુજરાતના કાયદાઃ૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSE202604250

ભુજ-કચ્છ, ૦૩ માહે જુન, સને ૨૦૨૬.

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૩૫/૨૦૨૬/૭૧૦-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી કાઠડા સેવા સહકારી મંડળી લી., મુ. પો. કાઠડા, તા. માંડવી, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સને:૧૯૬૨ ના ગુજરાતના કાયદા:૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSE202604255

ભુજ-કચ્છ, ૦૩ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૩૭/૨૦૨૬/૭૧૧-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી કુડા જામપર સેવા સહકારી મંડળી લી., મુ. પો. કુડા જામપર, તા. રાપર, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સને:૧૯૬૨ ના ગુજરાતના કાયદા:૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSE202604256

ભુજ-કચ્છ, ૦૩ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૩૯/૨૦૨૬/૭૧૨-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી સદગુરૂ સેવા સહકારી મંડળી લી., મુ. પો. મકડા, તા. માંડવી, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સને:૧૯૬૨ ના ગુજરાતના કાયદા:૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSE202604257

ભુજ-કચ્છ, ૦૩ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૪૧/૨૦૨૬/૭૧૩-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી નંદાસર સેવા સહકારી મંડળી લી., મુ. પો. નંદાસર, તા. રાપર, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સને:૧૯૬૨ ના ગુજરાતના કાયદા:૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSE202604262

ભુજ-કચ્છ, ૦૩ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૪૩/૨૦૨૬/૭૧૪-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી નાના લાયજા સેવા સહકારી મંડળી લી., મુ. પો. નાના લાયજા, તા. માંડવી, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સને:૧૯૬૨ ના ગુજરાતના કાયદા:૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSE202604261

ભુજ-કચ્છ, ૦૩ માહે જુન, સને ૨૦૨૬.

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૪૫/૨૦૨૬/૭૧૫-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી માલણમાં સેવા સહકારી મંડળી લી., મુ. પો. બીબર, તા. નખત્રાણા, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સને:૧૯૬૨ ના ગુજરાતના કાયદા:૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSE202604246

ભુજ-કચ્છ, ૦૩ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૪૭/૨૦૨૬/૭૧૬-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી વોંધ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. પો. વોંધ, તા. ભચાઉ, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સને:૧૯૬૨ ના ગુજરાતના કાયદા:૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSEMILK202604268

ભુજ-કચ્છ, ૦૩ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૪૯/૨૦૨૬/૭૧૭-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી નીંગાળ જુથ કલસ્ટર લેવલ ફેડરેશન વિવીધલક્ષી સહકારી મંડળી લી., મુ. પો. નિંગાળ, તા. અંજાર, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સને:૧૯૬૨ ના ગુજરાતના કાયદા:૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSEB202604263

ભુજ-કચ્છ, ૦૩ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૫૧/૨૦૨૬/૭૧૮-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી નખત્રાણા જુથ કલસ્ટર લેવલ ફેડરેશન વિવીધલક્ષી સહકારી મંડળી લી., મુ. પો. તા. નખત્રાણા, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સને:૧૯૬૨ ના ગુજરાતના કાયદા:૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSEB202604264

ભુજ-કચ્છ, ૦૩ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૫૩/૨૦૨૬/૭૧૯-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી પાન્ધ્રો કલસ્ટર લેવલ ફેડરેશન વિવીધલક્ષી સહકારી મંડળી લી., મુ. પો. પાન્ધ્રો, તા. લખપત, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સને:૧૯૬૨ ના ગુજરાતના કાયદા:૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSEB202604266

ભુજ-કચ્છ, ૦૩ માહે જુન, સને ૨૦૨૬.

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.: નધણ/ક-૨/૧૫૫/૨૦૨૬/૭૨૦-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી નલીયા કલસ્ટર લેવલ ફેડરેશન વિવીધલક્ષી સહકારી મંડળી લી., મુ. પો. નલીયા, તા. અબડાસા, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સને:૧૯૬૨ ના ગુજરાતના કાયદા:૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSEB202604279

ભુજ-કચ્છ, ૦૩ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૫૯/૨૦૨૬/૭૨૨-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી ઘડુલી કલસ્ટર લેવલ ફેડરેશન વિવીધલક્ષી સહકારી મંડળી લી., મુ. પો. ઘડુલી, તા. લખપત, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સને:૧૯૬૨ ના ગુજરાતના કાયદા:૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSEB202604284

ભુજ-કચ્છ, ૦૩ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૫૭/૨૦૨૬/૭૨૧-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી રામદેવ ટ્રાન્સપોર્ટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મુ. પો. તા. અંજાર, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સને:૧૯૬૨ ના ગુજરાતના કાયદા:૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSAVA202604280

ભુજ-કચ્છ, ૦૩ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૭૩/૨૦૨૬/૭૩૮-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી હરશક્તિ ટ્રાન્સપોર્ટ કન્ઝુમર્સ કો-ઓપરેટીવ સોસાયટી લી., મુ. પો. તા. રાપર, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સને:૧૯૬૨ ના ગુજરાતના કાયદા:૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTBHA202604338

ભુજ-કચ્છ, ૦૫ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.:નધણ/ક-૨/૧૭૫/૨૦૨૬/૭૩૯-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે શ્રી મીશ્રીનાથ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. પો. નાની ભાડાઈ, તા. માંડવી, જિ. કચ્છ ને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સને:૧૯૬૨ ના ગુજરાતના કાયદા:૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : REG/KUT/SE(MILK)/49178/2026

ભુજ-કચ્છ, ૦૫ માહે જુન, સને ૨૦૨૬.

**એમ. એલ. અગરવાલ**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૨૩૬/૨૦૨૬-નોંધણી નંબર : CSJAMKHESIN202604460-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જામનગર આથી જાહેર કરે છે કે, શ્રી શીર ખેડૂત પીયત સહકારી મંડળી લિમિટેડ, હડીયાણા, મુ. હડીયાણા, તા. જોડિયા, જિ. જામનગર.

સને-૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જામનગર, ૧૭ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૨૩૧/૨૦૨૬-નોંધણી નંબર : CSJAMSEM202604408-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જામનગર આથી જાહેર કરે છે કે, શ્રી વિકાસ સ્વસહાય મહિલા ઉદ્યમી વિવિધલક્ષી સહકારી મંડળી લિમિટેડ, મુ. શેઠ વડાળા, તા. જામજોધપુર, જિ. જામનગર.

સને-૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જામનગર, ૧૨ માહે જુન, સને ૨૦૨૬.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭/૧૦૮ ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) શ્રી એસ. એ. જાડેજા, ઓડિટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, જામનગરનો તા. ૧૪-૦૫-૨૦૨૬ નો ખાસ અહેવાલ.

(૪) સ્પેશ્યલ ઓડિટરશ્રી, (વધારાના) સહકારી મંડળીઓ, રાજકોટના પત્ર ક્રમાંક : અષણ/ખ-૨/૨૭/૨૦૨૬ તા. ૧૮-૦૫-૨૦૨૬નો પત્ર.

## વચગાળાનો આદેશ

ક્રમાંક : ફડચ/ક-૪/૨૦૨૬.-આથી હું એ.એમ.સિધ્ધપરા, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ,જામનગર અમોને ઉક્ત વંચાણે લીધા ક્રમાંક-૨ પરના જાહેરનામાંથી મળેલ સત્તા અને અધિકારીની રૂએ શ્રી લાલપુર તાલુકા સહકારી ખરીદ વેંચાણ સંઘ લી. મુ. લાલપુર તા. લાલપુર, જી. જામનગર કે જેના નોંધણી નંબર-સા.૪૫૩૬ નોંધણી તારીખ : ૨૪-૧૧-૨૦૧૧ ને આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭(૧) હેઠળ ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરૂ છુ.

સદરહું સંઘની ફડચાની કામગીરી કરવા સહકારી કાયદાની કલમ-૧૦૮ અન્વયે કચેરીના સહકારી અધિકારી(ફડચો) ની ફડચા અધિકારી તરીકે નિમણુક કરૂ છુ. નિયુક્ત ફડચા અધિકારીએ ફડચા અધિકારી તરીકે મંડળીના તમામ દફતર, માલ મિલ્કતનો ચાર્જ સંભાળીને ફડચાની તમામ કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

વધુમાં આદેશના વિરૂધ્ધમાં સંસ્થાએ જે કોઈ રજુઆત કરવાની હોય તો આ આદેશની તારીખથી દિન-૩૦ (ત્રીસ) ની અંદર નીચે સહી કરનાર સમક્ષ રૂબરૂમાં અગર લેખિતમાં રજુઆત કરવાની રહેશે. જો તેમ કરવામાં ચૂક થયે, મંડળીને ફડચામાં લઈ જવાના આ વચગાળાના આદેશને બહાલી આપતો અંતિમ આદેશ કરવામાં આવશે.

**એ. એમ. સિધ્ધપરા**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, જામનગર

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSJNG/0062/05/2026.-

નીચે મુજબની મંડળીઓ જણાવેલ નોંધણી નંબર થી સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓ-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે જણાવેલ તારીખે નોંધવામાં આવી.

| Promator | Cooperative Society Name | Place | Taluka | District | Registration Number | Registration Date |
|---|---|---|---|---|---|---|
| શ્રી જીલુબેન સલિમભાઈ સોલંકી | શ્રી સોમનાથ કલ્સ્ટર ફેડરેશન વિ. સ.મં. લી. | મેંદપરા | ભેંસાણ | જુનાગઢ | CSJUNSA202604200 | 25-05-2026 |

જુનાગઢ, ૨૨ માહે મે, સને ૨૦૨૬.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારના કૃષિ અને સહકાર વિભાગના સચિવાલય, ગાંધીનગરનાં જાહેરનામાં ક્રમાંકઃઘ/ખ/૨૦૦૫/એન.એસ. બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના વચગાળા આદેશ ક્રમાંક : ફડચ/ખ-૪/૪૨/૨૦૨૬ તા. ૧૫-૦૪-૨૦૨૬.

## અંતિમ આદેશ

જા.નં. ફડચ/૧૯૮૭૧/ખ-૪/૫૨/૨૦૨૬.-આથી હું એન. ડી. ગોહીલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જૂનાગઢ મને મળેલ સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તાધિકારની રૂએ શ્રી મારૂતી ગ્રાહક સહકારી ભંડાર લી. મુ.તા. વિસાવદર જિ. જૂનાગઢ કે જેના નોંધણી નં. ૪૫૭૭ તા. ૩૦-૦૪-૨૦૦૪માં નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું. સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો)ની નિમણુંક કરું છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીનો ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૩ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જૂનાગઢ, ૧૪ માહે મે, સને ૨૦૨૬.

**એન. ડી. ગોહિલ**
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ, જુનાગઢ.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે./૫૧/૨૦૧૧ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ. તા. ૨૧-૦૭-૨૦૧૧ થી પ્રાપ્ત અધિકાર.

(૩) શ્રી વી. એમ. પરમાર પ્રમાણિત ઓડીટર સ. મં. જુનાગઢ પેનલ નં. જુના-૯ તા. ૨૭-૦૯-૨૦૨૪ ના પત્રથી રજુ થયેલ શ્રી સુદામાપુરી સેવા સહકારી મંડળી લી., મુ. બેરણનો સને ૨૦૨૩-૨૪ નો ઓડીટ રીપોર્ટ.

(૪) ધી જુનાગઢ જિલ્લા સહકારી બેંક લી. જુનાગઢના તા. ૧૯-૦૩-૨૦૨૫, તા. ૨૬-૦૬-૨૦૨૫ અને તા. ૧૬-૦૨-૨૦૨૬નો પત્ર.

## વચગાળાનો હુકમ

જા.નં. સકક/ફડચ/ખ/ /૨૦૨૬.-આથી હું એસ.આર. અણીયાળીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પોરબંદર સરકારશ્રીના આમુખ-૨ જાહેરનામા અન્વયે હોદાની રૂએ સત્તા મુજબ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧) (૨) અન્વયે શ્રી સુદામાપુરી સેવા સહકારી મંડળી લી. મુ. બેરણ તા. પોરબંદર, જી. પોરબંદર જેના નોંધણી નંબર ૮૨૩૬ તા. ૦૧-૧૨-૧૯૭૨ થી નોંધાયેલ સરકારી સંસ્થા છે. જેને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરૂ છું. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી જુનાગઢ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. જુનાગઢને સદર અધિનિયમની કલમ-૧૦૮(૧) હેઠળ નિમણુંક કરૂ છુ.

ઉક્ત આદેશ સામે મંડળીને વાંધો હોય કે રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી દિવસ-૩૦ની અંદર નીચે સહી કરનાર ને સઘળા આધાર પુરાવા સહ લેખીત અને રૂબરૂ રજુઆત કરવાની રહેશે. મુદત દરમ્યાન કોઈ રજુઆત કરવામાં નહીં આવે તો આપની મંડળીને ફડચામાં લઈ જવાનો અંતીમ આદેશ કરવામાં જેની નોંધ લેવી.

પોરબંદર, ૦૩ માહે જુલાઈ, સને ૨૦૨૬.

**એસ. આર. અણીયાળીયા**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, પોરબંદર

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.નધણ/૦૧/ખ-૩/૫૮૧/૨૦૨૬.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મં ડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી કેશવ સેવા સહકારી મંડળી લી. મુ. કરદેજ, તા. જિ. ભાવનગરની સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG NO. CSBAVSE202604513

ભાવનગર, ૨૩ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.નધણ/૦૧/ખ-૩/૫૮૫/૨૦૨૬.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મં ડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી અન્નસેતુ ખરીદ વેચાણ અને રૂપાંતરણ સહકારી મંડળી લી. મુ. તળાજા, તા. તળાજા, જિ. ભાવનગરની સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG NO. CSBAVUSE202604549

ભાવનગર, ૨૯ માહે જુન, સને ૨૦૨૬.

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.નધણ/૦૧/ખ-૩/૫૭૬/૨૦૨૬.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી ભડલી મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ભડલી, તા. શિહોર, જિ. ભાવનગરની સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG NO. CSBAVSEMILK202604463

ભાવનગર, ૧૮ માહે જુન, સને ૨૦૨૬.

**એ. ડી. દેસાઈ**
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ
ભાવનગર

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.નધણ/૦૧/ક-૨/૧૮૦/૬૩૫/૨૦૨૬.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, આથી જાહેર કરે છે કે, શ્રી નાગનેશ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. નાગનેશ, તા. રાણપુર, જિ. બોટાદની સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG. NO. : CSBOTSEMILK202604574

બોટાદ, ૦૧ માહે જુલાઈ, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.નધણ/૦૧/ક-૨/૧૬૮/૬૨૩/૨૦૨૬.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, આથી જાહેર કરે છે કે, શ્રી ઓમકાર હેન્ડલુમ મહિલા કો. ઓપ. સો. લી. મુ. બોટાદ, તા. બોટાદ, જિ. બોટાદની સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG. NO. : REG/BOT/U-17955/2026

બોટાદ, ૧૭ માહે જુન, સને ૨૦૨૬.

**એ. ડી. દેસાઈ**
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ, બોટાદ

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0177/07 નં. REG/RAJ/U/17919/2026.-જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી ચામુંડા હાથવણાટ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૦ માહે જુલાઈ, સને ૨૦૨૬.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા કલમ-૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના Dt. 21-07-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH-51-2005-NSB-12-2002-3011-CH અને Dt. 26-08-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH-62-2011-NSB-12-2002-3011-CH

(૩) અત્રેની કચેરીના તારીખ-૨૦-૦૫-૨૦૨૬ ના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૨૧૮ થી ૨૨૬/૨૦૨૬ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

## અંતિમ આદેશ

આથી હું, ડો. બી. એન. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ-(૨) ના જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂએ તેમજ આમુખમાં જણાવેલ વિગતોને ધ્યાને લઈ શ્રી કે. એસ. ડીઝલ્સ લિ. રાજકોટનાં કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મું. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટ, નોંધણી નંબર : ૬૧૪૪, તારીખ : ૨૬-૦૨-૧૯૭૯ ને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા કરેલ વચગાળાના આદેશને કલમ-૧૦૭(૩) અન્વયે બહાલી આપતો આદેશ કરૂં છુ.

તેમજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેની કચેરીના શ્રી એસ. ડી. શિરોયા, મદદનીશ સહકારી અધિકારી, લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણુંક કરૂં છુ. જે અન્વયે સદરહું મંડળીનાં ફડચા અધિકારીશ્રીએ મંડળીની ફડચા અંગેની તમામ કામગીરી સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

**ડૉ. બી. એન. પટેલ**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
રાજકોટ

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSMRB/0070/06/2026.-આથી જાહેર કરવામાં આવે છે કે, રાજાવડલા કલસ્ટર લેવલ ફેડરેશન મહિલા ઉ. વિ.સ.મં.લી., મુ. રાજાવડલા, તા. વાંકાનેર, જિ. મોરબીને સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી ક્રમાંક : CSMORSA202604534, Dt. 24-06-2026 છે.

મોરબી, ૨૯ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSMRB/0057/06/2026.-આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી સખપર સેવા સહકારી મંડળી લી., મુ. સખપર, તા. ટંકારા, જિ. મોરબીને સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી ક્રમાંક : CSMORSE202604482, Dt. 20-06-2026 છે.

મોરબી, ૨૦ માહે જુન, સને ૨૦૨૬.

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSMRB/0059/06/2026.-આથી જાહેર કરવામાં આવે છે કે, આમરણ કલસ્ટર લેવલ ફેડરેશન મહિલા ઉદ્યમી વિવિધલક્ષી સહકારી મંડળી લી., મુ. આમરણ, તા. મોરબી, જિ. મોરબીને સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી ક્રમાંક : CSMORSA202604484, Dt. 20-06-2026 છે.

મોરબી, ૨૩ માહે જુન, સને ૨૦૨૬.

**બી. એન. પટેલ**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
મોરબી

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. : નધણ/ક-૩/૫૮/૭૬૯/૨૦૨૬.-આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી વણોદ કલસ્ટર મહિલા સ્વ-સહાય જુથ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. વણોદ, તા. દસાડા, જિ. સુરેન્દ્રનગરને સને-૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓનાં કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી ક્રમાંક : CSSRNSEB202604343, DATE 05-06-2026 છે.

સુરેન્દ્રનગર, ૦૫ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. : નધણ/ક-૩/૬૦/૭૬૭/૨૦૨૬.-આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી આણંદપુર કલસ્ટર મહિલા સ્વ-સહાય જુથ વિવિધલક્ષી સહકારી મંડળી લી., મુ. આણંદપુર, તા. ચોટીલા, જિ. સુરેન્દ્રનગરને સને-૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓનાં કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી ક્રમાંક : CSSRNSEB202604339, DATE 05-06-2026 છે.

સુરેન્દ્રનગર, ૦૫ માહે જુન, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. : નધણ/ક-૩/૫૯/૭૬૮/૨૦૨૬.-આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી હિરાસર કલસ્ટર મહિલા સ્વ-સહાય જુથ વિવિધલક્ષી સહકારી મંડળી લી., મુ. હિરાસર તા. ચોટીલા, જિ. સુરેન્દ્રનગરને સને-૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓનાં કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી ક્રમાંક : CSSRNSEB202604340, DATE 05-06-2026 છે.

સુરેન્દ્રનગર, ૦૫ માહે જુન, સને ૨૦૨૬.

---

**વંચાણે લીધા :**

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તા.૨૧-૦૭-૨૦૧૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૯ તથા નિયમ-૧૦

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૬૭/૨૦૨૪, તા. ૧૨-૦૨-૨૦૨૪.

(૪) લીકવીડેટરશ્રી જયશ્રી રાજ રાજેશ્વર દુધ ઉત્પાદક સ.મં.લી. ચોટીલાની તા. ૧૮-૦૮-૨૦૨૫ની દરખાસ્ત.

(૫) અત્રેની કચેરીના પ્રાથમિક જાહેરનામા ક્રમાંક ફડચ/ગ-૨/૫૧/૨૦૨૬ તા. ૨૩-૦૨-૨૦૨૬.

(૬) લીકવીડેટરશ્રી જયશ્રી રાજ રાજેશ્વર દુધ ઉત્પાદક સ.મં.લી. ચોટીલાની તા. ૧૬-૦૪-૨૦૨૬ની દરખાસ્ત.

## આદેશ

આથી હું, કે. કે. ચૌધરી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરેન્દ્રનગર ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૯ અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી જયશ્રી રાજ રાજેશ્વરી દુધ ઉત્પાદક સ.મં.લી. મુ. ચોટીલા તા. ચોટીલા જી. સુરેન્દ્રનગર જેનો નોંધણી ક્રમાંક : સે.દુ.૪૬૪૩૦ તા. ૩૦-૦૪-૨૦૨૨ છે. જેને પુનઃજીવીત કરવામાં આવે છે. અને આ મંડળીનો નોંધાયેલા પેટા નિયમો તથા નોંધણી નંબર યથાવત ચાલુ રહેશે.

**કે. કે. ચૌધરી**
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ
સુરેન્દ્રનગર

---

Government Press & Stationery, Rajkot.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.07.30 09:16:36 IST